# જૈસલમેર પંચતીર્થી નો ઇતિહાસ

लेखक: पू० मुनिराज प्रकाश विजय जी म०सा०

# શ્રી જૈસલમેરની પંચતીર્થી

## અને તેનો

# ઇતિહાસ


હિંદી લેખક

પૂ. મુનિ. પછી આ.) શ્રી પ્રકાશવિજયજી મ. સા.



પ્રકાશક

શ્રી જૈસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ

જૈનશ્વેતાંબર ટ્રસ્ટ, જૈસલમેર(રાજ.)

પ્રકાશક :
શ્રી જૈસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ
જૈન શ્વેતાંબર ટ્રસ્ટ,
જૈસલમેર.

મુદ્રક :
પ્રગતિ મુદ્રણાલય
નરોડા રોડ,
અમદાવાદ–૨

એપ્રિલ ૧૯૮૦ ગુજરાતી બીજી આવૃત્તિ : પ્રત ૩૦૦૦

---

## વિષયનિર્દેશ


| | |
|---|---|
| **પોકરણ** | ૧ |
| **જૈસલમેર** | ૩ |
| ભૌગોલિક | ૬ |
| સ્વર્ણયુગ | ૧૦ |
| ઓસવાલ જાતિનો ઇતિહાસ | ૧૪ |
| શહેરનાં મંદિરો | ૧૭ |
| કિલ્લાનાં મંદિરો | ૨૦ |
| કુળદેવીઓનું અદશ્ય થવું | ૩૧ |
| શેઠ પાંચાનાં કાર્યો | ૩૭ |
| સાંડાશાનો ચમત્કાર | ૪૬ |
| જૈસલમેરના જ્ઞાન ભંડારો | ૫૭ |
| ઉપાશ્રયો | ૬૪ |
| **અમરસાગર** | ૬૬ |
| **લોદ્રવા–પાટણ** | ૭૦ |
| **બ્રહ્મસર** | ૮૦ |
| **દાદાસ્થાન** | ૮૩ |
| **સ્તવનો** | ૮૫ |

# મારી (પોતાની) વાત

મનુષ્યનું મન અનેકાનેક સુંદર ભાવનાઓ તથા વિચારોનો અક્ષય ભંડાર છે. ક્યારે કયે વખતે, કયો વિચાર યા ભાવ, ઘટનાઓ તથા પરિસ્થિતિઓની અનુકૂળતા પ્રાપ્ત કરીને કાર્ય રૂપે સામે આવી જાય, તેનો અંદાજ કાઢવો એ મહામુશ્કેલ કાર્ય છે પરંતુ એકદમ જ જ્યારે કોઈ કાર્ય સરસ થઈ જાય છે, જે અંગે કોઈ કલ્પના પણ હોતી નથી, ત્યારે એક સુંદર આશ્ચર્ય થાય છે. મારા વડે આ પુસ્તક લખાવું—એ મારા જીવનની એક આવી જ ઘટના છે.

સં. ૨૦૨૪ નું લુધિયાણા (પંજાબ) માં કરેલ ચાતુર્માસ હું ભૂલી શકતો નથી, કારણકે તે વખતે મારા મનમાં જૈસલમેરની યાત્રા કરવાના ભાવ જાગ્રત થયા. ચાતુર્માસ પૂર્ણ થતાં જ વિહાર કરી બડૌતમાં આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહરાજ સા. ના દર્શન કરી આ મ. ની સાથે હસ્તિનાપુર તીર્થ ગયો ત્યાં શ્રી જૈન શ્વેતાંબર મહાસભા—ઉત્તર પ્રદેશનું પાંચમું અધિવેશન લુધિયાણા—નિવાસી શ્રી ધર્મપાલજી ઓસવાલની અધ્યક્ષતામાં તા. ૧૪–૧–૬૮ ના રોજ ભરાયું હતું. તે સમયે સમાજને જાગ્રત તથા ઉત્સાહિત કરવાને આ મહારાજે ઉપદેશ આપતાં કહ્યું હતું કે "આજના યુગમાં માનવનું સૌથી મહત્ત્વપૂર્ણ તથા મુખ્ય કર્તવ્ય એ છે કે 'સમાજ તથા ધર્મનું રક્ષણ કરવું'—આ પવિત્ર કાર્યમાં કોઈએ પણ પાછળ રહેવું જોઈએ નહિ."

આ પ્રમાણે સભાને ધર્મોપદેશ દઈને આ. મ. બડૌત પાછા ફર્યા. બધા સાધુઓ તેમની સાથે પાછા આવ્યા. અહીં પાંચ સાધુઓને વડી દીક્ષા આપીને હું દિલ્હી થઈને જયપુર પહોંચ્યો.

જયપુરમાં વ્યાખ્યાન આપતાં મેં કહ્યું કે "જૈસલમેર જેવા પ્રાચીન તીર્થમાં શાશ્વતી ઓળી (આયંબિલ) નો કાર્યક્રમ મહાન

લાભકારી થઈ શકે તેમ છે." આ ઉપદેશને કારણે કેટલાક ઉત્સાહી લોકોના મનમાં ઓળીજી અંગેના નિશ્ચયની ભાવના જાગ્રત થઈ. જ્યારે અમે તા. ૩૧–૩–૬૮ના રોજ અહીં પહોંચ્યા, તો ઓળીજીનો શાનદાર કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો, તેમાં સાત વર્ષ સુધીનાં બાળકોએ પણ આયંબિલ કર્યાં. લોકોના મનમાં ઓળીજીના ઉપદેશે ઘણો ઉત્સાહ ભરી દીધો હતો. તે વખતે જૈસલમેરની પૂરેપૂરી યાત્રા કરી તથા તેનાં ભવ્ય ભુવનો, કલાત્મક મૂર્તિઓ તથા સર્વોત્તમ શ્રેષ્ઠ જ્ઞાનભંડારોને જોઈને મારા મનમાં આ તીર્થનો એક પ્રામાણિક ઇતિહાસ લખવાનો વિચાર આવ્યો. મારા આ વિચારને મંત્રી શ્રી કુંદનમલજી જિન્દાણીએ સમર્થન આપ્યું અને શ્રીમાનમલજી ચોરડિએ બધી સામગ્રી ભેગી કરીને મને આપી અને મેં બધાં સાધનો ભેગાં કરીને ઇતિહાસને મારી યાત્રા દરમિયાન લખ્યો અને આજે જ્યારે આ તૈયાર કરીને આપ બધાની સમક્ષ મૂકું છું ત્યારે મારા પ્રયત્નને સાર્થક થયેલ સમજું છું.

આના વાચકોને એ કહી દેવાનું હું ઉચિત સમજું છું કે આ પુસ્તક જૈસલમેરની પંચતીર્થીનું ફક્ત વર્ણન નથી—આવું વર્ણન તો 'જૈસલમેર પંચ તીર્થયાત્રા' તથા 'જૈન તીર્થસ્થાન જૈસલમેર' પુસ્તકોમાં છે. આ પુસ્તક ઇતિહાસ છે. આમાં આપને પ્રાચીન તીર્થસ્થાનોની ઐતિહાસિકતાનાં પ્રમાણો તેને સંબંધિત સંવત, તિથિ તથા પ્રચલિત કથાઓનું રોચક વર્ણન મળશે. સાથે સાથે વિભિન્ન સ્થાનો સાથે સંબંધ ધરાવતાં જુદાં જુદાં સ્તવનો પણ આપવામાં આવે છે. આ સ્તવનો જુદે જુદે સમયે આ સ્થાનોની યાત્રા કરનાર ભાવિક સાધુઓ તેમજ કવિઓએ લખ્યાં છે. તેથી વાંચનાર એકીસાથે ઇતિહાસ તથા સ્થળના રોચક વર્ણનનો આનંદ મેળવી શકે છે.

આ પુસ્તકને પ્રેસમાં આપતાં પહેલાં જે જે ભાગ્યશાળીઓ અને સ્નેહીજનોનો સહયોગ મળેલ છે, તે બધાનો હું આભારી છું તથા બધા સુવિજ્ઞ વાચકો પ્રત્યે સદા આભારી રહીશ જે તેને વાંચીને મને પોતાનાં સૂચનોથી બીજી આવૃત્તિને વધુ સુંદર અને ઉપયોગી બનાવવામાં સહકાર આપશે. —**પ્રકાશવિજય**

જેઠ સુદી ૮ સં. ૨૦૨૫

બિકાનેર (રાજ.)

## તીર્થોની મહત્તા

ભૂતકાળના સમયનો ઇતિહાસ તથા ઘટનાઓનું દિગ્દર્શન કરવામાં 'તીર્થ' એક મહત્ત્વપૂર્ણ કાર્ય પૂર્ણ કરે છે. સાથે સાથે તે સમયની સંસ્કૃતિ, કલા તથા શિલાલેખ વગેરે વર્તમાન સમયમાં સમન્વય કરાવવામાં ઉપયોગી નીવડે છે.

તીર્થસ્થળનાં દર્શનથી હૃદયમાં પવિત્ર આનંદની લહેરો દોડે છે, હૃદય ભક્તિથી તરબોળ બને છે.

તીર્થસ્થળોની પ્રભુની શાંત મુદ્રા હૃદયમાં સુદૃઢ તથા શાંતિની પવિત્ર ધારા વહેવડાવે છે.

પૂર્વજોના ગૌરવમય અસ્તિત્વનો પરિચય તીર્થસ્થળનાં દર્શનથી પ્રાપ્ત થાય છે.

તીર્થ માનવીને પવિત્ર ઉત્તમ ક્ષમાદિધર્મ, વિશુદ્ધ સમ્યગ્ દર્શન, નિર્મળ સંયમ તથા યથાર્થ જ્ઞાનની પ્રાપ્તિની પ્રેરણા અર્પે છે.

—**ચાંદમલ સીપાણી**

# લેખક પરિચય

## (પૂ. મુનિરાજ શ્રી પ્રકાશવિજયજી મહારાજ સાહેબ)

ભારતીય સંસ્કૃતિની શ્રેષ્ઠતાનું એકમાત્ર રહસ્ય હોય તો તે આ દેશની સંતપરંપરા છે. સમયે સમયે સંતોએ પોતાની સાધનાથી સંસ્કૃતિની સુંદર ઉન્નતિ કરેલ છે. આ સંતપરંપરામાં શ્રીમદ્ વિજયાનન્દસૂરિજી (શ્રી આત્મારામજી મહારાજ)નું સ્થાન વિશિષ્ટ છે. તેમના શિષ્ય પંજાબકેસરી યુગવીર સ્વનામધન્ય આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીના વ્યાપક ઉદાર દૃષ્ટિકોણે જૈન શાસનને નવી દિશા દર્શાવી. સ્વર્ગીય આચાર્ય શ્રી વિજયલલિતસૂરીશ્વરજી તેમના શિષ્ય હતા. તેમણે ગોડવાડ પ્રદેશમાં શૈક્ષણિક જાગૃતિનો શંખનાદ કર્યો. તે પરંપરામાં આચાર્ય શ્રી પૂર્ણાનન્દસૂરિજીના શિષ્ય **શ્રી પ્રકાશવિજયજી**ના નામનો ઉલ્લેખ કરવાનું સમયસર અને યોગ્ય ગણાશે. પોતાના ધ્યેયના મક્કમ અને દૃઢ મતિવાળા ઉગ્ર તપસ્વી મુનિવર્યે છેલ્લાં કેટલાંક વર્ષોથી ઉત્તર પ્રદેશને જ પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું છે. તેમના સતત પરિશ્રમ અને અતૂટ સાધનાના ફળસ્વરૂપે હસ્તિનાપુર તીર્થનો વિકાસ, બાલાશ્રમની સ્થાપના અને દાદાવાડી વગેરે થયેલ છે. ઉત્તરપ્રદેશમાં કમ્પીલા તથા ફરૂખાબાદ વગેરે સ્થળે જીર્ણોદ્ધારના કાર્યની પ્રેરણાનો યશ તેમને ફાળે જાય છે.

તેઓ તપસ્વી તથા સૌમ્ય સ્વભાવના છે. દીક્ષા લઈને છેલ્લાં ૨૫ વર્ષોમાં સમાજમાં સારી જાગૃતિ પેદા કરી છે. પંજાબની ભૂમિ પર ઉપધાન તપના શ્રીગણેશ પ્રથમ તેમણે જ કર્યા હતા. પોતે તપશ્ચર્યા કરે અને બીજાઓને તપશ્ચર્યા કરવાની પ્રેરણા આપતા રહે છે. આજે પણ આઠમો વર્ષીતપ ચાલુ છે.


ઉજ્જડ બનેલ ક્ષેત્રોને પુનઃ સજીવન કરવાં—એ તેમના જીવનનું લક્ષ્ય છે.- જૈસલમેર પંચતીર્થીનો ઇતિહાસ લખવા પાછળ તેઓશ્રીનો આ દષ્ટિકોણ છે. અમે તેમના પ્રતિ પૂર્ણ કૃતજ્ઞ છીએ કે તેમણે પરિશ્રમ કરી આ ઇતિહાસ લખી તેને પ્રકાશિત કરાવવાનો ભાર અમારા પર મૂકયો અને ગુરુદેવની કૃપાથી અમે તેને પૂરું કરવા સમર્થ થયા છીએ.

આપ જેવા કર્મઠ, ઉદારચિત્તવાળા તપસ્વી પાસેથી સમાજ ઘણી ઘણી આશાઓ રાખે છે.

જાનેવારી ૧૯૭૦ —ચાંદમલ સીપાણી




જીનાલય મંડિત કલાપૂર્ણ દુર્ગ, જૈસલમેર




દુર્લભ તાડપત્રો ઉપર આકર્ષક ચિત્ર


ખરતરગચ્છીય શ્રી જીનભદ્ર સૂરી જ્ઞાન ભંડાર, દુર્ગ જૈસલમેર



જવાહર પેલેસ જૈસલમેર




કાષ્ટ પટ્ટિકાઓ ઉપર આદિ પ્રાચીન મનમોહક ચિત્રો
ખરતરગચ્છીય શ્રી જીનભદ્ર સૂરિ જ્ઞાન ભંડાર




જુનું પોકરણ દેરાસર



સંઘવી શેઠ પ્રતાપચંદજી હિમ્મતમલજી બાફના (પટુઆ) એ બનાવેલ જૈન દેરાસરનો બહારનો ભાગ અમર સાગર (જૈસલમેર)



મહા આકર્ષક લૌદ્રવપુરનું મંદિર



શ્રી સુપાર્શ્વનાથ (તપાગચ્છ) જૈન શ્વેતામ્બર મંદિર

# જૈસલમેરની પંચતીર્થી

## પોકરણ

જૈસલમેરની યાત્રા સ્વયમેવ પણ એક સુખદાયક અનુભૂતિ છે. યાત્રાની શરૂઆત જોધપુરથી આગળ વધીને પોકરણ થઈને રેલવે સ્ટેશન જૈસલમેરથી થાય છે. પોકરણ નગર પણ પોતાની પ્રાચીનતાને લીધે ઇતિહાસપ્રસિદ્ધ છે, છતાં પણ આજે ત્યાં આંગળીના વેઢે ગણાય તેટલી જૂજ વસ્તી છે, તેમાં જૈન કુટુંબ તો એક પણ નથી. તેમ છતાં પણ આ નગરની શાલીનતા તેમજ ભવ્યતાને જોઈને એની સમૃદ્ધિ તથા શ્રેષ્ઠતાનું સહજ અનુમાન કરી શકાય છે. આ બધું એ નિશ્ચિત ઠરાવે છે કે આ નગરના રહેવાસીઓ ઉચ્ચ પંક્તિના કલાપ્રેમી તેમજ પ્રાચીન સંસ્કૃતિના પૂજારી તથા રક્ષક હતા.

પોકરણ નગરની વિશાળતા, ત્યાંની મોટી મોટી હવેલીઓનું કલાકૌશલ્ય, વિવિધ બજારોના ઠાઠમાઠ વગેરે અવનવા પ્રકારના છે. તેનું સૌંદર્ય તથા તેની ભવ્યતા આજે પણ યાત્રિકોને મોહ પમાડે

છે. અહીં પણ એક જમાનામાં શાહુકારીનો વ્યવસાય ઉચ્ચ કક્ષાએ ચાલતો હતો. પોકરણમાં જૈન સમાજે નિર્મિત કરેલ ત્રણ જિન મંદિરો, બે ઉપાશ્રય તથા એક પૌષધશાળા ઓસવાલોના વાસમાં નજરે પડે છે.

પોકરણમાં **ત્રણ જિનમંદિર** છે. ૧. શ્રી આદિનાથનું ૨. ચિંતામણિ પાર્શ્વનાથનું તથા ૩. શ્રી પાર્શ્વનાથનું ખૂબ મોટું મંદિર છે.

આ ત્રણે મંદિરો સોળમી શતાબ્દીમાં બંધાયેલાં છે: ૧. શ્રી આદિનાથના મંદિરની પ્રતિષ્ઠા વિ. સં. ૧૫૭૬માં તથા બીજા મંદિરની પ્રતિષ્ઠા જે પહેલાં શ્રી શાંતિનાથજીના મંદિર તરીકે પ્રસિદ્ધ હતું, પહેલી વાર સંવત ૧૫૪૮માં અને ત્યારપછી ફરીથી સંવત ૧૮૫૬માં થઈ હતી.

ત્રીજા મંદિરની પ્રતિષ્ઠા પણ બે વાર થઈ. એક તો સંવત ૧૫૪૮માં અને બીજી વાર સંવત ૧૮૮૩માં. શ્રી પાર્શ્વનાથજીનાં બન્ને મંદિરોનો જીર્ણોદ્ધાર થયા બાદ તેની પુનઃ પ્રતિષ્ઠા થઈ હતી.

મંદિરોમાં દાદા કુશલસૂરિજીના પીળા પથ્થરમાં અંકિત થયેલાં મોટાં પગલાં છે તથા જોધપુર સડક પર આવેલ અતિ પ્રાચીન દાદાવાડીમાં દાદા કુશલસૂરિજીનાં પગલાં છે.

શહેરની પશ્ચિમ તરફ તળાવ પર દાદાવાડી આવેલ છે. પરંતુ આજે ત્યાં પગલાં નથી, એથી એ માનવાને કારણ મળે છે કે જંગલ હોવાને કારણે પગલાં બીજી જગ્યાએ લઈ જઈને ત્યાં બિરાજમાન કરવામાં આવ્યાં છે.

હાલ આ ત્રણે મંદિરોની વ્યવસ્થા **જૈસલમેર લૌદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર ટ્રસ્ટ** કરે છે. મંદિરોનો યોગ્ય વહીવટ કરવા માટે ટ્રસ્ટે મુનિમ વગેરે કાર્યકર્તાઓને ત્યાં નીમેલ છે.

# જૈસલમેર

> जैसलमेर जुहारिये, दुःख वारिये रे ।
> अरिहंत बिंब अनेक तीरथ ते नमुं रे ॥
>
> (સમયસુંદર તીર્થમાળા)

જૈસલમેરથી થોડે અંતરે આવેલ પોકરણ નગરને જોઈ લીધા પછી યાત્રીના મનમાં જૈસલમેરનાં દર્શન કરવાની જિજ્ઞાસા, લાલસા વધુ ને વધુ બળવાન બનવા લાગે છે. એક તો યાત્રીની નજર ત્યાંના ભવ્ય વિશાળ કિલ્લા પર ચોંટી રહે છે. કિલ્લાની ગગનચુંબી ઊંચાઈ, ત્યાંની સુદૃઢતા તથા વિશાળતા જોઈને યાત્રી મોહિત થઈ જાય છે. જેમ જેમ બસ નગરની પાસે આવતી જાય છે, તેમ તેમ નગરનું આકર્ષણ સામે આવવા લાગે છે. નગરનું સૌંદર્ય આંખે વળગે છે.

નગરની બહાર વિશાળ પાળ વડે બંધાયેલ **ગઢસીસર** નામનું તળાવ પણ નજરે ચઢે છે. અહીંથી જે દૃશ્ય દેખાય છે તે જેટલું સુખદાયી છે, તેટલું જ રોમાંચકારી છે. સેંકડોની સંખ્યામાં રંગબેરંગી વસ્ત્રાભૂષણોથી સુસજ્જિત થયેલ સુંદર સુંદર પનિહારીઓ પોતાના માથા ઉપર તાંબા, પિત્તળ તથા માટીનાં બેડાં ઊંચકીને કાંઈક ગીતોનું ગુંજન કરતી કરતી પોતાનાં ઘર તરફ આવતી દેખાય છે. પનઘટ તથા પનિહારીનું આ દૃશ્ય યાત્રિકોના આકર્ષણનું એક કેન્દ્ર બની જાય છે. અનેક કવિઓએ આ દૃશ્યને પોતાનાં કાવ્યોમાં ઉતારેલ છે. '**પનિહારી**' નામનું પ્રસિદ્ધ કાવ્ય અહીં લખવામાં આવેલ છે એવી પ્રતીતિ થાય છે.

નગરમાં આવેલ પીળાં મકાનોની વચમાં કોઈ કોઈ જગ્યાએ કેટલીક વિશાળ હવેલીઓનાં શિખર એવાં તો સુંદર જણાય છે કે જાણે સોનાનાં ઘરેણાંથી સુસજ્જિત થયેલ એક સુંદરીના રૂપમાં નગર પોતે ન હોય? વિશાળ કિલ્લા રૂપી કપાળ (ભાલ) ચારે બાજુએ ફેલાયેલ–પથરાયેલ હોય તેવાં કલાપૂર્ણ મકાનો આ સુંદરીનાં અંગઉપાંગની જાણે રચના કરતાં ન હોય! આવી અનુપમસુવર્ણસુંદરીથી અરે! કોણ લોભાતું નથી?

ગઢસીસર તળાવથી આગળ જેમ જેમ યાત્રી વધે છે, તો તેની દૃષ્ટિ કિલ્લાના બુરજો પર પડે છે. તેનું મન પણ એટલું જ ઊંચે ચડે છે, જેટલા કિલ્લાના બુરજો. કિલ્લાની મધ્યમાં આવેલાં પાંચ-સાત મંદિરોનાં ઉચ્ચ શિખરો યાત્રીના મનને કુતૂહલથી ભરી દે છે. આ કુતૂહલ સુખની વૃદ્ધિ માટે યાત્રીને ઝડપી બનાવે છે અને તે કિલ્લાની નજદીક આવી પહોંચે છે.

જેવી યાત્રીઓની બસ સ્થાનિક જેલની દીવાલ પાછળ બસ સ્ટેન્ડ પર આવી પહોંચે છે, ત્યાં તો મજૂરોના અવાજથી તેના કાન ભરાઈ જાય છે.

**મહાવીર ભવન**ના પટાવાળાના અવાજ તથા બીજા મુસાફરોની ભીડ અંગે એવું તો કુતૂહલ જણાય છે કે યાત્રીને આશ્ચર્ય થયા વિના રહેતું નથી.

યાત્રીઓનો સામાન હાથગાડી પર મૂકીને સીધા મહાવીર ભવન તેમને પહોંચાડી દેવામાં આવે છે. પોતાના સામાનની સાથે યાત્રિક રસ્તામાં આવતી ભવ્ય કલામય ગગનચુંબી ઈમારતોને જુએ છે અને સાંકડી લાંબી ગલીઓમાંથી પસાર થાય છે, ત્યારે તે મનની પ્રસન્નતા અને ઉલ્લાસનો અનુભવ કરે છે અને તે મનમાં વિચારે છે કે તેના મગજમાં આવા દર્શનીય સ્થાન (જૈસલમેર) અંગે કેવાં ભ્રમણાનાં ભૂત ભર્યાં હતાં!

જ્યારે તે રાખેચોંની ગલી પસાર કરી કાછવા તથા વર્ધમાન પાડા (મહોલ્લો)ની પાસેથી પસાર થઈ, **મહાવીર ભવનના** દરવાજા સન્મુખ આવી ઊભો રહે છે, ત્યારે તેને મહાવીર ભવનને અડતી ગગનચુંબી મહેલોની હવેલીઓ દષ્ટિગોચર થાય છે. આ વિશાળ તેમજ કલાપૂર્ણ હવેલીઓને પેટ ભરીને જોવાની તમન્નાને દબાવીને તે મહાવીર ભવનમાં પ્રવેશે છે.

મહાવીર ભવનમાં પહોંચ્યા પછી, તેને સર્વ પ્રથમ ટ્રસ્ટના કાર્યાલયમાં પોતાનું નામ, સરનામું વગેરે લખાવવું પડે છે. આ ભવનમાં હંમેશ આવતા યાત્રિકો આરામપૂર્વક રહે છે. અહીં પાણીનો નળ, વીજળી, ફોન, ભોજનશાળા વગેરે બધી આધુનિક સગવડતા ઉપલબ્ધ છે. યાત્રિકોને અધિક લાભ મળે તે ખ્યાલથી આ ભવનમાં એક દેરાસર બાંધવામાં આવેલ છે. તેમાં મૂળનાયક શ્રી ધર્મનાથ ભગવાન બિરાજમાન છે. તેમની પ્રતિષ્ઠા સંવત ૨૦૨૭ના ફાગણ સુદ ૪ના રોજ થઈ છે.

હરહંમેશ આવતા યાત્રિકો સિવાય જે મોટા સંઘ આવે છે, તે **જૈન ભવનમાં** રહે છે. આ ભવનમાં બે હજાર યાત્રાળુઓ આરામથી રહી શકે છે.

ત્યાર પછી પોતાનાં નિત્યક્રમથી પરવારીને યાત્રાળુ શહેરનાં મંદિરોમાં પૂજા-સેવા કરવા માટે જલદી તૈયાર થઈ જાય છે, કારણ કે તે મંદિરો જોવા માટે તેને તાલાવેલી લાગે છે. ધીમે ધીમે તે ભૂતકાળના ભ્રમમાંથી મુક્ત બને છે.

કિલ્લો તથા શહેરમાં થઈને કુલ ૧૩ મંદિર તથા દેરાસરો તેમજ ૧૮ ઉપાશ્રયો છે. મંદિરોમાં સૌથી મોટું મંદિર શ્રી પાર્શ્વનાથ પ્રભુનું છે. મંદિરોના દર્શનથી યાત્રાળુનું મન પવિત્ર વિચારોથી તરબોળ બની જાય છે.

અહીં આ મંદિરો વગેરેના દર્શન કરતાં પહેલાં જૈસલમેરની ભૌગોલિક, ઐતિહાસિક વગેરે બાબતોનું સંક્ષિપ્ત વર્ણન જોઈએ.

# ભૌગોલિક પરિસ્થિતિ

રાજસ્થાનની ઉત્તર પશ્ચિમે જૈસલમેર એક પ્રથમ દરજ્જાની રિયાસત (state) રહેલ છે. આજે તે રાજસ્થાનનો એક વિશાળ જિલ્લો છે. ક્ષેત્રફળની દૃષ્ટિએ જોઈએ તો રાજસ્થાનમાં આ રિયાસતનો ત્રીજો નંબર છે, પરંતુ આક્રમણકારો સામે બાથ ભીડવામાં તેનું સ્થાન અનોખું રહેલ છે. આ તે જ સ્થાન છે, જ્યાંથી ગઝની તથા કાબૂલથી આવનાર હુમલાખોરોને રોકીને પાછા કાઢવામાં આવતા હતા. આણે મધ્યયુગમાં બહાવલપુરના નવાબો સાથે ટક્કર લીધી તથા સિંધના ક્રૂર લૂંટારાઓને તબાહ કર્યા અને આજે પણ તે પાકિસ્તાની લૂંટારાના છક્કા છોડાવી દઈને તેમને ભારતીય સીમાથી દૂર હાંકી કાઢીને ભારતીય સીમાની સુરક્ષા ખાતર પોતાનું યોગદાન કરે છે. ભારત રાષ્ટ્રના આ સજાગ પહેરેદારની આ ગૌરવપૂર્ણ બાબતો ઇતિહાસવેત્તાઓથી તથા રાજનીતિવેત્તાઓથી અંજાણ નથી. આ રાજ્યની આ પ્રખ્યાત વીરતાને લીધે જ ભારતીય ગણરાજ્યે સ્વર્ગીય મહારાવલ શ્રી ગિરધરસિંહજી નરેશને લેફ્ટીનેન્ટ કર્નલની સન્માનનીય પદવી અર્પણ કરીને તેમને ગૌરવાન્વિત બનાવ્યા હતા.

ભારત રાષ્ટ્રમાં આવા પ્રકારનું સૈનિક સન્માન મેળવનાર સર્વપ્રથમ સેનાની શ્રીમાન રાવલસાહેબ જ હતા.

આ રાજ્યની સીમા (સરહદ) પૂર્વમાં બિકાનેર, દક્ષિણમાં જોધપુર અને ઉત્તર તથા પશ્ચિમમાં પાકિસ્તાનમાં આવેલ બહાવલપુરને મળે છે. તેનું ક્ષેત્રફળ ૧૬૦૧૨ ચોરસ માઈલ છે.

જૈસલમેર જોવા માટે બે મુખ્ય રસ્તા છે; રેલવે તથા બસ. બાડમેર રેલવે સ્ટેશનેથી બસ દ્વારા અને જોધપુર–પોકરણ થઈને રેલવે મારફત. જૈસલમેર સુધી પોકરણથી પણ મોટરો જતી–આવતી રહે છે. ડામરની પાકી સડક બનવાથી દિવસમાં ચાર વખત પોકરણ તથા જૈસલમેરની વચ્ચે બસ ચાલે છે. બાડમેરથી આવનારની સગવડતા ખાતર સરકારે પાકી સડક તૈયાર કરી આપેલ છે. બાડમેર તથા જૈસલમેરની વચ્ચે દિવસમાં બે વખત બસ આવે–જાય છે.

ઘણા વખતથી જૈસલમેર અંગે એવી ભ્રમણા ચાલી રહી હતી કે "આ મારવાડમાં આવેલ રેતીના ઢગલાઓથી ઘેરાયેલ એક રણ–પ્રદેશ છે. અહીં રેતના ઢગલાઓ, ગરમ લૂ, રેતીની આંધી, કાંટા–કાંકરા તથા પથ્થરના ટુકડાઓ જ નજરે પડે છે." આવી ભ્રમજનક ધારણાઓને કારણે ધર્માત્માઓના મનમાં એક પ્રકારનો ભય ઉત્પન્ન કરવામાં આવેલ છે. યાત્રાળુઓના મનમાં આ વાત ઘર ઘાલી ગયેલ હતી કે જૈસલમેર એટલે રેતીના ઢગલા. ત્યાં જનારાને અનેકાનેક મુસીબતો–મુશ્કેલીઓ ઉઠાવવી પડે છે. આજે પણ નવો આવેલ યાત્રી આ પ્રકારની નિરાધાર કલ્પનાથી મુક્ત રહી શકતો નથી. આજે પણ તે (યાત્રાળુ) જૈસલમેરને રેતીનો ઢગલો સમજવાની ભૂલ કર્યા વિના રહેતો નથી. પરંતુ જેવો તે (યાત્રાળુ) રેલવે સ્ટેશન પર ઊતરે છે, તો તેની નજરની સામે નગરની ભવ્ય ઇમારતો આવે છે. તેના ભવ્ય તથા વિશાલકાય પથ્થરો પર વિભિન્ન પ્રકારની કોતરણીથી સુશોભિત જાળી, ઝરૂખાની દેહાત્મક કોમળતા, સૂક્ષ્મતા, કલાત્મકતા, પ્રાચીનતા, મહાનતાથી એક નવું આકર્ષણ, આશ્ચર્ય થાય છે તથા અભૂતપૂર્વ દર્શન પ્રાપ્ત કરીને સહેજે તેના મુખમાંથી 'વાહ, વાહ' નીકળી પડે છે. તેની પોતાની પૂર્વધારણાને કારણે તે જૈસલમેર આવવાથી ડરતો રહેત તો જીવનના અતિ ઉત્તમ મહાન સુખથી હંમેશ માટે વંચિત જ રહેત એમ લાગે છે. વાસ્તવિક રીતે જ્ઞાન તો પ્રત્યક્ષ અનુભવથી ઉપલબ્ધ થાય છે.

એ સત્ય છે કે પહેલાંના જમાનામાં જૈસલમેર પહોંચવું સહેલું ન હતું. ફક્ત ઊંટો પર તથા બેલગાડીઓ મારફત કેટકેટલી તકલીફો વેઠતો વેઠતો યાત્રાળુ ખૂબ જ મુશ્કેલીથી જૈસલમેરનાં પવિત્ર મંદિરોનું દર્શન કરી શકતો હતો. જૈસલમેરની કઠિન યાત્રાએ અનેકાનેક કવિઓની સંવેદનાઓને જાગ્રત કરી હતી. આ પ્રદેશની યાત્રા ક્યારે તથા કેવી રીતે થઈ શકે છે, કયી કયી આપત્તિઓનો સામનો કરવો પડે છે, તેનું વર્ણન તે સમયના કવિઓએ જે માર્મિક ભાષામાં કરેલ છે, તે અહીં આપવામાં આવે છે :

घोडा कीजे काठ कां, पिंड कीजे पाषाण ।
बख्तर कीजे लोहेका, तब देखो जैसाण ॥

જૈસલમેર જવું હોય તો યાત્રીએ પોતાના ઘોડાને લાકડાનો બનાવવો, પોતાના શરીરને પથ્થરનું બનાવવું અને લોખંડનું બખ્તર મૂકવું—તે પછી જ જૈસલમેરના દર્શનની આશા સફળ થાય છે.

એમાં સંદેહ નથી કે પહેલાં જૈસલમેરની યાત્રા માટે દરેક યાત્રાળુને ખૂબ જ હિંમતપૂર્વક તૈયારી કરવી પડતી હતી, ખૂબ જ ઉત્સાહ રાખવો પડતો હતો. પરંતુ આજના વૈજ્ઞાનિક યુગની શોધ-ખોળોએ સંસારને—જગતને એકબીજાને એટલા નજદીક લાવી મૂકેલ છે કે હવે તો થોડા કલાકોમાં હવાઈ મુસાફરીથી કોઈ પણ યાત્રાળુ આરામથી—સહેલાઈથી જૈસલમેર પહોંચી શકે છે. ૭ માઈલના વિસ્તારમાં અત્યારે હવાઈમથક (એરોડ્રોમ) તૈયાર કરવામાં આવેલ છે. જે જૈસલમેર અંગે ફક્ત શુષ્ક કલ્પનાઓ કરવામાં આવતી હતી, તે બધી હવે તો નિરાધાર સાબિત થઈ ચૂકી છે.

ખરી રીતે આ જિલ્લો ફક્ત રેગિસ્તાની—રણપ્રદેશ ન હતો. પરંતુ સમયની વક્રગતિએ તથા કેટલાક લોકોએ એવો બતાવીને જગતની નજરમાં હલકો પાડયો હતો. આ કારણે લોકો તેના વાસ્તવિક કલામય રૂપના દર્શનથી વંચિત રહેતા હતા.

## જૈસલમેરનું રૂપ-સ્વરૂપ

કોઈ પણ નગરીનું બહારનું રૂપ-સ્વરૂપ તેના આંતરિક મનનો આભાસ કરાવે છે. યાત્રાળુને માટે તેની બહારની છટા તેની અંદરના સંગઠન અંગે પોતાની વિશિષ્ટતા બતાવવા માટે પૂરતી છે. ઊંચા ઊંચા પહાડો પર વસેલ જૈસલમેર નગરનો વિશાલકાય કિલ્લો ગર્વોન્નત ભાવથી ઊભેલ ચિત્તાકર્ષક અટારીઓ, રાજમહેલ, તાલ-તડાગ મંદિર, કૂવાઓ, વાવ તથા બાગબગીચા વગેરે એટલાં સુરમ્ય દશ્યો ખડાં કરે છે કે નવો આવનાર તે જોઈને સ્તબ્ધ જ બની જાય છે. સવારના પહોરમાં સૂર્યોદય સમયે પીળા પીળા પથ્થરોથી બનેલ કિલ્લો, મંદિર તથા ભવન વગેરે જોઈને પ્રસન્ન બનેલા આગંતુક જૈસલમેરને સોનાની નગરીની ઉપમા આપ્યા વગર રહી શકતો નથી. જૈસલમેરની ગૌરવ ગરિમાનું સુંદર વર્ણન તે સમયના સમાજસેવક તથા સાહિત્યકાર શહીદ સાગરમલજીના નીચેના શબ્દોમાં સહેજે ઉપલબ્ધ થઈ જાય છે :

गढ चित्तौड सम अजय, हिमगिरि सा गिरि द्युत धाम ।
महा तुच्छ है जिसके आगे स्वर्ण भूमि कैलास ललाम ॥
मिटी गुलामी नौरोज़ा की प्रबल शत्रु को करके जेर ।
उत्तर घर किवाड कहावे यही हमारा जैसलमेर ॥

ખરેખર જૈસલમેરનાં વિશાળ તેમજ ભવ્ય જૈનમંદિરો અને તેમાં વિદ્યમાન મૂર્તિકલા તથા જ્ઞાનભંડાર વગેરે તેના નામને ઉજ્જવળ તેમજ સાર્થક કરી રહેલ છે. તે જ તેનું આકર્ષણ છે. તે સિવાય નગરમાં ઉપલબ્ધ જ્ઞાનભંડાર, ગઢસીસર, તળાવ, પટવા વગેરે ભાગ્ય-શાળીઓની ગગનચુંબી ભવ્ય આકર્ષક હવેલીઓ આ નગરની શોભામાં ચાર ચાંદ લગાવવામાં સદૈવ સહયોગી રહેલ છે.

# જૈસલમેરનો સુવર્ણયુગ

એ તો બધા જાણે છે કે જૈસલમેર કોઈ એક જમાનામાં એક ખૂબ મોટું વ્યાપારી બજાર હતું. રશિયા, અફઘાનિસ્તાન, ભાવલપુર, સિંધ અને ચીનથી આવનાર માલ જમીનમાર્ગે જૈસલમેર થઈને ભારતના અન્ય પ્રદેશોમાં ઊંટો મારફત પહોંચાડવામાં આવતો હતો. જૈસલમેરના બજારમાં ઉપર કહેલ વિદેશી માલની ખૂબ ધમાચકડી મચી રહેલી હતી. અહીંના વેપારી આ વેપારમાં ખૂબ જ ધન કમાતા હતા. અનાજ, સૂકોમેવો, ચાંદી તથા અફીણ વગેરેની મુખ્ય આયાત થતી હતી.

જુદી જુદી વસ્તુઓને માટે અલગ અલગ બજાર ભરાતા હતા. અહીંનો ઘી બજાર સારાય ભારતમાં પ્રખ્યાત હતો. ઉન્નત વેપારને કારણે સમૃદ્ધિ ને વૈભવનો સાગર ચારેબાજુ લહેરાતો હતો અને લોકો પોતાના ધનનો સાર્વજનિક કાર્યોમાં ઉપયોગ કરવામાં સુખ અનુભવતા હતા. લોકોની આ પ્રવૃત્તિનું પરિણામ એ આવ્યું કે આજે પણ તેનું તે ધન પ્રાચીન સંસ્કૃતિ અનુસાર મોટાં મોટાં ભવનો, મંદિરો, તળાવો, કૂવાઓ વગેરે નિર્માણ કરવામાં ખર્ચવામાં આવેલ તે અહીંતહીં—જ્યાં ત્યાં દૃષ્ટિગોચર થાય છે. જૈસલમેરની આ સમૃદ્ધિને જોતાં તે સમયને જૈસલમેરનો સુવર્ણયુગ કહેવામાં આવે તો કોઈ અતિશયોક્તિ ગણાશે નહીં. ઘણું નિર્માણ—સર્જન કાર્ય તે સમયે થયું તે પ્રતીત થાય છે. તે સમયે જૈસલમેરની ઓસવાલ જ્ઞાતિ ઉન્નતિને શિખરે હતી. જૈસલમેરની પૂર્વે લૌદ્રવપુરપત્તન તથા તેની પડતી પછી જૈસલમેરમાં આપણા જૈન પૂર્વજોનાં લગભગ ૨૭૦૦ કુટુંબો હતાં. જૈસલમેરની ગલીએ ગલીમાં બનેલ ઉપાશ્રયો તથા

કલાપૂર્ણ જૈનમંદિરો તેમની સમૃદ્ધિ તથા કલાનાં દ્યોતક છે. વારંવાર પોતાના ગુરુદેવોના સંપર્કમાં આવવાને લીધે તેમણે સમાજમાં ભક્તિ-ભાવ જાગ્રત કરવા માટે અહીં મંદિરોનું નિર્માણ કર્યું તથા સાધુઓ વગેરેની પ્રેરણાથી ડગલે ને પગલે ઉપાશ્રયોમાં જ્ઞાનના અદ્વિતીય ભંડારો સ્થાપિત કર્યા, જેમાં તાડપત્રીય હસ્તલિખિત ગ્રંથોની પ્રતિઓને સુરક્ષિત રાખવામાં આવી છે. જૈસલમેરનાં જૈનમંદિરોમાં જ્યાં ત્યાં શિલ્પકલા અથવા સ્થાપત્યકલાનાં દર્શન તો થાય જ છે, પરંતુ પૂર્વજોની નિશ્ચલ ભક્તિભાવનાઓનું માર્ગદર્શન મંદિરોના ખૂણે ખૂણે જે પ્રકારે થાય છે, તે આપણે માટે મહાન ગૌરવની વાત છે. અગર તેમણે અહીં આટલાં મોટાં મંદિરોની સ્થાપના કરી ન હોત તો ન તો સમાજમાં ઈશ્વરભક્તિ રહેત, ન તો જૈસલમેરનું આવું ઉન્નત પ્રસિદ્ધ નામ પણ રહેત. આજે જૈસલમેર જૈનોનું અતિ મહાન તીર્થધામ માનવામાં આવે છે. જે પ્રમાણે હિંદુઓમ બદ્રિકાશ્રમની યાત્રા કર્યા વિના યાત્રા અધૂરી માનવામાં આવે છે, તે પ્રમાણે લોદ્રવાજી તથા જૈસલમેરની યાત્રા કર્યા પછી જ જૈન ભાઈ-બહેનો પોતાની તીર્થયાત્રાને સંપૂર્ણ માને છે. આ ક્ષેત્રમાં જૈન સંસ્કૃતિને આજ સુધી જીવંત તથા શાશ્વત રાખવામાં આ મંદિરો તથા ગ્રંથાલયોનો મહાન ફાળો છે. એટલું જ નહીં, પણ આપણા ઇતિહાસનો અને આપણી સંસ્કૃતિનો ક્યારનોય લોપ થઈ ગયો હોત. પણ ના, વાસ્તવમાં મંદિરો આપણી પ્રાચીન સભ્યતા ને સંસ્કૃતિના રૂપે પૂર્વજોની ભક્તિભાવના તથા શાલીનતાનાં સાક્ષી છે. ભક્તિભાવનાથી પ્રેરણા પામેલ તે લોકોને સંયોગોવશાત્ એવા ઉત્કૃષ્ટ મહાન કલાકારો પણ ઉપલબ્ધ થઈ ગયા, જેમણે પોતાનાં હથોડી તથા છીણી વડે પોતાના માલિકની હાર્દિક ભાવનાઓને જૈસલમેરના પીળા પીળા પથ્થરોમાં મૂર્ત સ્વરૂપ આપ્યું. ભક્તિની સાથે સહજ-સ્વાભાવિક જ કલાનું સર્જન થવાથી નિઃસંદેહ મંદિરોની શોભામાં અલૌકિક સૌંદર્યનો અનેરો વધારો થયેલ છે. ભાવિ પેઢી પૂર્વજોનાં જ્ઞાન, ભક્તિ તથા

કર્મમય જીવનથી સદૈવ પ્રેરણા મેળવતી રહેશે અને જૈસલમેરની આ ગૌરવમયી પરંપરા નિરંતર વિકસિત રહેતી જશે.

## જૈસલમેરનો વિશાળ કિલ્લો

જૈસલમેરના ભવ્ય કિલ્લાંના નિર્માણકાર્યના શ્રીગણેશ વિક્રમ સંવત ૧૨૧૨માં અષાઢ સુદ એકમને રવિવારે શ્રી જૈસલ રાવલજી દ્વારા મંડાયા હતા. તે પહેલાંની ઘટના આ પ્રમાણે છે :

રાવલજીની રાજધાની લોદ્રવા નગરમાં હતી. ભોજદેવ રાવલજી રાજ્ય કરતા હતા. તે વખતે રાવલજીના કાકા જૈસલજીને પોતાના ભત્રીજાની સાથે કોઈ વિવાદ થઈ ગયો. અંદરોઅંદર વેરનાં બીજ વધવા લાગ્યાં. જૈસલજીએ મહંમદ ઘોરી સાથે સૈનિક સંધિ કરીને તેની સહાયતા લઈને પોતાના ભત્રીજાના નગર લૌદ્રવાની રાજધાની પર ચઢાઈ કરી. ભયંકર યુદ્ધ ખેલાયું. હજારોની સંખ્યામાં વીરપુરુષો-એ પોતાના પ્રાણનાં બલિદાન આપ્યાં—તે એટલે સુધી કે ભોજદેવને પણ પોતાના પ્રાણ ત્યજવા પડયા. ભત્રીજાના મૃત્યુએ જૈસલજીને વિજયી તો બનાવી દીધા પરંતુ ભીષણ લડાઈને કારણે લૌદ્રવાના રહેવાસીઓ ભયના માર્યા અહીંતહીં નાસી છૂટયા. આખુંય નગર સૂમસામ થઈ ગયું. સ્મશાનભૂમિ જેવું દૃશ્ય ચારે તરફ નજરે પડયું. કયાં તે છટાદાર, સુંદર, ભવ્ય, કલામય લૌદ્રવા અને કયાં આજની લોહીથી ખરડાયેલ ભૂમિ! છતાં પણ જૈસલ-જીને લૌદ્રવા રાજ્ય સારું લાગ્યું. તેમને તો પોતાના ભત્રીજાના મૃત્યુની ચિંતા પણ ન હતી. યુદ્ધ કરીને વિજય જો પ્રાપ્ત કરવામાં

આવે તો તેનો અર્થ કંઈક આવો જ હોય છે. પરંતુ લૌદ્રવાને રાજધાની તરીકે ચાલુ રાખવાને માટે તેના અંતઃકરણે સંમતિ આપી નહીં અને તેથી થોડાઘણા બચેલ ધર્માત્માઓને પોતાની સાથે લઈને તે સ્થાને પહોંચ્યાં, જ્યાં આજે જેસલમેર છે તથા લાલ પીળા પર્વત પર કિલ્લાની તથા નગરની સ્થાપના કરી. બીજા લોકોએ પણ જમીન ખરીદીને ઊંચી ઊંચી હવેલીઓ બાંધવાની શરૂઆત કરી. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુને પણ લૌદ્રવાથી લાવીને અહીં પ્રતિષ્ઠિત કર્યાં.

ઈતિહાસનું અવલોકન કરવાથી એ જાણવા મળે છે કે મહારાવલ શ્રી અખેસિંહજીના સમયમાં પણ જૈનોનાં ૪૧ ગોત્રોનાં ૯૦૦ ઘરો હતાં. આમાંથી જિંદાણી, પારખ, વર્ધમાન, ભણશાળી તથા બાફના આ ગોત્રોમાં મુખ્ય હતાં, જેમનાં નામોથી આજે પણ અહીં કેટલાક મહોલ્લા સુવિખ્યાત છે.

## જૈસલમેરની ઓસવાલ જ્ઞાતિનો સંક્ષિપ્ત ઇતિહાસ

ઉપર બતાવવામાં આવેલ છે તે પ્રમાણે ૨૭૦૦ જૈન કુટુંબોમાં એકે એક શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન હતા. આજે પણ જૈસલમેર શ્વેતાંબર જૈનોનું જ સ્થાન માનવામાં આવે છે. આવા મહાન ઉન્નત તથા પ્રસિદ્ધ સમાજમાં આધ્યાત્મિક ભાવનાઓ ભરીને તેમનામાં ભક્તિભાવ જાગ્રત કરવાને માટે સાધુમહાત્માઓનું તથા યતિઓનું જૈસલમેર પ્રતિ આગમન અસ્વાભાવિક ન હતું. આપણા પૂર્વજોએ આવા મહાપુરુષોને ફક્ત આશ્રય આપ્યો એટલું જ નહીં પણ સાહિત્ય સર્જન કરવાને માટે તેઓને પૂરેપૂરી સુવિધા–સગવડતાઓ પણ પરિપૂર્ણ કરી હતી. કલાકારો તેમજ શિલ્પી વર્ગને અહીં પૂરેપૂરો આશ્રય આપવામાં આવ્યો હતો. દિલ્હી તથા આગ્રાના શિલ્પશાસ્ત્રીઓ જ્યારે ત્યાંથી નાસવા લાગ્યા ત્યારે કેટલાક તો ચાલ્યા ગયા અને કેટલાક પશ્ચિમી રાજપૂતાનાની તરફ ચાલી નીકળ્યા હતા. અહીંના રાજાઓ તથા નાગરિકોએ તેમની કલાપ્રિયતા તથા યોગ્યતાની સુંદર કદર કરી અને મોટાં મોટાં ભવનો, મંદિરો તથા રાજમહેલો સિવાય નવ નવા પ્રકારની મૂર્તિઓ બનાવીને અહીંની સમૃદ્ધિની વૃદ્ધિ કરી હતી. પ્રસિદ્ધ ખજુરાહોનાં મંદિરો તથા આબુના દેલવાડાનાં મંદિરો તેમજ બાડમેરના કરાડુના ખંડેરો લગભગ એકસરખી કલાના જ ભંડારો છે.

જૈસલમેરમાં ફક્ત ખરતર ગચ્છના સાધુ જ રહેતા હતા. તેમણે શ્રાવકોને ત્યાં જૈન ધર્મ, ન્યાય તથા સિદ્ધાંતનો પ્રચાર કર્યો. કોઇ કોઈક વાર તપાગચ્છના સાધુઓ અહીં આવતા હતા. જૈસલમેરમાં પહેલાં જૈનોની વસ્તી હતી, તેટલી આજે રહી નથી. અહીંનાં ઘણાં

કુટુંબો વ્યાપારધંધા અર્થે કલકત્તા, આર્વી, મુંબઈ વગેરે શહેરોમાં વસવા લાગ્યાં છે. હવે તો સગપણ–લગ્ન પ્રસંગે અથવા તો યાત્રા કરવાને ખાતર પણ એ લોકો જૈસલમેરમાં આવ–જા કરે છે. જૈસલમેરનું પ્રસિદ્ધ બાફના (બાફણા) કુટુંબના સભ્યો કોટા, રતલામ, ઈન્દોર, ઉદયપુર, ઝાલરા–પાટણ, આ પાંચ સ્થળે વસેલ છે. અહીંના જૈનોએ રાજસ્થાનમાં જ નહીં, પણ આખાયે ભારત દેશમાં નામ કાઢ્યું છે. કેટલાક રાજ્યોમાં આ લોકો કામદાર તરીકે રહ્યા છે, તેમજ કોઈ કોઈ રાજ્યોમાં તિજોરીના ઉપરી પણ તેઓ બન્યા હતા અને તે રાજ્યોમાં અતિ વિશ્વાસપાત્ર વ્યક્તિઓ સમજવામાં આવતા હતા.

પ્રાચીનકાળમાં રાજા કોઈ એક ધર્મને માનવાવાળો હોય છતાં પણ બીજા બધા ધર્મનો આદર, માનસન્માન એવી રીતે કરતા હતા, જાણે કે તેઓ પોતાના ધર્મના હોય. તેઓ પોતાની પ્રજાની એકતા, તેમનાં સંપ–શાંતિ જોનારા હતા. વૈષ્ણવ, શિવ, શક્તિ વગેરે હિન્દુ સંપ્રદાય સિવાય તેઓએ જૈન સાધુઓ તથા યતિઓને પણ પોતાના ગુરુ માન્યા હતા. લોદ્રવાના રાજા સગરના વર્ણનમાં એવું આવે છે કે તેણે પોતાના બે પુત્ર શ્રીધર તથા રાજધરને ખરતર ગચ્છીય આચાર્ય શ્રી વર્ધમાનસૂરિના શિષ્ય શ્રી જિનેશ્વરસૂરિના કહેવાથી જૈન શ્રાવક બનાવ્યા હતા. આથી એ નિશ્ચિત થાય છે કે તે રાજાઓ સર્વ ધર્મ પ્રત્યે સમભાવ રાખનારા હતા. અહીંની પ્રસિદ્ધ ભણશાળી જાતિનો વંશ તે સગર રાજાથી જ શરૂ થયો છે, તેથી જૈન સમાજમાં ભણશાળી ગોત્ર તરફ અતિ આદર ભાવથી જોવામાં આવે છે.


કહેવાનું એ કે જૈસલમેરમાં પ્રાચીનકાળથી શ્વેતાંબર જૈનોનો વિશેષ પ્રભાવ પડતો હતો. તે લોકોના ધર્મગુરુ જૈનાચાર્યોનું પણ આ કેન્દ્રસ્થાન હતું. અહીં ખરતર ગચ્છીય વિદ્વાનો તથા પ્રભાવશાળી

જૈન સાધુઓ અને આચાર્યોના વારંવાર વિહાર થતા હતા. તેઓ સાહિત્યરચનાઓના સંશોધનકાર્યમાં દિવસ-રાત મગ્ન રહેતા હતા, તેમજ જ્ઞાનોપદેશ કરીને લોકોની સેવા કરતા હતા. આ લોકોના ઉપદેશથી જ અહીં મોટાં મોટાં મંદિરો તથા ભવ્ય મૂર્તિઓની પ્રતિષ્ઠા વારંવાર થઈ હતી. તે આચાર્યોની પ્રેરણાથી ત્યાં મોટા મોટા અમૂલ્ય ગ્રંથોને ભંડારોમાં સુરક્ષિત રાખવામાં આવ્યા. જૈસલમેર નિઃસંદેહ જૈનોનું પ્રાચીન તીર્થધામ છે, જ્યાં દર વર્ષે આખાય ભારતદેશમાંથી હજારોની સંખ્યામાં લોકો સંઘ રચીને આવે છે. તીર્થદર્શનના પુણ્ય તથા સુખથી યાત્રાળુઓનાં મન ગર્વ તેમજ પ્રસન્નતાથી ભરાઈ જાય છે અને સુખદ અનુભૂતિની સાથે જ તેઓ પાછા ફરે છે. પટવાઓની ભવ્ય હવેલીઓ જેસલમેરની સુખસમૃદ્ધિ તથા ગૌરવના પ્રતીક તરીકે માનવામાં આવે છે. શહેરની મધ્યમાં પાંચ પટવા ભાઈઓની પ્રસિદ્ધ હવેલીઓ છે. એક શ્વેતાંબર જૈન ધર્મ-શાળા પણ છે, જે આજે શ્રી મહાવીર ભવનના નામથી પ્રસિદ્ધ છે; જ્યાં પોકરણ, બ્રહ્મસર, જૈસલમેર, અમરસાગર તથા લોદ્રવા તીર્થોની વ્યવસ્થા કરવા માટે એક પેઢી છે, જેનું નામ શ્રી જૈસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર ટ્રસ્ટ (રાજસ્થાન) રાખવામાં આવેલ છે.


જૈસલમેરનાં કલાપૂર્ણ ભવ્ય મંદિરો તથા તેના સુરક્ષિત જ્ઞાન-ભંડાર નવા આગંતુકો (આવનારા) માટે આકર્ષણનું કેન્દ્ર છે. જૈસલ-મેરના કિલ્લામાં અત્યંત સુંદર તેમજ કલાપૂર્ણ આઠ જૈન મંદિરો તથા બીજાં ચાર દેરાસર છે. જૈસલમેરનું મુખ્ય આકર્ષણ શિલ્પકલા તથા પ્રાચીન જ્ઞાન ભંડાર જ છે.




જૈસલમેર દુર્ગમાં સ્થાપિત ગજવિલાસ



ગડસીસર તાળાબ અને મંદિર



શેઠ પ્રતાપચંદજી હિમ્મતમલજી બાફના દ્વારા સ્થાપિત
જૈન મંદિરનું ઉપરનો ચિત્ર



દર્શકને આશ્ચર્યમાં કરવા વાળા સંઘવી શેઠ પ્રતાપચંદજી
હિમ્મતમલજી બાફના એ બનાવાયેલ
જૈન શ્વે. મંદિર અમર સાગર જૈસલમેર



શ્રી પાર્શ્વનાથજીના મંદિરનું તોરણ



લોદ્રવપુરનું કલાપૂર્ણ જૈન મંદિર

# શહેરનાં મંદિરો તથા દેરાસરો

મંદિરો શહેરોનું સાંસ્કૃતિક મન હોય છે. તેની વાસ્તવિકતા તથા નિર્માણ જોઈને જ નગરનિવાસીઓની મનોવૃત્તિઓનો ખ્યાલ સહેજે આવી શકે છે. જૈસલમેર શહેરનાં મંદિરો આપણી આ વાતનું જ્વલંત ઉદાહરણ છે.

(૧) કોઠારી પાડા (મહોલ્લા)માં શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનું શિખરબંધ બે માળનું મંદિર છે. તે અત્યંત આકર્ષક તેમજ દર્શનીય છે. આ મંદિર તપાગચ્છીય મંદિરના નામથી પ્રસિદ્ધ છે. આ મહાવીર ભવનથી થોડે દૂર કોઠારી પાડામાં છે. શહેરનાં બધાં મંદિરોમાં આ સૌથી મોટું મંદિર છે. નીચેના ભાગમાં થી સુપાર્શ્વનાથ ભગવાન અને શ્રી સીમંધર સ્વામીના ગભારા (ગર્ભદ્વાર) છે. ઉપરના માળ પર શ્રી ગોડી પાર્શ્વનાથ ભગવાન તથા સંકટહર પાર્શ્વનાથ મૂળનાયક રૂપે બિરાજમાન છે. મંદિરના થાંભલા પર પક્ષીઓનું નકશીકામ અત્યંત મનોહર તેમજ દર્શનીય છે. તપાગચ્છનો હસ્તલિખિત ભંડાર પણ અહીં સુરક્ષિત છે. આ મંદિરમાં પીળા પથ્થર પર કોતરવામાં આવેલ ૪૦ લીટીઓની એક સુંદર પ્રશસ્તિ ખૂબ જ પાંડિત્યપૂર્ણ અને ક્લિષ્ટ સંસ્કૃત ભાષામાં છે, જેથી એ જાણવા મળે છે કે વિ. સં. ૧૮૬૯ વૈશાખ સુદ ૩ને દિવસે શ્રી સંઘ દ્વારા આ મંદિરની પ્રતિષ્ઠા * આચાર્ય હીરવિજયસૂરિજીના સંઘાડામાં શ્રી ગુલાબવિજયજીના બે શિષ્યો–શ્રી દીપવિજયજી અને શ્રીનગવિજયજીએ કરાવી હતી. પ્રશસ્તિ પણ શ્રીનગવિજયજીએ જ લખી હતી.

(૨–૩) આચાર્યગચ્છના ઉપાશ્રયમાં શ્રી વિમલનાથ ભગવાન અને ભટ્ટારક ગચ્છના ઉપાશ્રયમાં શ્રી ગોડી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે. (અહીંયાં વૃહત ખરતર ગચ્છીય ભંડાર હતો જે અત્યારે ટ્રસ્ટને આપી દેવામાં આવ્યો છે.)

---

* જૈસલમેર ભાંડાગરીય ગ્રંથની સૂચિ ૨૨, પાનું ૭૭.

(૪) શેઠ થીરુસાહજીનું દેરાસર શેઠ થીરુસાહની હવેલીમાં બીજા માળ પર એક કલાપૂર્ણ ગૃહમંદિર છે. મેવાડના ભામાશાહની માફક શેઠ થીરુસાહની જૈસલમેરમાં વિશેષ ખ્યાતિ છે.

(૫) મહાવીરભવનમાં શ્રી ધર્મનાથ ભગવાનનું દેરાસર છે.

આ પ્રમાણે શહેરનાં કલાપૂર્ણ ભવ્ય મંદિરોની સેવાપૂજા કર્યા પછી મહાવીર ભવનમાંથી બહાર નીકળીને જ્યારે યાત્રાળુ પટવાઓની હવેલી જોવાને માટે પોતાની ઉત્સુકતા પ્રગટ કરે છે ત્યારે લોકો પહેલાં તેને કિલ્લા પર જવાની સલાહ દે છે.

યાત્રા પછી તો જૈસલમેરના કિલ્લાના મુખ્ય દરવાજે પહોંચે છે, તેને અક્ષરપોળ કહે છે. ત્યાં જ તેની દષ્ટિ કિલ્લાના બુરજો તથા રાજમહલ પર અટકી જાય છે. કિલ્લાનો ઇતિહાસ જાણવા માટે યાત્રાળુની ઉત્સુકતા વધી જાય છે. ભાટીરાજાઓના પુરુષાર્થ અને આનબાનના ગૌરવમય ઇતિહાસને લઇને ગાંભીર્યના પ્રતીક જેવો જૈસલમેરનો આ વિશાલ કિલ્લો રાવલ જૈસલના સમયમાં બાંધવામાં આવ્યો હતો. ચૂનો તથા સિમેંટ વગર બનાવવામાં આવેલ, આઠસો વર્ષો જૂનો કિલ્લો ખરેખર એક આશ્ચર્યની વસ્તુ છે. આ એક નાનકડા ત્રિભુજાકાર પર્વત પર બાંધવામાં આવેલ છે. બુરજોની કુલ સંખ્યા ૯૯ છે. કિલ્લાની ચારે બાજુ નીચે પર્વતને ઢાંકવા માટે ઘાઘરા જેવો કોટ જૈસલમેરના જૈન સમાજ દ્વારા બનાવવામાં આવેલું છે. નિઃસંદેહ, આ ઘાઘરાનુમા કોટથી કિલ્લાની શોભા વધે છે, એટલું જ નહીં પણ તેથી મજબૂતી પણ વધી છે.

સૂરજપોળમાં રાજમહેલની એક ભીંત પર વિ. સં. ૧૫૧૨નો એક શિલાલેખ છે. તેમાં લખેલ છે કે રાઉલા દેવીદાસના રાજમાં અમરકોટ તોડીને ત્યાંથી ઈંટો લાવી દીવાલ બનાવરાવી હતી.

પ્રાતઃકાળે સૂર્યોદયની લાલીથી પ્રકાશિત બનેલ કિલ્લા અંગે પથ્થર સોનાની માફક ચમકવા લાગે છે. આથી આ કિલ્લા અંગે

યાત્રી જ્યારે નીચેની પંક્તિઓ સાંભળે છે, ત્યારે તે એક અકલ્પનીય આનંદનો અનુભવ કરે છે :—

गढ दिल्ली गढ आगरो अधगढ बीकानेर ।
भलो चुणायो भाटियो सिरे जो जैसलमेर ॥
स्वर्ण प्रस्तर से जडा यह दुर्ग दृढ जैसाण का ।
दे रहा परिचय सदा से भाटियोंकी आण का ॥

કિલ્લાના મુખ્ય દ્વારમાં પ્રવેશ કરતાં ગઢના ઢોળાવ ઉપર બે બાજુ પથરાઓની ભીંત બાંધવામાં આવેલ છે. પગે ચાલીને જતા યાત્રીઓને સહેજે પ્રાચીનકાલના યુદ્ધનું સ્મરણ થઈ જાય છે. મોટા મોટા બુરજ અને દરવાજા તથા તે પર રાખવામાં આવેલ પથ્થરના ગોળા આ વાતના સાક્ષી છે કે તે જમાનામાં શત્રુઓને કિલ્લામાં પ્રવેશ કરવો કેટલો મુશ્કેલ હતો. કિલ્લાનાં ચઢાણથી થાકી ગયેલ યાત્રી જ્યારે પ્રથમ અક્ષયપોળમાં પ્રવેશ કરીને સૂરજપોળ, ગણેશપોળ (ભૂતા પોળ) વગેરેને દેખતો થાકેલ—પાકેલ અંતે હવાપોળ પહોંચે છે, ત્યારે ત્યાં તેને ખૂબ જ શાંતિ મળે છે. હવા પોળની શીતળ મધુર પવનની લહરી તેની થકાવટ દૂર કરી નાખે છે. તે એક નવા પ્રકારની તાજગીનો અનુભવ કરે છે. તેનામાં એક સ્ફૂર્તિ આવી જાય છે. ચોટામાં તે આવીને ઊભો રહે છે, કે તેની નજર વિશાલ ભવ્ય રાજ-મહેલો પર ચોંટી જાય છે. મોતીમહેલ, ગજવિલાસ સિવાય ચામુંડા-દેવીના સુરમ્ય મંદિર તરફથી યાત્રાળુઓને જૈનમંદિરો તરફ લઈ જવાના માર્ગમાં લગાડેલ માર્ગપટ્ટ (Sign board) પણ ખૂબ મદદ કરે છે.

યાત્રાળુની સામે મોટાં મંદિરો આવી જાય છે. ઊંચાં ઊંચાં શિખરો અને ગુંબજોવાળાં વિશાળ જૈન મંદિરો જોઈને યાત્રી ચકિત થઈ જાય છે. આ સમયે આ સ્થાન શત્રુંજય તીર્થની એક ટૂક સમાન દેખાવા લાગે છે.

# કિલ્લાનાં મંદિરો

## ૧. શ્રી પાર્શ્વનાથ પ્રભુનું મંદિર

શ્રી પાર્શ્વનાથ પ્રભુના મંદિરનું મુખ્ય નાનકડું દ્વાર એ બાબતની સાબિતી છે કે જૂના સમયનાં શત્રુઓના આક્રમણથી બચવા માટે અને સુરક્ષાની દષ્ટિથી મંદિરો તથા મકાનોના મુખ્ય દરવાજા નાના નાના બનાવવામાં આવતા હતા. મુખ્ય દરવાજાનું વિશાળ તથા મનોહર મુખ્ય તોરણ યાત્રીને આશ્ચર્યમાં ગરકાવ કરી દે છે. તોરણની બન્ને બાજુએ દેવદેવીઓની મૂર્તિઓ છે, જેમાં ભૈરવ મુખ્ય છે. સુંદર મૂર્તિઓ, વાદક (વાજિંત્ર વગાડનારા), વાદિનીઓ (સ્ત્રી વગાડનારી)ની મુદ્રાઓ તથા હાથી, સિંહ અને ઘોડાની મુખાકૃતિઓની સાથે કલામય વેલબુટાની કારીગરી તોરણને સુંદર બનાવે છે. તોરણના ઉપરના ઉચ્ચ ભાગમાં ધ્યાનમગ્ન ભગવાન પાર્શ્વનાથજીની મૂર્તિ જાણે પ્રકૃતિ તથા જીવનની મધ્યમાં સૌંદર્યને લઈને બેઠી છે. તોરણ જોયા પછી યાત્રી જ્યારે મુખ્ય મંદિરનાં પગથિયાં ચઢવા લાગે છે, ત્યારે તેણે ખૂબ જ સાવચેતી રાખવી પડે છે, કારણ કે જૈસલમેરના પીળા સંગમરમરથી બનેલ સીડી લાખો યાત્રાળુઓનાં આવાગમનને કારણે, તેમના પગના ઘસારાથી એવી તો ચીકણી—લપસણી થઈ ગઈ છે કે પગ લપસી પડવાનો પૂરેપૂરો ભય છે. મંદિરના સભામંડપમાં પ્રવેશ કરતાં જ યાત્રી સ્વર્ગનો અનુભવ કરવા લાગે છે. પ્રવેશદ્વાર પર શૃંગાર ચોકીની છતમાં અંકિત કલામય દશ્ય દર્શનીય છે, તથા ત્રણે તોરણોમાં પણ ભગવાન તીર્થંકરોની મૂર્તિઓનાં દર્શન થાય છે, તે અતિ

આકર્ષક છે. બાર થાંભલાવાળો સુંદર સભામંડપ, તથા મૂળ ગર્ભાગાર, ગૂઢ મંડપ, છ ચોકી અને ભમતીની ૫૧ દેવ કુલિકાઓમાં એટલી તો સુંદર સુંદર મૂર્તિઓ કંડારેલ છે કે જેથી એવું અનુમાન કરવાનો સંભવ છે કે કલાકારે અવશ્ય પ્રત્યેક સ્થાને પોતાની કલાનો ઉત્કૃષ્ટ નમૂનો સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો છે. બાવન જિનાલયોવાળા આ ભવ્ય સભામંડપની છતમાં જુદી જુદી મુદ્રાઓવાળી વાજિંત્ર વગાડનારીઓનો એવો પ્રકાર કંડારવામાં આવેલ છે કે જેથી સાક્ષાત રાસ લીલા નૃત્યનો આભાસ સહેજે થઈ જાય છે. નૃત્યની તેમની મુદ્રાઓ પર જુદા જુદા રંગોની મિલાવટ તેમને વિશેષ આકર્ષક બનાવી દે છે.

મંડપની આગળ વધીને હવે યાત્રી ભગવાનના દર્શન માટે આગળ વધે છે, ત્યારે એક પંચધડી મૂર્તિ જોવામાં આવે છે. એક જ મોઢું અને પાંચ ધડવાળી મૂર્તિને ગમે તે બાજુથી જોવામાં આવે તો તેનું મુખ હંમેશ યાત્રીની સામે જ રહે છે. મંદિરના ચોથા કોઠામાં ભગવાન શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી બિરાજમાન છે. આ મૂર્તિ અતિ પ્રાચીન છે, તેટલા માટે આજે પણ તેના પર સાચાં મોતીઓનો લેપ કરવામાં આવે છે. આ મૂર્તિ પર વિ. સં.–૨નો એક લેખ પણ અંકિત છે.

સં. ૧૪૬૧માં જ્યારે જિનવર્ધનસૂરિજી જૈસલમેર આવ્યા ત્યારે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની પાસે રહેલ ભૈરવની મૂર્તિ જોઈ તે વખતે તેમને સેવક સ્વામીની બરોબરીમાં બેસે તે ઉચિત ન લાગ્યું. પ્રભુની પાસે ભૈરવ એટલે સેવક સ્વામીની એકી સાથે બેઠક હોય તો તે અસમાનતા ઊભી કરે છે. તેથી ભૈરવજીની મૂર્તિને દરવાજાની બહાર સ્થાપિત કરવાનો વિચાર

કરીને સૂરિજી મહારાજે સંઘપતિને આ અધિષ્ઠાયકની મૂર્તિને બહાર સ્થાપિત કરવાને માટે કહ્યું. શ્રી સંઘે સૂરિજીની સમક્ષ મૂર્તિ ઉપાડીને બહાર લઈ જવાનો પ્રયાસ કર્યો. પરંતુ મૂર્તિનું વજન એટલું બધું વધી ગયું કે તે ઊંચકવાને સંઘ અસમર્થ થયો. સૂરિજીએ તે સમયે ચમત્કાર બતાવી મૂર્તિ પર વાસક્ષેપ નાખ્યો અને તેથી મૂર્તિ ફૂલ જેવી હલકી થઈ ગઈ. ત્યારે શ્રી સંઘે સભામંડપના આગળના ભાગમાં તેની સ્થાપના કરી. શ્રી સૂરિજી તથા સંઘ મંદિરની બહાર આવીને પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. બીજે દિવસે પ્રાતઃકાળે જ્યારે પૂજારીએ મંદિર ઉઘાડ્યું તો તેને ભૈરવજીની મૂર્તિ પોતાના મૂળ સ્થાન પર જોઈ. તેને નવાઈ લાગી ને તે દોડતો દોડતો પહોંચ્યો સંઘની પાસે. સંઘ તથા પૂજારી મળીને આચાર્ય મહારાજ પાસે પહોંચ્યા અને બધી હકીકત કહી સંભળાવી. સંઘ સહિત સૂરિજી મહારાજ મંદિરમાં પધાર્યા અને ભૈરવજીને મધુર વાણીમાં ઉપદેશ દીધો કે "ભૈરવજી! પ્રભુની પ્રતિમા પાસે બેસીને પ્રભુનો અવિનય કરવો ઉચિત નથી, તેથી હે અધિષ્ઠાયક! આપ બહાર પધારો." આટલું કહીને શ્રી સૂરિજી મહારાજે પોતે ભૈરવજીની મૂર્તિ ઉપાડીને બહાર સ્થાપિત કરી. ત્રીજે દિવસે પણ ભૈરવજીની મૂર્તિ ફરી પાછી મંદિરના ભાગમાં બેસી ગયેલ દેખાઈ. પરંતુ તેમાં થોડો ફેરફાર હતો. આ વખતે ભૈરવજીની મૂર્તિનું માથું પ્રભુનાં ચરણોમાં ઝૂકેલ હતું. આ ઘટનાને જોઈ શ્રી સૂરિજી આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા અને વિચારવા લાગ્યા કે આ કોઈ હઠીલો દેવ છે, બીજું કાંઈ નહીં. મૂર્તિને ઉપાડવા લાગ્યા તો ફરી વજન વધી ગયું અને તેમનો પ્રયાસ નિષ્ફળ ગયો. શ્રી સૂરિજી ગર્જના સાથે કેટલાક મંત્રો બોલ્યા અને ભૈરવજીની મૂર્તિ થોડા જ સમયમાં પોતે જ બહારના ભાગમાં સ્થાપિત થઈ ગઈ. શ્રી સૂરિજીએ ત્રાંબાની બે મેખ બનાવરાવી મૂર્તિના માથામાં ખોડી દીધી. ભૈરવજીની આ મૂર્તિ અત્યંત ચમત્કારી છે.

દેવ કુલિકાઓનાં શાખા દ્વાર પર વિ. સં. ૧૪૭૩—ના લેખો છે, * જેમાં જુદાજુદા શ્રેષ્ઠિવર્યો મારફત દેવકુલિકાઓના નિર્માણનું વર્ણન છે.

ઉપર કહેલ જિનાલયો (દેવ કુલિકાઓ) માં તથા મુખ્ય મંદિરની બહારની દીવાલ પર કોતરવામાં આવેલ તરેહ તરેહની મૂર્તિઓનું અવલોકન કરી યાત્રાળુ આશ્ચર્યમુગ્ધ બની જાય છે. કોઈ કોઈ જગ્યાએ ભગવાનની મૂર્તિઓ સિવાય કામની આકૃતિઓ જોઈને દુઃખ પણ થાય છે, પરંતુ જ્યારે તેને તે વિશે ખ્યાલ આવે છે કે પુરુષાર્થની પ્રવૃત્તિઓ ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ હોય છે, તેમાંથી એકનો પણ અભાવ જીવનની પૂર્ણતાને અધૂરી રાખી દે છે, ત્યારે પછી તેને દુઃખ થતું નથી. આ નગ્ન તથા મૈથુનરત આકૃતિઓવાળી મૂર્તિઓને દેખીને સામાન્ય માનવી નવાઈ પામે છે. પણ આમાં કલાકારની તે સમયની ઉત્કૃષ્ટ કલાને બતાવવામાં આવેલ છે.

આ મૂર્તિઓના માધ્યમ દ્વારા કલાકારે પોતાનું હૈયું ખુલ્લું કરેલ છે. કલાના આવા ઉત્કૃષ્ટ નમૂના અન્યત્ર ઉપલબ્ધ નથી. આ મુદ્રાઓની વચ્ચે જ્યાં ત્યાં ઈશ્વરની શાંત પ્રકૃતિમય મૂર્તિ માયા રૂપી સંસારમાં પણ માનવને અલિપ્ત રહેવાની પ્રેરણા આપી રહી છે. તેમને જોઈને કામોત્તેજના થતી નથી, પણ કલાત્મક આનંદની અનુભૂતિ થાય છે.

આ જિનાલયને પ્રદક્ષિણા દીધા પછી યાત્રાળુને શ્રી શીતલનાથજીના મંદિરના પ્રવેશદ્વારની બહાર વીસ વિહરમાનની વિશાળકાય મૂર્તિઓ એક અલગ મંડપમાં બિરાજમાન થયેલ જોવા મળે છે. તે મૂર્તિઓનો રંગ (વર્ણ) પીળા પથ્થરને ઘસ્યા પછી દેખાય તેવો છે. જાણે કે વાસ્તવિક ઘઉં વર્ણ માનવનો ન હોય! તેમની મુદ્રાઓ

* એ જ લેખાંક ૨૧૬ થી ૨૧૯.

ભગવાનની મૂર્તિની પાસે એક અખંડ દીવો હંમેશાં પ્રકાશતો રહે છે. ભગવાનના દર્શન કરીને હવે ગૂઢ મંડપમાં આવીએ ત્યારે ત્યાં શ્રી અંબિકાદેવીની પાષાણમય પ્રતિમા તથા ધાતુની અન્ય ૪ મૂર્તિઓ નજરે પડે છે. તેમાં એક શ્રી સુમતિનાથ ભગવાનની પ્રતિમા છે. આ પ્રતિમા વિ. સં. ૧૫૩૬માં પાટણ નિવાસી સંઘવી ધનપતિ ભરાવેલીથી લાવેલા. તે ખૂબ જ મનોહર છે. પાષાણની બીજી બે મૂર્તિઓ શ્રી પાર્શ્વનાથ ભગવાનની છે જે કાયોત્સર્ગ ધ્યાનમાં ઊભી રહેલી મૂર્તિઓ છે. તે બંને મૂર્તિઓ પણ ખૂબ જ સુંદર અને આકર્ષક છે. તેમની નીચેના ભાગ પર પથ્થર જડેલ હોવાથી તેના પરનો લેખ વાંચી શકાતો નથી. અહીં ધાતુની એક બીજી મૂર્તિ છે, તે પર વિ. સં. ૧૧૪૭નો લેખ છે.[૧] આ લેખ મૂર્તિની પાછળના ભાગ પર કોતરાયેલ છે.

સભામંડપની છતમાં આગળના થાંભલા પર નૃત્ય કરી રહેલ જુદા જુદા પ્રકારની શિલ્પની ઉત્તમ આકૃતિઓ છે. તેથી આગળના થાંભલા પર સુંદર તેમજ કલાત્મક એક તિલક તોરણ છે અને બહારના ભાગમાં એક બીજું તોરણ મળીને કુલ ૯ તોરણો છે. આ કારણે આ મંદિરને **નવ તોરણવાળું** મંદિર પણ કહેવામાં આવે છે. સભામંડપમાં પીળા પથ્થરના ૫×૪॥ ફૂટની ઊંચાઈવાળા ચાર પટો છે. તેમાં ત્રણ પટો નંદીશ્વર દ્વીપના તથા એક પટ શત્રુંજય તથા ગિરનારનો છે. ચારે પટો પર સં. ૧૫૧૮ના લેખો છે.[૨] શત્રુંજય અને ગિરનારના પટ શિલ્પકલાની દૃષ્ટિએ અત્યંત મનોહર તેમજ ઉત્કૃષ્ટ છે. પ્રભુનાં દર્શન કરીને યાત્રાળુ બાવન કુલિકાઓના દર્શનાર્થે જાય છે. બધી

---

૧. જૈન લેખ સંગ્રહ, ખંડ ૩, લેખાંક ૨૧૨૦.
૨. વહીખંડ ૨, લેખાંક ૨૧૨૪.

તપશ્ચર્યામાં જાણે લીન બનેલ હોય તેવી છે. તેમની પાસે એક એક આખા પથ્થર પર બનાવેલ પટ્ટો પણ લાગેલો છે.

મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજીનું બિંબ આચાર્ય શ્રી જિનપતિ સૂરિજીએ વિ. સં. ૧૨૬૩માં ફાગણ સુદ ૨ ના રોજ લોદ્રવાથી લાવીને મહેમાન રૂપે બિરાજમાન કર્યું હતું. તેનો ઉત્સવ શેઠ જગધરે ઘણા મોટા ઠાઠમાઠ સાથે ઊજવ્યો હતો.[1] અનુમાન એવું છે કે મૂળ-નાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા આચાર્ય શ્રી જિન કુશળસૂરિજી દ્વારા થઈ હતી. તેઓ સં. ૧૩૮૫માં ફરી જૈસલમેર પધાર્યા ત્યારે પ્રથમ પોતે પ્રતિષ્ઠિત કરેલ મૂળ નાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથને વિધિપૂર્વક વંદના કરી હતી.[2]

મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું મુખ્ય મંદિર મહારાવલ લક્ષ્મણજીના રાજ્ય કાળમાં ખરતર ગચ્છાધીશ જિનરાજસૂરિજીના ઉપદેશથી તૈયાર કરવામાં આવ્યું હતું. આ મંદિરની પ્રતિષ્ઠા સં. ૧૪૫૯માં સાગરચંદ્રસૂરિજીના કરકમલ દ્વારા કરવામાં આવી હતી તથા કેટલાંક બીજાં બિંબોની પ્રતિષ્ઠા સં. ૧૪૭૩માં શ્રી જિનવર્ધનસૂરિજી દ્વારા કરવામાં આવી હતી. આ મંદિરનું નિર્માણ ઓસવાલ વંશના રાંકા ગોત્રીય શેઠ શ્રી જયસિંહજીએ કરાવ્યું હતું. *

---

૧. ખરતર ગચ્છનો ઇતિહાસ, પાનું ૯૮.

૨. ખરતર ગચ્છનો ઇતિહાસ, પાનું ૧૬૪.

* अथ जैसलमेरौश्री लक्ष्मण राज राज्ये त्रिजयिनि सं. १४७३ वर्ष चैत्र सुदी १५ दिनेसे : श्री जिनवर्धन सूरिभिः प्रागुक्तान्थपति श्रेष्ठिवना जयसिंह नरसिंह धामा समुदायकारित प्रतिष्ठाया सह जिन बिंब प्रतिष्ठां कारितवंतः । जैन भा. ग्र. सूचि, परिशिष्ट (२), पान ६६

આ મંદિરમાં આવેલ લેખ (પ્રશસ્તિ) પરના તેમના પૂર્વજોની યાત્રાઓનું પણ વર્ણન મળે છે. આ મંદિરમાંના બે શિલાલેખો દ્વારા એ જાણવા મળે છે કે આનું નામ તે સમયના રાજાના નામ પરથી લક્ષ્મણ વિહાર હતું. × પરંતુ પાછળથી મૂર્તિના નામ અનુસાર શ્રી પાર્શ્વનાથના નામથી જ પ્રખ્યાત થયું.

આ મંદિરમાં બાવન દેરીની કુલ બિંબસંખ્યા ૫૪૫ છે. બન્ને ચોકીમાં ૧૪૨, ઉપર મંડપમાં ૧૨, મૂળ ગભારામાં ૧૧૪, તિલક તોરણમાં ૬૨, બીજા તોરણમાં ૧૧ અને મંડપની પાસે ૬૩ આમ કુલ ૯૧૦ છે. પરંતુ વૃદ્ધિરત્નમાળામાં ૧૨૫૩ની સંખ્યા આપવામાં આવી છે. કદાચ ચારે પટોમાં રહેલ મૂર્તિઓની ગણતરી કરવામાં આવે તો કુલ સંખ્યા પૂરેપૂરી થઈ રહે.

## ૨. શ્રી સંભવનાથજીનું મંદિર

આ મંદિરના ભોંયરામાં જગત પ્રસિદ્ધ તાડપત્રીય જૈન જ્ઞાન ભંડાર છે, જેનું વર્ણન આગળ ઉપર જોઈશું. આ મંદિરમાં પ્રવેશ કરતાં જ પીળા પથ્થરની ૩૫ × ૨૨ ઇંચ ઊંચી અને લાંબી પટ્ટી જોવામાં આવે છે. તે ઉપર વિ. સં. ૧૫૦૫નો એક લેખ કોતરેલ છે. તે લેખ સ્વચ્છ અક્ષરોમાં લખેલ હોવાથી સારી રીતે વાંચી શકાય છે. જ્ઞાનભંડારમાં જતી વખતે પગથિયાં ઉપર આરસ પથ્થરમાં

× श्री लक्ष्मण विहारीय मिति ख्यातो जिनालयः श्री नंदि वर्ष-मानश्च वास्तुविद्यानुसारतः ।

जैन भा. ग्र. सूची परिशिष्ट (१), पान ६४

કોતરેલ શ્રી શત્રુંજયના સુંદર પટોનું દર્શન થાય છે. મૂળનાયક શ્રી સંભવનાથજી તથા અન્ય તીર્થંકરોની મૂર્તિઓ પણ ત્યાં બિરાજમાન છે. આ મંદિરના સામા મંડપનો ગુંબજ ખરેખર જોવા યોગ્ય છે. છતના મધ્ય ભાગમાં આબુ–દેલવાડાનાં મંદિરોની જેમ લટકતા કમળનું લોલક છે. તેની આસપાસ ગોળાકાર બાર અપ્સરાઓનો અભિનય, મરોડ, અંગ વગેરે જોઈને એવું લાગે છે કે જાણે તે ખરેખર જીવંત પૂતળીઓ ન હોય ! અપ્સરાઓના નીચેના ભાગમાં ગંધર્વના સ્વરૂપને ચીતરેલ છે. અપ્સરાઓની વચ્ચે એક–એક પદ્માસને બેઠેલ જિન મૂર્તિ છે. તેમની નીચે હંસ બનેલ છે. દક્ષિણ બાજુ પીળા પથ્થરનાં બે તોરણ છે. તેનું શિલ્પ જોવા જેવું છે. બન્ને તોરણો પર વિ. સં. ૧૫૦૬[1] તથા ૧૫૧૮[2]ના લેખ નીચે પ્રમાણે છે :

આ ઉપરાંત અહીં વીસ વિહરમાનના પટ, નંદીશ્વરનો પટ, તથા શ્રી મરુદેવી માતાની હાથી પર બેઠેલ મૂર્તિ વગેરેનું શિલ્પ સૌંદર્ય અત્યંત દર્શનીય છે.

---

१. संवत १५०६ वर्ष खरतरगच्छे श्री जिनभद्रसूरि विजय राज्ये श्री नेमीनाथ तोरणं कारितं सा० आसमल पुत्र सा० पेथा तत्पुत्र सा० आसराज तत्पुत्र सा० पाता (क) स्य निजभ्रातृ गेली श्राविया पुण्यार्थं ।

२. संवत १५१८ वर्ष ज्येष्ठ (७) वदी ४ खरतरगच्छे श्री जिनभद्रसूरीणां प्रसादेन श्री कीर्तिरत्न सूरीणामादेशेन गणधरगोत्रे सा. (भा. १) रुभार्या धत्रीपुत्र सा. पासड सं. सच्चा सं. पायउ भार्या प्रेमचंद पुत्र सं. जीवंद श्रावकेण भार्या जीवादेपुत्र साधारण धीरा भगिनी विमली पूरी धरमई प्रमुख परिवार सहितेन पा. कमलराज गणि व राणां सदुपदेशेन श्री वासुपुज्य बिंब तोरणं कारितं । प्रतिष्ठ (ष्ठि) पच...श्री जिन भद्रसूरि पट्टालंकार श्री जिनचंद्र सूरिभिः ।। उत्तम लाभगणि प्रणवति ।।

ગૂઢ મંડપમાં સ્ફટિકના પદ્માસને રહેલ ચૌમુખજી ધાતુના ચોખટામાં સ્થાપિત કરેલ છે. ગભારાની પાછલી બાજુએ ભમતીમાં પીળા પથ્થરની પદ્માસને રહેલ ૩૦ જિન મૂર્તિઓ બિરાજમાન છે. અહીં એક પીળા પથ્થર પર સ્તૂપ આકૃતિવાળું સુંદર સમવસરણ વિ. સં. ૧૫૧૮ના લેખવાળું છે. વચલા ભાગમાં એક ઉપર એક એમ ત્રણ ચૌમુખજી તથા એક મોટી ચરણપાદુકા પણ મળી આવે છે. મંદિરનું શિખર સાદી આકૃતિવાળું છે અને મંડોવરના ગોખલામાં પદ્માસને રહેલ તીર્થંકરોની મૂર્તિઓ પણ બિરાજમાન છે, તે ખરેખર દર્શનીય છે.

આ મંદિરનું નિર્માણકાર્ય શ્રી જિનભદ્રસૂરિજીના સદુપદેશથી ચોપડા ગોત્રના ઓસવાલ શેઠ શિવરલા, મહિરાજ, લોલા તથા લાખણ નામના ચાર ભાઈઓએ મળીને વિ. સં. ૧૪૯૪માં શરૂ કર્યું અને ત્રણ વર્ષમાં તે નિર્માણકાર્ય પૂરું થઈ ગયું. વિ. સં. ૧૪૯૭માં આ મંદિરની પ્રતિષ્ઠા શ્રી જિનભદ્રસૂરિજી મહારાજનાં કરકમલોથી થઈ. મુખ્ય મૂર્તિ સિવાય બીજી ૩૦ મૂર્તિઓની પ્રતિષ્ઠા પણ મહારાજશ્રીએ આ મંદિરમાં કરી.[1]

---

१. शिवराज–महिराज–लोला लाखण नामकः । चतुर्भिर्बंधिभिरे-भिस्चतुर्घधर्मकारकः ॥

अथ संवत १४९४ वर्षे श्री वैरसिंह राउल राज्ये श्री जिनभद्र-सूरिणामुपदेशेन नवीनः प्रासादः कारितः । ततः सं. १४९७ वर्षे कुंकुमपत्रिकाभिः सर्व देशवास्तव्य परः सहस्र श्री वकानामजय प्रतिष्ठा महोत्सवः सा शिवाद्यैः कारितः । तत्र च महासिश्री जिनभद्रसूरिभिः श्री संभवनाथ प्रमुख बिंबानी ३०० प्रतिष्ठानि प्रासादश्चध्वजशेखरः प्रतिष्ठितः । तत्र श्री संभवनाथ मूलनायक त्वेन प्रतिष्ठितः ॥ जै. भा. ग्र. सू. परि. (३) पान ६८

શ્રી હેમધ્વજે વિ. સં. ૧૫૫૦ રચેલ એક અપ્રકટ સ્તવનમાં[૧] પણ આ મંદિર અંગે આ પ્રમાણે લખેલ છે :

प्रसाद जिसउ नलिनो विमाण, चोपडा तणउ दीसई प्रधान
मूल नायकु गरुयाउ संभवसामि, बिंब छसई चवदातर
सिद्धि गामि ।

ખરતરગચ્છાચાર્ય શ્રી જિનસુખસૂરિજી રચિત ચૈત્ય પરિપાટી સ્તવનાનુસાર બહારના ચોકમાં ૨૦૦ મૂર્તિઓ, અંદરના ચોકમાં ૨૮૧, મંડપમાં ૩૬, મૂળ ગભારામાં ૨૫, ભમતીમાં ૧૨—આમ કુલ ૫૫૩ મૂર્તિઓ છે. પરંતુ વૃદ્ધિરત્નમાળામાં ૬૦૪ મૂર્તિઓનો ઉલ્લેખ છે. સ્થાપત્યકલાની દૃષ્ટિએ આ મંદિર દર્શનીય છે.

આ મંદિરમાં એક નંદીશ્વર દ્વીપનો પટ છે. તેના પર લખેલ છે : जव जितना मंदिर व तिल जितनी मूर्ति. પરંતુ હાલ પ્રક્ષાલ વગેરે કરવાથી પટ બગડી જવાથી આકૃતિ સ્પષ્ટ દેખાતી નથી.

એમ તો આ મંદિરના ભોંયરામાં રહેલ અપૂર્વજ્ઞાન ભંડાર હંમેશાં બંધ જ રહે છે, પરંતુ યાત્રાળુઓના આગ્રહથી ટ્રસ્ટના અધિકારીઓ દર્શન કરવા માટે ઉઘાડી દે છે. આ મંદિર પોતાના આ જ્ઞાનભંડારને લીધે આજે પણ દેશવિદેશનાં જ્ઞાનપિપાસુઓને માટે આકર્ષણનું એક કેન્દ્ર બનેલ છે.

---

૧. સાહિત્યપ્રેમી શેઠ અગરચંદજી નહાટા તરફથી સ્તવન મળેલ છે.

## ૩. શ્રી શીતલનાથજીનું મંદિર

શ્રી સંભવનાથજીના મંદિરમાંથી નીકળીને ડાબી, જમણી બાજુ ગયા વગર ૨૦ વિહરમાનોની મૂર્તિઓ પાસેથી પસાર થતો યાત્રાળુ સીધો શ્રી શીતલનાથજીના મંદિરના પ્રવેશદ્વાર પર પહોંચે છે. આ મંદિરની સ્થાપના તેમજ પ્રતિષ્ઠા વિ. સં. ૧૪૭૯માં થયેલ છે. આ વખતે મૂળનાયક શ્રી શીતલનાથ ભગવાનના સ્થાન પર વિ. સં. ૧૫૬૬ના લેખવાળી શ્રી શાંતિનાથ પ્રભુની ધાતુની મૂર્તિ પ્રતિષ્ઠિત કરેલ છે. રંગમંડપમાં અન્ય મૂર્તિઓ ઉપરાંત આરસ–પહાણનો એક અત્યંત મનોહર સત્તરિસય (૧૭૦) જિન નો ૫×૭ ફૂટ લંબાઈ–પહોળાઈનો પટ છે. આ મંદિરમાં ભવભંજન તથા સંકટહરણ ઉપરાંત નવખંડા પાર્શ્વનાથજી તથા એક જ પથ્થર પર ૨૪ તીર્થંકરોનો એવો તો સુંદર તથા મનોહર પટ છે, કે જેથી યાત્રાળુની ભક્તિભાવનાને ખરી રીતે આંતરિક સુખશાંતિ મળે છે. આ મંદિરનું નિર્માણ ડાગા ગોત્રના લુણાસા, મણાસા ઓસવાલ શેઠોએ કરાવેલ છે. વૃદ્ધિરત્નમાલાના પાનાં ૪ પ્રમાણે આ મંદિરની પ્રતિષ્ઠા* સં. ૧૫૦૮માં થઈ છે. આ ગ્રંથમાં બીજી કેટલીય માહિતી આ મંદિરને અંગે આપવામાં આવી છે.

આ મંદિરમાં કોઈ પ્રશસ્તિ (લેખ) મળતા નથી. શ્રી જિનસુખસૂરિજી રચિત ચૈત્ય પરિપાટી અનુસાર આ મંદિરમાં ૩૧૪ મૂર્તિઓ હોવાનો તથા વૃદ્ધિરત્નમાળામાં ૬૦૭ મૂર્તિઓ હોવાનો ઉલ્લેખ મળે છે. સ્થાપત્યકલાની દૃષ્ટિએ આ મંદિર પણ જોવાલાયક છે.


---

*सोम वदन मूरित भली, शीतल जिनराज;
सुजस लियो डागे भलो; महिमा अधिक कहाय ।
श्री महिमा समुद्र रचित जैसलमेर चैत्य परिपाटी ।-


## કુળદેવીઓનું અદૃશ્ય થવું

પ્રાચીન કાળમાં ચમત્કારોએ કેટલીક વાર નવી મૂર્તિઓની સ્થાપનામાં સાથ આપેલ છે. પ્રસંગવશ અહીં પણ એક ચમત્કારી પ્રસંગનું વર્ણન કરવાનું અનિવાર્ય જણાય છે. એકવાર આચાર્ય શ્રી જિનવર્ધનસૂરિજી મહારાજ અહીં ચાતુર્માસ માટે પધાર્યા હતા. આસો સુદ ૧૦ (દશેરાના દિવસે) સૂરિજી મહારાજની આજ્ઞાથી શિષ્યો ગોચરી માટે ગામમાં ગયા. બધાં ઘરની શ્રાવિકાઓએ એક જ જવાબ આપ્યો કે "મહારાજ, હજુ સુધી દેવીનું પૂજન થયું નથી." ગોચરી ન મળવાથી બધા સાધુઓ ઉપાશ્રયે પાછા આવ્યા અને જે જવાબ મળ્યો હતો, તે આચાર્યશ્રીને જણાવ્યો. સૂરિજી મહારાજ તે વખતે ચૂપ રહ્યા. બધા સ્વાધ્યાયમાં બેસી ગયા અને સૂરિજી મહારાજ પણ ધ્યાનસ્થ બની ગયા. શ્રાવકોએ ઘરે જઈને દેવીપૂજનની તૈયારી કરી અને પૂજાની બધી સામગ્રી થાળીમાં ભરીને દેવીની પૂજા કરવા માટે જેવી પેટીઓ ખોલી તો તેમાં મૂર્તિ મળી નહીં. ઘરના બધા લોકો ઉદાસ થઈ ગયા. થોડા જ સમયમાં દરેક ઘરમાંથી 'દેવીની મૂર્તિ અદૃશ્ય થઈ ગઈ' એવો અવાજ આવવા લાગ્યો. લોકો ભેગા થઈને અંદરોઅંદર વાતચીત કરવા લાગ્યા. તે ભીડમાંથી એક વૃદ્ધ માણસે શ્રાવિકાઓને પૂછ્યું : "શું આજે આપણે ઘેર કોઈ આવ્યું હતું?" શ્રાવિકાઓએ ગોચરી માટે ગુરુ મહારાજનું પધારવું અને ગોચરી ન મળવાથી પાછા જવા અંગેની બાબત બતાવી. બધાએ મળીને વિચાર કર્યો કે "જૈન સાધુઓ આવું કદી પણ ન કરે કે તેઓ મૂર્તિ ઉઠાવી લઈ જાય." બધા એકમત થઈને સૂરિજી મહારાજને મળવા માટે ઉપાશ્રયે ગયા. મહારાજને વંદના કરીને બધા બેસી ગયાં. સૂરિજીએ બધાને એકઠા થઈને ત્યાં આવવાનું કારણ પૂછ્યું. વૃદ્ધ શ્રાવકે બધી બાબત કહી સંભળાવી. તે સાંભળીને સૂરિજી મહારાજે


કહ્યું કે "તમે બધા વીતરાગ દેવ શ્રી જિનેશ્વર ભગવાનના ઉપાસક તેમજ જિન ભગવાનની પૂજા કરવાવાળા શ્રદ્ધાવંત શ્રાવક હોવા છતાં પણ આજ સુધી દશેરાના દિવસે દેવીનું પૂજન કરો છો." સૂરિજી મહારાજના ઉપદેશથી શ્રદ્ધાળુ ભક્તોને તુરત જ સમજાઈ ગયું કે આ ચમત્કાર આચાર્ય મહારાજનો જ છે. તે વખતે બધાએ ઊભા થઈને પચ્ચખાણ કર્યું અને હાથ જોડીને કહ્યું : "આચાર્ય મહારાજ! હવે કદી પણ દશેરાના દિવસે દેવીનું પૂજન કરીશું નહીં." ત્યાર પછી એક વૃદ્ધ શ્રાવકે સૂરિજી મહારાજને પ્રાર્થના કરી કે "કૃપા કરીને એ બતાવો કે મૂર્તિઓ ક્યાં ગઈ?" મહારાજે કહ્યું : "હવે દેવીની મૂર્તિઓની શી જરૂર છે?" શ્રાવકોના અત્યંત આગ્રહને લીધે સૂરિજીએ કહ્યું : 'સામેનો કબાટ ખોલીને જુઓ.' બધાએ ખૂબ ખુશ થઈને કબાટ ખોલ્યો, તો તેમના આશ્ચર્યની અવધિ ન રહી. સોના, રૂપાની કે ત્રાંબાની બધી મૂર્તિઓ ત્યાં દેખાઈ, પરંતુ કોઈની હિંમત ન ચાલી કે પોતાની મૂર્તિ ત્યાંથી ઉપાડીને લઈ જાય. બધા એકબીજા સામું તાકવા લાગ્યા, અને પછી સૂરિજીની પાસે આવીને હાથ જોડીને ઊભા રહ્યા. સૂરિજીએ તે બધાના મનની વાત જાણીને આદેશ આપ્યો કે "તે બધી મૂર્તિઓને ગાળીને વીતરાગ પ્રભુની મૂર્તિ બનાવી લો" સૂરિજી મહારાજના આદેશ પ્રમાણે બધી મૂર્તિઓને ગાળી નાખીને બે જિનબિંબ બનાવવામાં આવ્યાં અને તે બિંબોની પ્રતિષ્ઠા સૂરિજી મહારાજે પોતાના હાથો વડે કરી અને શ્રી શીતલનાથ પ્રભુના મંદિરની બહાર ડાબી બાજુએ સ્થાપિત કર્યાં. પ્રતિષ્ઠા કાર્ય સમાપ્ત થયા બાદ બધા શ્રાવકો તથા સૂરિજી મહારાજ પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા. પૂજારી પણ મંદિર બંધ કરીને ચાલ્યો ગયો. થોડી રાત વીત્યા પછી મંદિરમાં ભયંકર કોલાહલ થવા લાગ્યો. બહાર ઊભેલા લોકોને એવું લાગ્યું કે મંદિરની અંદર એક બીજા સાથે ભયંકર યુદ્ધ ખેલાઈ રહેલ છે. આ ઘટનાથી બધા ભયભીત




જૈન મંદિરનું ભવ્ય શિખર




ચૌગાન પાડેના સુન્દર કલા, જૈસલમેર



જૈસલમેર દુર્ગ જૈન મંદિરોનું દૃશ્ય



મહાવીર ભવન, જૈસલમેર



ટીલોની પોળ, જેસલમેર



જૈન મંદિરનો બાહરનો ભાગ

થઈ ગયા અને સંકટના ભયથી આખી રાત જાગતા રહ્યા. પ્રાતઃકાળે બધા લોકો અંદરોઅંદર ગૂપસૂપ કરવા લાગ્યા. પરંતુ તે સમયે મંદિરની અંદર કોલાહલ બંધ થઈ ગયો. પૂજારીએ એકઠા થયેલા લોકોની ભીડ જોઈને તથા બનેલ ઘટના અંગે બધી માહિતી મળવાથી મંદિર ખોલવાની હિંમત ન કરી. બધાએ મળીને સૂરિજી પાસે જઈને વિનંતિ કરી કે "મંદિરમાં આ શો ઉપદ્રવ થયો છે? અમે તો આખી રાત જાગતા રહ્યા છીએ અને જે યાતનામાંથી પસાર થઈ રહ્યા હતા તે અવર્ણનીય છે. હવે મંદિર ઉઘાડવાની કોઈમાં પણ હિંમત નથી. આપ જ બતાવો કે અમે શું કરીએ?"

સૂરિજી મહારાજ આ બધું સાંભળીને નવાઈ પામ્યા અને તેમણે કહ્યું : "હે મહાનુભાવો, આપ બધા તો ક્ષત્રિયવંશી વીરપુરુષ છો, તેમાં ગભરાવાની શી જરૂર છે? ચાલો, હું સાથે આવું છું, મંદિર ઉઘાડો."

તે વખતે બધા લોકો સૂરિજી મહારાજની સાથે મંદિરની સામે જઈને ઊભા રહી ગયા. બારણું ઉઘાડવામાં આવ્યું, પણ 'પહેલો કોણ પ્રવેશ કરે?' આ સમસ્યા બધાની સામે આવી ઊભી. આ સમયે બધા ક્ષત્રિયવંશના વીર કહેવડાવનારા લોકો વાણિયાની માફક એકબીજાનું મોઢું જોવા લાગ્યા. બધાને નાહિંમત થયેલ જોઈને સૂરિજી મહારાજે મંદિરમાં પ્રવેશ કર્યો. અંદર જઈને તેમણે જોયું તો જે નવી પ્રતિમાની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી, તે ત્યાં ન હતી, પણ નીચે બિરાજમાન હતી. સૂરિજી મહારાજે પ્રતિમાને ઉપાડીને પહેલાંના સ્થાન પર બિરાજમાન કરવાનો આદેશ આપ્યો. આ સાંભળીને બધા હતાશ થઈ ગયા. કોઈની પણ હિંમત ન ચાલી કે સૂરિજીની આજ્ઞાનું પાલન કરે. બધાને બીકણ જોઈને સૂરિજી

મહારાજે પોતે મંત્ર બળપૂર્વક વાસક્ષેપ નાખીને મૂર્તિને ઉપાડીને પહેલાંના સ્થાન પર પધરાવી દીધી અને વ્યંતર દેવીઓનો ઉપદ્રવ ફરી ન થાય, તે માટે પ્રભુનાં ચરણો પર બે તાંબાની ખીલી ખોડી દીધી. તેના પ્રભાવથી મૂર્તિ સ્થિર થઈ ગઈ. યાત્રાળુઓ આજે પણ તે મૂર્તિ તથા ખીલી–બન્નેનાં દર્શન કરીને પોતાને ધન્ય સમજે છે.

## ૪–૫. શ્રી શાંતિનાથજી તથા કુંથુનાજીનાં મંદિરો

શ્રી શીતલનાથજીના મંદિરના દર્શન કર્યા બાદ મુખ્ય સભામંડપ-માંથી પસાર થઈને યાત્રાળુ બહાર નીકળે છે, ત્યારે જમણી બાજુ તરફ અંદરથી પાંચ–સાત પગથિયાં ઉપર જતાં શ્રી શાંતિનાથજીનું પ્રવેશદ્વાર દેખાય છે. મંદિરમાં પ્રવેશ કરતાં જ શ્રી શાંતિનાથ પ્રભુનાં દર્શન થાય છે. મંદિરનું શિખર તથા મૂર્તિઓ ખરેખર કમાલની બની છે. તેના ઉપરના ભાગમાં શ્રી શાંતિનાથ પ્રભુ મૂલનાયકરૂપે બિરાજમાન છે અને નીચેના ભાગમાં શ્રી અષ્ટાપદજીનું મંદિર છે. તેમાં મૂળનાયક ૧૭મા તીર્થંકર શ્રી કુંથુનાથજીની ભવ્ય મૂર્તિ બિરાજમાન છે. આ બન્ને મંદિરોનું નિર્માણ સંખલેચા ગોત્રના ખેત તથા ચોપડા ગોત્રના પાંચાએ મળીને શત્રુંજય, ગિરનાર તથા આબુની યાત્રા કર્યા બાદ કરેલ છે. *

આ બંને મંદિરોની પ્રતિષ્ઠા વિ. સં. ૧૫૭૬માં શ્રી જિન-સમુદ્રસૂરિજી મહારાજે કરી. આ મંદિરોની કર્ણપીઠ પર કોતરેલ મૂર્તિઓ ઘણી સુશોભિત છે તથા શિવ–પાર્વતીની જોડી ઉપરાંત કેટલાય પ્રકારની મુદ્રાઓમાં સ્ત્રી–પુરુષોની મૂર્તિઓ સહેજે દર્શકોને મોહિત બનાવે છે.

---

* જૈન લેખ સંગ્રહ–ખંડ ૩, લેખાંક ૨૧૫૪

શ્રી હેમધ્વજે સં. ૧૫૫૦માં રચેલ એક અપ્રસિદ્ધ સ્તવનમાં આ મંદિરના નિર્માતા અંગે આ ઉલ્લેખ છે :

जिन भवण तणउ सांभलि प्रभाव, लाखण
खेता मनिहुयउ उच्चाह्; प्रासाद मंडवियर्क
मलई गमि, पुण्य न जाणउ एणि कामि; अष्टापद्दु
तीरथ कियउ विशाल, सिरि शांति कुन्थु बहु विम्बमाल

ઉપરના મંદિરના મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનના સમવસરણની આકૃતિમાં બિરાજમાન ધાતુની પંચતીર્થી મૂર્તિ વિ. સં. ૧૫૨૬ના લેખ વાળી છે. લેખ દબાણ હોવાને કારણે નીચે લખેલ અક્ષરો જ સ્પષ્ટ દેખાય છે.

"સં. ૧૫૨૬ વર્ષે ફા. સુ. (૩) દિને"

શ્રી શાંતિનાથ મૂળનાયક સિવાય ત્રણે દિશાઓમાં ત્રણ મૂર્તિઓ બિરાજમાન છે. સમવસરણની શિલ્પકલા અસાધારણ અને મનોહર છે. તેના શિખરના ગુંબદ્ની છતમાં વાજિંત્રો સાથે નૃત્ય કરી રહેલ ૧૨ અપ્સરાઓ ખૂબ સુંદર રીતે ચિત્રાંકિત કરવામાં આવેલ છે અને તેના નીચેના ભાગમાં એક એક ગંધર્વની સ્થાપના કરવામાં આવેલ છે. ગભારા (ભંડાર)ની બહાર પીળા પથ્થરના સત્તરિસય (૧૭૦) જિન પટ ઉપર સં. ૧૫૩૬નો એક લેખ છે.[૧]

---

૧. सं. १५३६ वर्ष फाल्गुन सुदी ३ दिने राउला श्री देवकरण राज्ये समस्त देशना संघ मेलवी श्री जिनचन्द्रसूरि कन्हली प्रतिष्ठा करावी श्री कुन्थुनाथ श्री शान्तिनाथ मूलनायक थपाव्या ॥

જૈન ભા. ગ્ર. સુ. પારિ. (૫), પાનું ૭૦

પીળા પથ્થરની બે કાયોત્સર્ગ મુદ્રાની મૂર્તિઓ અત્યંત સુંદર અને મનોહર છે. આરસપહાણની બે ઉત્કૃષ્ટ શિલ્પ આકૃતિઓ.નર્તકીઓની મૂર્તિઓ પર મંદિરના નિર્માણ અંગેના લેખો મળે છે.[૧] આ નૃત્ય કરી રહેલ મૂર્તિઓ તે સમયની શિલ્પરચના તેમજ કલાનાં ઉત્કૃષ્ટ ઉદાહરણ જણાઈ છે.

આ મંદિરના નિર્માતા શેઠ ખેતા તથા તેમની પત્ની સરસ્વતી બન્નેની ધાતુની મૂર્તિઓ રંગમંડપની નીચે પીળા પથ્થરના હાથી ઉપર બેસાડેલ છે. શેઠ ખેતાની મૂર્તિ પર નીચેનો લેખ લખાયેલ મળી આવે છે :

संवत १५९० वर्षे पोष सुदी ३ दिने श्री आदिनाथ प्रतिमा सेवकः ।

આ મૂર્તિઓની સ્થાપના તથા આ મંદિરનું નિર્માણ કાર્ય શેઠના પુત્ર સંઘવી વીદાએ ખૂબ તન, મન, ધનથી કર્યું. તેનો ઉલ્લેખ તેમની પ્રશસ્તિ (લેખ)માં મળે છે. મંદિરની ભમતીમા શત્રુંજય અવતાર તથા ગિરનાર અવતારના બે સુંદર પટ પણ છે. મંદિરના મંડોવરનું શિલ્પ કાર્ય અત્યંત ઉત્કૃષ્ટ છે અને તેમાં તીર્થંકરો તથા મુનિઓનાં સ્વરૂપોની સુંદર મૂર્તિઓ પણ છે, જેનું કાર્ય શિલ્પકલાની દૃષ્ટિએ અત્યંત બારીક તથા સુંદર છે.

નીચેના ભાગમાં અષ્ટાપદજીનું મંદિર છે. મુખ્ય ગભારામાં મૂળનાયક શ્રી કુંથુનાથ પ્રભુની પ્રતિમા બિરાજમાન છે. તેમની ચારે બાજુ ૭–૫–૭–૫ના ક્રમથી કુલ ૨૪ પ્રતિમાઓ છે. મુખ્ય ગભારાની ભમતીમાં વિ. સં. ૧૫૨૬ના લેખવાળી પીળા પથ્થરની ચોવીસી અને એ વર્ષના કોઈ બીજા શેઠ મારફત બનાવવામાં આવેલ બાવન જિનેશ્વરનો પટ પણ છે. અન્ય મૂર્તિઓ ઉપરાંત ૭૨ જિનેશ્વરનો પટ તેમજ વિ. સં. ૧૫૩૬માં ચોવીસીનો પટ પણ

૧. જૈન લેખ સંગ્રહ–ખંડ ૩, લેખાંક ૨૧૫૫.

સ્થાપિત કરવામાં આવેલ છે. તે સિવાય મુખ્ય ગભારાની બહાર તથા ભમતીમાં શ્રીજિનેશ્વરની અનેક મૂર્તિઓ છે.

સભામંડપના ચારે થાંભલાઓની વચ્ચે તોરણ છે. ગૂઢમંડપમાં ૧ સફેદ આરસની તથા ૧ શ્યામવર્ણની બે પ્રસ્તર મૂર્તિઓ કાયોત્સર્ગ મુદ્રાની છે. તેની બન્ને તરફ ૧૧–૧૧ મૂર્તિઓ હોવાથી ચોવીસી કહેવામાં આવે છે. તેના પર નીચેનો લેખ છે :

संवत १५८२ वर्षे फागण. बूदि ६ दिने सोमवारे
श्री सुफस धिंब कारिंत सं० मालापुत्र रत्न सं. पूनसीकेन
पुत्रादि परिवार युतेत स्वश्रेयसे प्रति (०) ॥

## સંઘવી શેઠ પાંચાનાં મહત્ત્વપૂર્ણ કાર્યો

જૈસલમેરના પાંચા શેઠ પોતાના સમયના અત્યંત પ્રભાવશાળી વ્યક્તિ હતા. તે ધર્માત્મા તથા શ્રદ્ધાળુ શ્રાવક તરીકે પ્રસિદ્ધ હતા. તેઓ પોતાના જીવનકાળમાં જૈસલમેરથી શ્રી શત્રુંજયનો ૧૩ વાર સંઘ (યાત્રા) લઈને ગયા હતા. તેમણે શ્રી અષ્ટાપદજીનું મંદિર બનાવીને તેની પ્રતિષ્ઠા પણ કરાવી હતી. પાંચા શેઠને ચાર પુત્ર તથા એક પુત્રી હતી. પુત્રીએ તે જ મંદિરમાં શાંતિનાથની મૂર્તિ પધરાવી હતી. એક વાર શેઠ ઘરનો બધો ભાર પુત્રોને સોંપીને પરિવાર સહિત યાત્રા કરવા નીકળી પડયા. સુખપૂર્વક યાત્રા કરીને તે ઘેર પાછા ફર્યા અને ઘરનો બધો કારભાર સંભાળીને પુત્રીને પૂછ્યું "હે પુત્રી, તને હું શું આપું ? તને જે વસ્તુની જરૂરિયાત હોય તે માંગી લે. હું આપવા તૈયા છું."

દીકરીએ જવાબ આપ્યો : "પિતાજી, હું ધનની ભૂખી તો નથી. જો આપ મારી ઇચ્છા પૂરી કરવા ઇચ્છતા હો તો એક વિનંતી છે

કે આપ શ્રી અષ્ટાપદજીના મંદિર ઉપર એક બીજું મંદિર બંધાવી આપો. આ મારી ઇચ્છા છે. આને હું પૂર્ણ થયેલ જોવા ઇચ્છું છું."

પુત્રીની આ પવિત્ર ઇચ્છા જાણીને પાંચા શેઠ ખૂબ જ પ્રસન્ન થયા અને બોલ્યા : તુરત જ તારી ભાવનાને અનુકૂલ ઉપર મંદિર બાંધવામાં આવશે." આ વચનોથી પાઠકોએ તે સમયનાં સંતાનોની ભાવનાઓને સમજીને કાંઈક શીખવું જોઈએ. આથી સ્પષ્ટ જાહેર થાય છે કે 'તે સમયનાં માતાપિતા મારફત પોતાનાં બાળકોમાં કેવા પ્રકારની ધાર્મિક ભાવનાઓ પેદા કરવામાં આવતી હતી.' બાળપણથી જ ધાર્મિક પ્રવૃત્તિ તરફ બાળકોને પ્રવૃત્ત કરી દેવાથી તેમના સંસ્કાર પણ તેવા જ બની જાય છે. તે સમયે ધાર્મિક ભાવનાઓની આગળ બીજું બધું તદ્દન નકામું સમજાતું હતું. પરિણામ એ છે કે આજે પણ સંસ્કૃતિનું તે સ્વરૂપ તૈયાર થઈ આપણી સમક્ષ તે સમયનું એ ચિત્ર ઊપસી આવે છે. પાંચા શેઠે પુત્રીની ઇચ્છાનુસાર અષ્ટાપદજીના મંદિર-ના ઉપરના ભાગમાં એક મંદિર તૈયાર કરાવ્યું અને વિ. સં. ૧૫૧૬માં શ્રી શાંતિનાથ પ્રભુની મૂર્તિની સ્થાપના કરવામાં આવી.

પિતાના તે કાર્યથી પુત્રીને સંતોષ થયો નહીં. તેણે વિચાર્યું : "આ મંદિર તો પિતાજીએ બંધાવ્યું. મેં શું કર્યું ? મારે પણ કાંઈક કરવું જોઈએ." તેટલા માટે તેણે પોતાનાં પહેરેલાં આભૂષણોને ગળાવી નાખીને તે વખતે શ્રી શાંતિનાથ ભગવાનની મૂર્તિ બનાવડાવી અને શ્રી સૂરિજી મહારાજ પાસે અંજનશલાકા કરાવીને સ્થાપિત કરી. ધન્ય છે એવાં માતાપિતાને અને ધન્ય છે તેમનાં બાળકોને કે જેમનાં આવાં મહત્ત્વપૂર્ણ કાર્યો આજે પણ આપણને પ્રેરણા દે છે.

અષ્ટાપદજીના મંદિરના અંદરના ભાગમાં કેટલીય એવી આકૃતિઓ જોવા મળે છે કે જે જોઈને એવું સહેજ અનુમાન કરી શકાય છે કે તે સમયે હાથી, ઘોડા તથા સિંહ વગેરે માનવોનાં પ્રિય પ્રાણીઓ હતાં.

કોઈ કોઈ જગ્યાએ વાંદરાઓનાં ચિત્ર પણ નજરે પડે છે. મંદિરની બહાર મૂર્તિઓનું જે તુલનાત્મક કોતરકામ દૃષ્ટિગોચર થાય છે, તે પરથી તે સમયની ઉત્કૃષ્ટ કળાનો ઉત્કર્ષ આપણી સમક્ષ નજરે ચડે છે. અંદરના પાણીને બહાર કાઢવાને માટે જે ખાળ (નાળું) બનાવેલ છે તેનું શિલ્પ એટલું ઉત્કૃષ્ટ છે કે તે ખાળ નહીં, પણ એવું લાગે છે કે જાણે મગરમચ્છનું મુખ છે! ઉપરની દીવાલ પર શિવ–પાર્વતીનું યુગલ છે, તેમાં શિવજી દાઢીવાળા તથા તેમના હાથમાં કમંડળ હોય તેવા ચીતરેલ છે. તેની પાસેની કેટલીક યુવતીઓ તુરહીવાદન કરી રહેલ ઢોલક તથા તંબુરો વગાડતી હોય તેવી નૃત્યની અનેક મુદ્રાઓમાં દૃષ્ટિગોચર થાય છે. આ મંદિરની ચારે ભીંતોમાં ઉપર-નીચે બધી જગ્યાએ તે સમયના કલાકારોએ અનેક અત્યંત સુંદર મૂર્તિઓ કોતરીને પોતાની કળાના ઉત્કૃષ્ટ નમૂનાઓ પ્રદર્શિત કરેલ છે. આજે પણ તેમની કળા તેટલી જ નવીન તથા ચિત્તાકર્ષક લગે છે, જેટલી તે સમયે હતી.

આ મૂર્તિઓ તદ્દન સજીવ હોય તેવી લાગે છે. એવું થાય છે કે હમણાં બોલી! હમણાં બોલી! તેમાંય ખાસ કરીને નૃત્યની મુદ્રાવાળી મૂર્તિઓ ઘણી છે. નાટકજગતમાં આજે પણ તે મૂર્તિઓનું વિશેષ સ્થાન છે. પરદેશોમાં પણ આ મૂર્તિઓ નાટ્યજગતમાં વિશેષ ખ્યાતિ પ્રાપ્ત કરી ચૂકેલ છે. આજની ભારતીય નૃત્યાંગનાઓ પોતાનાં અંગ-ઉપાંગો દ્વારા નૃત્યની જે મુદ્રાઓ પ્રસ્તુત કરે છે, તેનાથી અનેકગણી પ્રેરણાદાયક નૃત્યમુદ્રા આ મૂર્તિઓમાં છે. આ વાત તે સમયના કલાકારની મહાનતાની દ્યોતક છે. એક જગ્યા એવી પણ છે, જ્યાં આગળ એક સ્ત્રી પોતાના ડાબા પગની એડીની નીચે પથ્થરનો ગોળો રાખીને પોતાના શરીરને પાછળ એટલું વાંકું વાળે છે કે પોતાના હાથની આંગળીઓ વતી પકડેલ વેઢ (વીંટી) જમણા પગના અંગૂઠામાં પહેરતી હોય તેવી મુદ્રામાં બતાવી છે. તે મૂર્તિને જોઈને યાત્રાળુ સહજમાં

તેના નૃત્યચાતુર્યને તથા તેની ભાવભંગિમાને સમજી શકે છે. નૃત્ય-મુદ્રાઓ ઉપરાંત કોઈ જગ્યાએ ખડ્ગધારી અને મહિષાસુરમર્દિનીની મૂર્તિઓ પણ આ મંદિરની દીવાલ પર અંકિત છે.

એક જગ્યાએ વાઘનો શિકાર કરતી તથા પટ્ટા ખેલતી યુવતી-ઓનાં ચિત્ર તે સમયની કલા તથા સંસ્કૃતિના પરિચાયક છે. બટુક ભૈરવનાં ચિત્રો તથા તેમની વચ્ચે ક્યાંક ક્યાંક નગ્ન કામિનીઓની મુદ્રાઓ તથા એક જગ્યાએ શૃંગાર રસનો રસિક પતિ પોતાની યુવાન પત્નીના હોઠ પર પોતાનો હોઠ રાખીને ચુંબન લેતાં હોય તેવો બતાવવામાં આવેલ છે. જે પ્રકારે સાહિત્યકારોએ પોતાની કલમ દ્વારા કામિની સ્ત્રીઓનાં અંગઉપાંગના સૌષ્ઠવનું વર્ણન પોતાના સાહિત્યમાં કરેલ છે, તેના કરતાં વધુ સૌંદર્ય તથા સજીવતા સાથે આ મૂર્તિ-ઓને અંકિત કરવામાં કલાકારો સફળ થયા છે.

ચંદ્ર જેવી ગોળ મુખાકૃતિ, ખૂબ વિશાળ ભુજાઓ, પહોળું કપાળ, નાગણ જેવી ગૂંથેલ વાળોની લટ, તીક્ષ્ણ નીલાં નયનો, પોપટની ચાંચ જેવું નાક, પાતળા સુંદર હોઠ, મદમાતા સ્તન, પાતળી સપાટ કમર અને અલંકારથી સજ્જ થયેલ આખું શરીર વગેરેની સૂક્ષ્મતા તથા ભાવભંગિમા વગેરે આબેહૂબ કંડારવામાં આવેલ છે, જે જોયાથી જ જાણી શકાય છે અને ખરેખર મૂર્તિઓને જોઈને યાત્રાળુ એવો પ્રભાવિત થાય છે કે તે ખજુરાહો, કોણાર્ક તથા દેલવાડા વગેરેને પણ ભૂલી જાય છે. આ મંદિરની આ બધી મૂર્તિઓ ઉત્કૃષ્ટ કલા તથા શિલ્પ સૌષ્ઠવની દૃષ્ટિએ અત્યંત ઉત્તમ માનવામાં આવે છે. તેનું મહત્ત્વ તે સમયે હતું તેટલું આજે પણ છે. આ જ કારણને લીધે જેસલમેર

જેવી જગ્યાએ અનેક દેશી-વિદેશી કલાપ્રેમી યાત્રાળુઓ આવતા-જતા રહે છે. જેમણે આ મૂર્તિઓને જોઈ નથી, તે ખરેખર ભાગ્યહીન છે.

એક મહત્ત્વપૂર્ણ વાત યાત્રાળુઓ માટે લખવી જરૂરની જણાય છે કે યાત્રાળુ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુના મંદિરની બહાર આવીને સાત પગથિયાં ચઢીને શ્રી શાંતિનાથ પ્રભુના તથા અષ્ટાપદ પ્રભુનાં મંદિરોમાં પ્રવેશ કરે છે તે જગ્યાએ શ્રી દશાવતાર લક્ષ્મીનારાયણ વગેરેની અત્યંત સુંદર તથા મનોહર મૂર્તિઓનાં દર્શન થાય છે. તેમનું વર્ણન આ પ્રમાણે કરવામાં આવેલ છે.

શ્રી સાંડાશા શેઠે વિ. સં. ૧૫૭૩માં શ્રી ચંદ્રપ્રભુના મંદિરનું નિર્માણ કર્યું અને પ્રતિષ્ઠા કરાવી. ત્યાર પછી એક એવી ઘટના બની કે જેણે બધાને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુના મંદિરની પાસે શ્રી શાંતિનાથ પ્રભુનું મંદિર છે. આ બન્ને મંદિરોની વચ્ચે એક રાજમાર્ગ છે, જેથી મંદિરોમાં જવા-આવવાની મુસીબત નડતી હતી. તેથી તે સમયે સાંડાશા શેઠે તે રાજ્યમાર્ગ ઉપરથી એક રસ્તો તૈયાર કરવા વિચાર્યું કે જેથી એકથી બીજા મંદિરમાં જવા-આવવાનું સરળ થઈ શકે અને નીચેનો રસ્તો પણ ન રોકાય અને ઉપરથી પૂજા-દર્શન કરનારાઓને કોઈ ખલેલ ન પહોંચે. શેઠે જૈસલમેરના રાવલની પાસે પોતાની ઇચ્છા પ્રદર્શિત કરી, તો તેમને તુરત જ સ્વીકૃતિ પણ મળી ગઈ. પરંતુ સારાં કામોમાં હંમેશાં વિઘ્નો આવે જ છે.

તે વખતે બ્રાહ્મણ વર્ગને આ બાબતથી ઘણું ખોટું લાગ્યું અને તેમણે શેઠના આ કાર્યમાં અનેક પ્રકારે વિઘ્ન નાખવા માટે પ્રયત્ન કરવાની શરૂઆત કરી. તે સમયે રાજ્યમાં કેટલાક કાર્યકર્તાઓ

બ્રાહ્મણ હતા તેમના એક વર્ગે રાવલજીને કહ્યું : "જૈનો રાજમાર્ગ ઉપરથી બંધ કરાવે છે, ને આપ તેમને એવી અનુમતિ આપો છો, તો આમાં અમને તો કાંઈ વાંધો નથી, પરંતુ જૈનો તો ખૂબ ધનિક છે. તો આપ તેમને કહો કે તેઓ કિલ્લાની દક્ષિણ તરફ કોટ બનાવી આપે, જેથી કિલ્લાનું રક્ષણ ઘણી સારી રીતે થઈ શકશે. બ્રાહ્મણોનું આ કહેવા પાછળ એ રહસ્ય છુપાયેલું હતું કે જૈનો આવું કરી શકશે નહીં અને રાજમાર્ગ ઉપરથી પણ કાંઈ બની શકશે નહીં. સાંડાશા શેઠે આ વાત સાંભળી તો તેઓ ખૂબ ચિંતામાં પડી ગયા. તેમણે તે સાંજે શ્રી સંઘને એકાંતમાં ભેગો કર્યો અને બધી વાત સંભળાવી અને કહ્યું. "આ જૈન લોકોની ઇજ્જતનો સવાલ છે, તેટલા માટે આપણી પાસે જે ધન છે, તે બધું જૈન સમાજની ઇજ્જત રક્ષા અર્થે આ વખતે આપી દો, તો નાક રહી શકે છે."

બધા લોકોએ દિલ ખોલીને ધન આપ્યું અને બીજે દિવસે સવારે સાંડાશા શેઠ કેટલાક લોકોને લઈને આગેવાન બનીને રાવલજીની પાસે પહોંચ્યા અને કહ્યું : "આપની અનુમતિથી રાજમાર્ગ ઉપરથી બંધ કરવામાં આવી રહ્યો છે, તો હવે પછી આપશ્રીની શી આજ્ઞા છે?" રાવલજીએ સાંડાશા શેઠને કહ્યું : "જો આપ કિલ્લાનો કોટ બનાવી દો તો રાજમાર્ગ ઉપરથી બંધ કરાવી શકો છો, તે સિવાય નહીં." આ સાંભળીને બધા થોડો સમય ચિંતામાં ડૂબી ગયા. રાવલજીએ ફરી પૂછ્યું : "શું વિચારી રહ્યા છો?" સાંડાશા શેઠે કહ્યું : "આપની આ વાતથી અમારી ભાવનાને ઠેસ પહોંચી છે, કારણ કે અમે તો વિચારતા હતા કે આપ આખા જેસલમેરનો એક કોટ બનાવવાની આજ્ઞા આપશો, પરંતુ આપે તો ફક્ત કિલ્લાનો એક કોટ બનાવવાનું જ

કહ્યું. જેવી આપની આજ્ઞા. અમે તો સરકારી આજ્ઞાને શિરોધાર્ય કરવા તૈયાર છીએ."

શેઠની આ વ્યંગભરી વાતે બ્રાહ્મણવર્ગ તથા રાવલજીને વિચારમાં નાખી દીધા, કારણ કે જે કાર્ય સરકારે કરવું જોઈએ, તે શેઠ સમુદાય કરી રહેલ છે. કિલ્લાનો કોટ તો બન્યો, પણ બ્રાહ્મણોને ચીડવવા ખાતર ઘાઘરા (ચણિયા) જેવો બનાવવામાં આવ્યો, જેથી તે આજ સુધી ઘાઘરિયો કોટ કહેવાય છે. આ કિલ્લાનો કોટ બનાવવામાં તે સમયે ત્રણ લાખ રૂપિયા ખર્ચ થયો અને આ બાજુ બન્ને મંદિરોની વચ્ચેના રાજમાર્ગને ઉપરથી ઢાંકવામાં આવ્યો. બ્રાહ્મણોને ફરી ઠેસ લાગે તેવી વાત થઈ, કારણ કે રાજમાર્ગ આ પ્રમાણે બંધ થઈ જવાને લીધે ઘાઘરાવાળી સ્ત્રીઓ ઉપરથી નીકળશે અને તેઓ (બ્રાહ્મણો) નીચેથી. આ તેમને અપમાનજનક લાગ્યું. પછી કેટલાક દરબારી બ્રાહ્મણોએ રાવલજીને કોઈક રીતે ભોજન માટે આમંત્રણ આપ્યું. તેમાં વિચાર્યું કે પહેલી વખત રાવલજી સરકાર જ આની નીચેથી પસાર થશે. રાવલ-જીએ આમંત્રણને સ્વીકાર્યું જ્યારે રાવલજી ભોજન કરવાને માટે રાજ-માર્ગ દ્વારા નીકળવા લાગ્યા ત્યારે બ્રાહ્મણોએ તેમને કહ્યું, "નાથ! આપના મસ્તક પર સોનાચાંદીનાં છત્ર રહે છે. અને આપને જોનાર સ્ત્રીઓ મંદિર પર રહેશે અને તેથી આપ તેમના ઘાઘરાની નીચેથી પસાર થશો—આ તો ઠીક નથી. આથી બંધ કરેલ આ રાજમાર્ગ પર લક્ષ્મીનારાયણની મૂર્તિ સ્થાપિત કરવી જોઈએ. રાવલજીના દિમાગમાં આ રાજમાર્ગ ઉપર શ્રી લક્ષ્મીનારાયણની મૂર્તિની સ્થાપના થવી જોઈએ.

સાંડાશા શેઠે કહ્યું : "એક જ દેવતાની મૂર્તિ શા માટે? બધા દેવતાઓની મૂર્તિઓની સ્થાપના થવી જોઈએ. મને તો તેથી પ્રસન્નતા

થાય છે." અને શેઠે દશાવતાર લક્ષ્મીનારાયણ વગેરેની મૂર્તિઓ ઉપરના ભાગમાં આદિનાથ પ્રભુની મૂર્તિ પાસે જ સ્થાપિત કરી દીધી તેના વર્ણનનો ત્યાં શિલાલેખ પણ મળે છે.

ખરતરગચ્છાચાર્ય શ્રી જિનસુખસૂરિજીએ ચૈત્ય પરિપાટી સ્તવનમાં શ્રી શાંતિનાથજીના મંદિરમાંની મૂર્તિ સંખ્યા—બહાર પ્રદક્ષિણામાં ૨૪૦ અને ચોકમાં ૪૦૦ એમ કુલ ૬૪૦ લખેલ છે. પરંતુ વૃદ્ધિરત્નમાળામાં બિંબ સંખ્યા ૮૦૪ મળે છે. આ પ્રમાણે અષ્ટાપદજીના મંદિરમાંની મૂર્તિસંખ્યા જિનસુખસૂરિજી ૮૨૫ લખે છે તથા વૃદ્ધિરત્નમાળામાં ૪૪૪ હોવાનો નિર્દેશ છે. પ્રસ્તર કલાની દષ્ટિએ બન્ને મંદિરો દર્શનીય છે.

## ૬. શ્રી ચંદ્રપ્રભુસ્વામીનું દેરાસર

આ ભવ્ય ત્રણ માળવાળું મંદિર શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજીના દેરાસર પાસે જ છે. પ્રથમ માળના ગભારામાં શ્રી ચંદ્રપ્રભુજીની આરસપહાણની ચાર મૂર્તિઓ ચૌમુખજી તરીકે સમવરણમાં બિરાજમાન છે તેથી આ મંદિરને ચતુર્મુખવિહાર પણ કહેવામાં આવે છે. મૂળનાયકજી નીચેના ભાગમાં એક લેખ મળે છે, જેની પર લખેલ છે સં. ૧૫૧૮ જ્યેષ્ઠ વદિ...... !

મુખ્ય ગભારાની ભમતીમાં લગભગ ૧૫ મૂર્તિઓ છે. તેના બહારના ભાગમાં અનેક પ્રકારના પટો સ્થાપિત કરવામાં આવેલ છે. સભામંડપના આઠ થાંભલામાં આઠ સુંદર કલાપૂર્ણ તોરણ છે. ગુંબદમાં પણ સુંદર કારીગરીનું કામ કરવામાં આવેલ છે, પરંતુ મંદિર તથા જાળીને સફેદ માટીનું પ્લાસ્ટર કરવાથી વાસ્તવિકતા

છુપાઈ ગઈ છે. બીજા તથા ત્રીજા માળ પર મૂળનાયક શ્રી ચંદ્ર પ્રભુ ભગવાન બિરાજમાન છે. તેઓ ચૌમુખ રૂપે છે. અન્ય મંદિરોની સરખામણીમાં આ મંદિરમાં આરસપહાણની મૂર્તિઓ ઘણી છે. ધાતુની બનાવેલ મૂર્તિઓ પણ અતિ પ્રાચીન તથા સુંદર છે. મંદિરના મુખ્ય દરવાજા પર તથા ભમતીના દરવાજા પર પદ્માસને રહેલ મૂર્તિઓ બિરાજમાન છે.

આ મંદિરનું નિર્માણ જૈસલમેરના ભણુશાળી ગોત્રના શાહ ખીદાજીએ કરેલ છે. વિ. સં. ૧૫૦૯માં તેની પ્રતિષ્ઠા થઈ હતી. સં. ૧૫૫૦માં શ્રી હેમધ્વજજીએ રચિત સ્તવનમાં મંદિરના નિર્માણ અંગે લખેલ છે :

चउमुख मेरागर लणउ मंडाण, जाणइ अवतरियउ सुरविमाण,
बारह मूलनायअ भूमि तिन्नि, चंदपाइ व दिसु चंदनवन्नि
पाखलि चिहूं दिसि देहरी छत्रीश,
बिंब समरिसु असीसउ एकत्रीस
मेघनाद मंडप मोटाइ मंडाणि,
गुणराज कराविउ साहि सुजाणि ।

આ સ્તવનથી એવું માલૂમ પડે છે કે આ મંદિરમાં શ્રી ગુણરાજ શેઠે મેઘનાથ મંડપ બનાવ્યો છે.

આ મંદિરની ત્રીજી છતથી કિલ્લામાં રહેલ બધાં મંદિરો, મહેલ, મકાનો, જંગલ તથા નીચેનું તળાવ વગેરે દેખાય છે. તેના બીજા માળે ધાતુની બનાવેલી પંચતીર્થી તથા મૂર્તિઓનો સંગ્રહ છે. નીચેનો સભામંડપ તથા તેની ચારે બાજુ જાળીની ગેલેરી બહુ સુંદર છે. મંદિરની ચારે તરફ નાની નાની મૂર્તિઓ અને છત પર ગણેશજીની ભિન્ન ભિન્ન મુદ્રાઓનું દર્શન વિસ્મયકારી છે. જૈન ધર્મમાં આ ગણેશની આકૃતિવાળી મૂર્તિને પાર્શ્વનાથ યક્ષ

કહે છે. ઉપર સ્ત્રી-પુરુષોની નૃત્ય મુદ્રાઓ તથા નીચે ગણેશજીની વિભિન્ન આકૃતિઓ મંડપની શોભામાં વધારો કરે છે.

આજે પણ પ્રસ્તર કલાની દૃષ્ટિએ આ મંદિર દર્શનીય છે. પરંતુ સૌથી વધુ મહત્ત્વપૂર્ણ આ મંદિર છે, કારણ કે આ મંદિરના ત્રીજા માળ ઉપર ડાબી બાજુની એક કોટડીમાં રાખવામાં આવેલ ધાતુની બનાવેલ ચોવીસી તથા પંચતીર્થીનો સંગ્રહ છે. એના પર લખેલ લેખો આજે પણ ઇતિહાસના વિદ્યાર્થીઓ માટે ઘણા જ ઉપયોગી સિદ્ધ થઈ શકે છે. આ પ્રકારનો અમૂલ્ય સંગ્રહ આ મંદિરનાં બીજાં ગુપ્ત સ્થાનોમાં પણ દબાયેલો પડેલ હશે જેની ખબર આજ સુધી કોઈને પડી નથી. આ મંદિરમાં શ્રી જિનસુખસૂરિજી મહારાજની ચૈત્ય પરિપાટી અનુસાર મૂર્તિઓની કુલ સંખ્યા ૮૦૯ છે, પરંતુ શ્રી વૃદ્ધિરત્નમાળામાં આની સંખ્યા ૧૬૪૫ બતાવવામાં આવી છે.

આ મંદિરના નિર્માણમાં જે ચમત્કાર થયા છે, તે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આ સાંડાશાના ચમત્કાર કહેવાય છે. તેનું વર્ણન આ પ્રમાણે છે.

## સાંડાશાનો ચમત્કાર

શ્રી ચંદ્રપ્રભુજીનું મંદિર ગણધર ચોપડાએ વિ. સં. ૧૫૩૬માં શરૂ કરાવેલ. પરંતુ કમનસીબે કસમયે જ શેઠજીનું અવસાન થવાને કારણે મંદિરનું નિર્માણ અધવચ્ચે જ અટકી ગયું. હજુ તો ફક્ત પાયો જ નાખવામાં આવ્યો હતો; અને તેમાં તો ત્રણ લાખ રૂપિયા તો ખર્ચાઈ ચૂકયા હતા. હવે આવા કામને હાથમાં લે કોણ? આ એક સમસ્યા હતી, પરંતુ કુદરતનો ખેલ કાંઈ જુદો જ હોય છે. સમયની બલિહારીને માણસ જલદી સમજી શકતો નથી. કોઈક વાર

તેને પોતાનો નિર્ણય બદલવો પડે છે. શેઠજીના મૃત્યુ પછી તે મહત્ત્વપૂર્ણ કાર્ય કરવાની જવાબદારી પણ શેઠ સાંડાશાએ ઉત્સાહપૂર્વક પોતાના માથે લીધી. પણ પૈસાના અભાવે આ કાર્ય પૂરું થઈ શક્યું નહીં. સાંડાશા શેઠ તો ચિંતામાં પડી ગયા. તેટલું બધું ધન તેમની પાસે ન હતું. તેમણે પોતાના ઈષ્ટ મિત્રોને એકઠા કરીને બધી બાબત સ્પષ્ટ કરી અને સંઘમાં ફાળો ઉઘરાવીને બધું કામ પૂર્ણ કરવાનો નિર્ણય લેવાયો. ફાળો ઉઘરાવવા માટે સૌથી પહેલાં તે સમયના ધનાઢ્ય પ્રદેશ મુલતાન તરફ શુભ દિને રવાના થઈ ગયા. કેટકેટલી મુશ્કેલીઓને પાર કરીને તેઓ મુલતાન પહોંચ્યા અને ધર્મશાળામાં સામાન વગેરે રાખીને તેઓએ સંઘને ભેગો કર્યો. શ્રી શેઠે સંઘની સમક્ષ પોતાની યોજના મૂકી. સ્થાનિક શ્રી સંઘના લોકોએ ૫–૭ હજારનો ફાળો આપવાનો વિચાર તો કરી લીધો હતો, પરંતુ તેઓ બધા એ પણ જાણવા ઇચ્છતા હતા કે શેઠે આ કાર્યમાં પોતાના તરફથી કેટલી રકમ લગાવેલ છે. અંતે એક વ્યક્તિએ ઊભા થઈને પૂછી લીધું, "શ્રીમાન ! આપે આપના તરફથી કેટલા રૂપિયા લગાવ્યા છે!" આ બાબત અંગે શેઠે મૌન રહેવાનું ઉચિત માન્યું નહીં, તેથી કહ્યું : "હે મહાનુભાવો ! આ મંદિરમાં અત્યાર સુધી એક તલઘર અને એક પેઢી બની છે, તેમાં ત્રણ લાખ રૂપિયા ખર્ચાઈ ગયા છે." આ સાંભળીને બધા ડઘાઈ ગયા અને વિચાર કરવા લાગ્યા. ઉત્સુકતાને કારણે ફરી એકે પૂછ્યું, "હવે પછીના કામ માટે લાખો રૂપિયા ખર્ચ થશે ને ?"


શેઠ સાંડાશાએ કહ્યું, "જી હા, લાખો રૂપિયા ખર્ચ થશે, માટે તો આપ કૃપાળુ સજ્જનોની પાસે ફાળો ઉઘરાવવા માટે આવ્યું છું."

ત્યાં હાજર રહેલ લોકોએ વિચાર કરીને કહ્યું : શ્રીમાન ! અત્યારે તો આટલો મોટો ફાળો થવાનું સંભવિત નથી. આપે વિચાર


કર્યા વિના જ ૩ લાખ રૂપિયા પાયા તથા પેઢીની પાછળ ખર્ચી નાખ્યા તેથી આપને માગવાની જરૂરિયાત ઊભી થઈ, નહીંતર આટલામાં તો આપ આખું મંદિર તૈયાર કરી શકતા હતા.

તે લોકોએ અનુમાન કર્યું કે "હવે પછીના કામ માટે ઓછામાં ઓછા વીસ લાખ રૂપિયાની જરૂરિયાત તો પડવાની અને હાલ તો તે રકમ ભેગી કરવાનું શકય નથી."


સાંડાશા શેઠ તે લોકોની વાત સાંભળીને ઉદાસ થઈ ગયા. તેમની આશા ચકચૂર થવા લાગી. તેમનો ઉત્સાહી ચહેરો ઉદાસ બની ઊતરવા લાગ્યો. 'શું વિચાર કરીને આવ્યા હતા અને શું થવાનું છે' આ વિચારમાં ને વિચારમાં તેઓ પહેલાં કરતાં વધુ ઘરડા જેવા જણાવા લાગ્યા. શ્રી સંઘના બધા માણસો પોતાને ઘેર ચાલ્યા ગયા. લોકોનો વહેવાર અને પોતાની સ્થિતિ જોઈને શેઠ ચિંતામાં ડુબી ગયા. તેમને ખૂબ જ દુઃખ તથા ચિંતા થવા લાગી. તેઓ વિચારવા લાગ્યા કે "માગવા કરતાં મરવું જ સારું છે. ગરીબાઈ માણસનો વિવેક હરી લે છે. મોટા મોટા માણસો નિર્ધનતાની સામે હથિયાર છોડી દે છે. સારા ખાનદાનમાં જો નિર્ધનતા-ગરીબાઈ આવી જાય છે, તો તે કુટુંબના સર્વે સભ્યોને ચારેબાજુ અપમાનિત થવું પડે છે, સત્તાના સ્થાનેથી ગબડવું પડે છે અને અંતે અપમાન અને દુઃખ ભોગવવું પડે છે. આ પ્રમાણેના દુઃખથી એક માનસિક કલેશ ઉત્પન્ન થાય છે, જે આપણા વિવેકને નષ્ટ કરી નાખે છે. તેટલા માટે ભિક્ષાવૃત્તિને દૂરથી જ સો ગજના નમસ્કાર કરવા જોઈએ. પોતાના નાશથી બચવાનો એક જ ઉપાય છે કે માણસે માગવાની વૃત્તિથી હંમેશ પોતાની જાતને બચાવી લેવી."



આસેરાનું મકાન, જૈસલમેર





બાદલ નિવાસનું દૃશ્ય



અમર સાગરનું કલાપૂર્ણ મંદિર


જૈન મંદિરની મૂર્તિ


એક સુન્દર ઝરૂખા



અષ્ટાપદજીના મંદિરમાં યુગલ મૂર્તિ

આમ સાંડાશા શેઠ વિચારસાગરમાં ઊંડે ને ઊંડે ડૂબવા લાગ્યા. તેઓ વિચાર કરવા લાગ્યા કે "હવે શું કરવું જોઈએ?" જૈસલમેર પાછા ફરવાની હિંમત તેમનામાં રહી નહીં. તેમને અનાજ, પાણી તરફ અણગમો થવા લાગ્યો. રાતે જાણે આખાય સંસારને ઘેરી લીધો. શેઠજી પણ ધીરે ધીરે પોતાના ઈષ્ટદેવનું સ્મરણ કરતાં કરતાં સૂઈ ગયા. દિવસ ઊગ્યો છતાં તે વખતે પણ શેઠજીની ઉદાસીનતાએ તેમનો છેડો છોડયો નહીં. હવે તેમણે મૌન ધારણ કરીને તપશ્ચર્યા (અઠ્ઠમ-ત્રણ ઉપવાસ) કરવાનો નિશ્ચય કર્યો, કારણ કે જ્યારે સમય પલટાય છે, ત્યારે તે કોઈને પૂછતો નથી, તેટલા માટે વિચારવંત હંમેશાં વિવેકથી કામ લે છે.

સાંડાશા શેઠ ઈષ્ટદેવની સાધના કરવા માટે એકાગ્રચિત્તે એકાંતમાં બેસી ગયા. તેઓ ધ્યાનમાં એવા તો તદાકાર-લીન થઈ ગયા કે તેમને ત્રણ દિવસ તથા ત્રણ રાત સુધી હોશ પણ રહ્યા નહીં. અંતે તેમની તપશ્ચર્યાથી શાસનદેવીનું આસન કંપાયમાન થયું. અવધિજ્ઞાન વડે દેવીને શેઠ સાંડાશાની પવિત્ર ભાવનાનું જ્ઞાન થયું અને તેનાથી પ્રભાવિત થઈને તે પોતે શેઠની સામે ઉપસ્થિત થઈ. શેઠજીએ દેવીનાં દર્શન કરીને, તેમને નમસ્કાર કર્યા. દેવીએ કહ્યું : "વત્સ, ચિંતા ન કર. કિલ્લાની અમુક જગ્યાએ સોનામહોરો દટાયેલ પડી છે, તે કાઢી લઈને પોતાનું કાર્ય શરૂ કરી દેજે. બધાં સારાં વાનાં થશે."

આવા પ્રકારનું વરદાન આપીને દેવી અંતર્ધ્યાન થઈ ગઈ. શેઠજીને ખબર ન પડી કે ક્યારે દેવી તેની પાસે સોનામહોરો મૂકી ગઈ. હવે શું હતું? સાંડાશા શેઠના આનંદનો કોઈ પાર ન રહ્યો. ઈશ્વરની લીલા અપરંપાર છે. મનુષ્ય ધારે છે કાંઈ, ને થાય છેક કાંઈ. કોઈએ કહેલ છે કે :–

अजब गति है कर्मकी, राखे प्रतीति कोय,
आरम्भा यूंही रहे, अवर अचिंतित होय ॥ १ ॥

શેઠ સાંડાશાની બાબતમાં પણ આવું જ બન્યું. પ્રભુભક્તિ અને તપશ્ચર્યાની ઘણી મોટી અસર થાય છે. આજના યુગમાં આપણે આવું કરતા નથી. આ જ કારણે આજકાલ કયાંય પણ કોઈ દેવી સિદ્ધ થતી નથી, કે ન કોઈ દેવતા. થાય પણ કેવી રીતે? આપણી તપશ્ચર્યા સાથે આત્મબળ નથી હોતું. આપણે બધા ફળ મેળવવા તરફ વધુ ધ્યાન આપીએ છીએ. પરંતુ શેઠ સાંડાશા પાસે ફક્ત તપશ્ચર્યા જ નહીં, પણ તેમનું મનોબળ પણ હતું અને સાથે સાથે હતી ચારિત્ર્યની શુદ્ધતા. આત્મબળ વિના તથા ચારિત્ર્યની શુદ્ધતા વિના મોક્ષ સંભવિત નથી. અને મોક્ષ પણ કર્મક્ષય વિના સંભવિત નથી. કર્મક્ષય કરવા માટે આત્મ–બળની આવશ્યકતા રહે છે. તે સમયે જોકે કર્મકાંડ માટે વિધિ–વિધાન હતાં નહીં, છતાં પણ શ્રદ્ધા, તપશ્ચર્યા તથા આત્મબળ વડે સિદ્ધિ પ્રાપ્ત કરવાનું સરળ ને સંભવિત હતું.

સવાર પડ્યું. શેઠ સાંડાશાના પારણાનો સમય થયો. તે વખતે શેઠજીનું મન અત્યંત પ્રસન્ન હતું. તેમણે શ્રી સંઘમાં પ્રભાવના કર્યા બાદ જ પારણા કરવાનો નિશ્ચય કર્યો. આવી ભાવનાને લીધે તેમણે શ્રી સંઘને એકત્રિત કરવાનો વિચાર કર્યો, પરંતુ તેમાં તેઓ સફળ થયા નહીં. અંતે તેમણે મંદિરના પૂજારીને એક સોનામહોર આપી અને બધું કાર્ય સિદ્ધ થઈ ગયું. દુનિયામાં પૈસા જ બધાને આગળ ધપાવે છે અને તે વળી પાછા ધકેલે છે. પૂજારી બધાને ઘેર બે–ત્રણ વાર ગયો. અને આમ કરતાં કરતાં બપોર સુધી બધા લોકો એકઠા થઈ ગયા. ઉપસ્થિત થયેલ લોકોમાંથી જે અગ્રેસરો હતા, તેમાંથી એકે પૂછ્યું: "આપે અમોને શા માટે બોલાવ્યા છે?" શેઠ સાંડાશાએ વિનયપૂર્વક કહ્યું: "હે મહાનુભાવો! હું સંઘમાં પ્રભાવના

કરવા ઇચ્છું છું. રજા આપો." સંઘમાંથી કોઈએ ઉત્તર દીધો : "પ્રભાવના માટે રજાની જરૂર નથી હોતી. આપ ખુશીથી પ્રભાવના કરી શકો છો." પરંતુ હાજર રહેલ લોકોમાં એક વાચાળ ભાઈએ કહ્યું : 'પ્રભાવનામાં જે ખર્ચ થશે, તેટલાથી મંદિરનો એક પાયો પૂર્ણ થઈ શકશે.'

શેઠજીએ જવાબ આપ્યો : "આપ મહાનુભાવોની કૃપાથી મંદિરનું બધું કાર્ય પતી જશે. મારી ઇચ્છા તો શ્રી સંઘમાં સોનામહોરની પ્રભાવના કરવાની છે, પરંતુ તે દેવાનું કાર્ય હું કરી શકતો નથી. તેથી આપ કોઈ વ્યક્તિ નક્કી કરી આપો કે જેથી આ કાર્ય થઈ શકે. આટલો પ્રબંધ શ્રી સંઘ દ્વારા થવો જોઈએ."

આ સાંભળતાંની સાથે જ બધા આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. તેમને કાંઈ સમજમાં ન આવ્યું. તેઓ તો વિચારમાં પડી ગયા. બધા વિચારવા લાગ્યા કે સાંડાશા શેઠ આપણી મજાક–મશ્કરી ઉડાવી રહ્યા છે. ગઈકાલે જે વ્યક્તિ માગી રહેલ હતી, તે જ આજે આટલી બધી ઉદારતા બતાવે, તે કાંઈ સમજવામાં આવતું નથી. આ કેવી રીતે સંભવિત બની શકે છે? સંકોચ તથા લજ્જાથી બધાનાં મુખ પડી ગયાં. બહુ બોલકણા ભાઈએ શેઠની ઉદારતાથી પ્રભાવિત થઈ તેમનાં ચરણોમાં મસ્તક નમાવી દીધું અને પોતાની ભૂલ માટે ક્ષમા યાચી. શ્રી સંઘે પણ પોતાના અવિનયને કારણે ક્ષમાની વિનંતિ કરી. સમય ફરે છે. તેના બદલાવાની સાથે બીજું બધું બદલાઈ જાય છે. અસંભવિત કાર્ય પણ સંભવિત થવા લાગે છે. શત્રુ પણ મિત્ર બની જાય છે. સમય અંગે કોઈ કાંઈ કહી શકતું નથી. હવે શેઠ સાંડાશા ધનપતિ ગણાવા લાગ્યા. સોનામહોરની પ્રભાવના કર્યા પછી શેઠે અઠ્ઠમની તપશ્ચર્યાનું પારણું કરી ત્યાંથી વિદાય લીધી. મુલતાનનો શ્રી સંઘ ઘણે દૂર સુધી તેમને પહોંચાડવા

માટે ગયો. સાંડાશા શેઠ રસ્તામાં આવતાં બધાં ગામોમાં પ્રભાવના કરતાં કરતાં જૈસલમેર પહોંચ્યા અને ત્યાં જઈને મંદિરના કાર્યની શરૂઆત કરી દીધી. અઠ્ઠમ–તેલાની યાદમાં સુંદર કલાત્મક રીતે ત્રણ માળનું પ્રભુનું મંદિર બંધાવ્યું. તેની પ્રતિષ્ઠા આચાર્ય શ્રી જિન સમુદ્રસૂરિજી મહારાજે કરી હતી.

શ્રી જિનસુખસૂરિજીએ રચેલ ચૈત્ય પરિપાટીમાં આ મંદિરની મૂર્તિઓની સંખ્યા ૮૦૯ લખેલ છે અને શ્રી વૃદ્ધિરત્નમાળામાં બિંબ સંખ્યા ૧૬૪૫નો ઉલ્લેખ છે.

## ૭. શ્રી ઋષભદેવજીનું મંદિર

શ્રી ચંદ્રપ્રભુજીના મંદિરની પાસે શ્રી ઋષભદેવજીનું મંદિર છે. આ મંદિરમાં મૂળનાયક શ્રી ઋષભદેવજી બિરાજમાન છે. મંદિરના મુખ્ય ગભારામાં આરસપહાણનું બનાવેલ એક સુંદર કલાત્મક તોરણ છે. મૂળનાયક શ્રી ઋષભદેવજીની મૂર્તિ પર એક અપૂર્ણ તથા અસ્પષ્ટ લેખ મળે છે, તે આ પ્રમાણે છે.

સંવત ૧૫૩૬ વર્ષે ફાગુણ સુદી ૫

મૂળનાયકની જમણી બાજુ કાઉસ્સગ્ગમાં રહેલ મૂર્તિ પર એક લેખ મળે છે.

संवत १५३६ फागु. सु. ५ दिने श्री ऊकेशवंशे गणधर गोत्रे सं. सच्चा पुत्र सं. धर्मा. भा. धारलदे पुत्र सं. लाखाकेन पुत्र रत्नयुतैव भा. लाल्छदे पुण्यार्थे श्री सुपास बिंब कारितं प्रतिष्ठितं श्री खरतर गच्छे श्री जिनभद्रसूरिपट्टे श्री जिनचन्द्रसूरिभिः श्री जिनसमुद्र-सूरिभिः ॥

અન્ય મૂર્તિઓ ઉપરાંત ગભારાની ભીંતોના ગોખલામાં ત્રણ પદ્માસને બેઠેલ મૂર્તિઓ બિરાજમાન છે. મૂળ ગભારાની બહાર બે

બાજુ મનુષ્ય આકૃતિમાં ચક્રવર્તી ભરત અને ક્ષમાના ભંડાર કાયોત્સર્ગે રહેલ બાહુબલિજીની સુંદર તેમજ દર્શનીય મૂર્તિઓ છે. ગભારાના દ્વારા શાખાઓ પર ત્રણ તીર્થંકરોની મૂર્તિઓ છે. સભામંડપમાં ૧૨ થાંભલા છે. તે પર તોરણ નથી. ડાબી બાજુએ પીળા પથ્થર-માંથી બનાવેલ સુંદર હાથી છે. તે પર શરુદેવી માતાની મૂર્તિ છે. જમણી બાજુ એક સુંદર સમવસરણ છે, તેમાં ચારે દિશાઓમાં ચાર મૂર્તિઓ છે. મંદિરનો મુખ્ય ગભારો તથા અન્ય દશ્યો અત્યંત દર્શનીય છે. આ મંદિર અંગે શ્રી સમયસુંદરજી ઉપાધ્યાયે શ્રી આદિનાથ પ્રભુ અંગે જે સ્તવન લખ્યું છે, તેમાં આ મંદિરનું વર્ણન કરેલ છે:

પ્રથમ તીર્થંકર પ્રણમિયે હૂંવારી લાલ
આદિનાથ અરિહંત હૂ.
ગણધર વસહી ગુણ નિલી હૂ.
ભવ ભંજન ભગવંત હૂ. ॥ પ્ર. ॥ ૧ ॥
સચ્ચૂ ગણધર શુભમતિ રે. લાલ હૂ.
જયવંત ભતીજ બામ મન માન્ય રે.
મિલિ પ્રસાદ મન્ડાવિયો રે લાલ
આણી મન ઉલ્લાસ મન માન્ય રે ॥ ૨ ॥
ધ્રમંસી જિનદત્ત દેવસી,
ભીમસી મન ઉચ્છાં હો જી
સુતચારે સચ્ચૂ તણા,
લ્યો લક્ષ્મીના લાહો જી ॥ ૩ ॥
ફાગણ સુદિ પાંચમ દિન રે
પનરૈ સે છત્તીસ (૧૫૩૬)
જિનચંદ્ર સૂરિ પ્રતિષ્ઠ રે
જગનાયક જગદીશ. ॥ પ્ર. ॥ ૪ ॥

આ મંદિરનું નિર્માણ શેઠ સચ્ચૂ તથા તેમના ભત્રીજા જસવંતે મળીને કરાવ્યું અને તેની પ્રતિષ્ઠા શ્રી જિનચંદ્રસૂરિજી મહારાજે વિ. સં. ૧૫૭૬માં ફાગણ સુદી ૫ ના દિવસે કરી. આ મંદિરને ગણધરવસહી કહે છે. આ સ્તવન આ બાબતની સાક્ષી પૂરે છે.

આ મંદિરની બાંધણી એવા પ્રકારની છે કે તેમાં પ્રવેશ કર્યા પછી યાત્રાળુ આશ્ચર્યમાં પડી જાય છે. મંદિરોનું શિખર અત્યંત કલાત્મક તથા દર્શનીય છે. અહીં પક્ષાલનું પાણી લઈ જવા માટે સિંહમુખી અનુપમ આકૃતિ છે. ચોકમાં સંગમરમરની બનાવેલ મૂર્તિ અને જિનચંદ્રસૂરિ મ. સાહેબની પાદુકા અલગ નાનાશા મંદિરમાં આવેલ છે. સ્વ. વૃદ્ધિચંદ્રજી મહારાજે વિ. સં. ૧૯૮૦માં તેની પ્રતિષ્ઠા કરાવી હતી. તેની પાસે જ એક જગ્યાએ ચક્રેશ્વરી દેવીની મૂર્તિ છે. ચોકની ડાબી બાજુ મંદિરનો મુખ્ય સભામંડપ છે, મંડપના થાંભલા પર જયાં ત્યાં વૈષ્ણવ દેવીદેવતાઓનાં ચિત્ર અંકિત કરેલ છે. કયાંક રાધાકૃષ્ણ તથા કયાંક એકલા કૃષ્ણ બંસી વગાડતા નજરે પડે છે. એક જગ્યાએ ગણેશ, શિવ, પાંર્વતી તથા સરસ્તીની મૂર્તિઓ પણ અંકિત કરેલી છે. કયાંક વિષ્ણુ તો કયાંક ઈંદ્રના દર્શન થાય છે, તો કયાંક શૃંગાર રસનું પાન થાય છે. એક જગ્યાએ પદ્માવતી માતાએ પોતાના મસ્તક પર ઉપાડેલ ભગવાન પાર્શ્વનાથ બતાવવામાં આવેલ છે. એક એક થાંભલા પર એક યુવતી શુંદર સાડી પહેરેલી તથા એક હાથમાં મુખ જોવા માટે અરીસો પકડેલ હોય અને બીજા હાથે કાંસકા (દાંતિયા)-થી વાળ ઓળતી હોય એવી બતાવેલ છે. તો વળી બીજી જગ્યાએ એક યુવતી પોતાને પતિને પ્યાલા વડે મદ્યપાન કરાવતી અંકિત થઈ છે. મંદિરની પાસે જ એક જગ્યાએ એક સ્ત્રી પોતાના નાના બાળકને ખોળામાં લઈને પોતાના સ્વાભાવિક વાત્સલ્યભાવમાં બતાવેલ છે. તો તેની સામે કોતરવામાં આવેલ એક બાળક તરફ ક્રોધે ભરાયેલ ભાવવાળી યુવતીઓનું પ્રદર્શન તો કલાકારની કળાની પરાકાષ્ઠાનો

પરિચય આપે છે. થોડા સમય સુધી તો યાત્રાળુ સ્વપ્નલોકમાં ખોવાયેલ હોય તેમ 'વિહારની યાત્રા' પૂર્ણ કરે છે.

શ્રી જિનસુખસૂરિજી મહારાજે પોતાની ચૈત્ય પરિપાટીમાં આ મંદિરની ૬૩૧ અને વૃદ્ધિરત્નમાળામાં ૯૦૭ મૂર્તિઓનો ઉલ્લેખ કરેલો છે.

લક્ષ્મણવિહારનાં દર્શન પછી યાત્રાળુ ફરી ચૌટામાંથી પસાર થઈને મોતીમહેલની નીચે થઈને ચૌગાનુ પાડામાં આવેલ મહાવીર-સ્વામીના મંદિર તરફ જવા ઇચ્છે છે.

## ૮. શ્રી મહાવીર સ્વામીનું મંદિર

ભક્તિભાવ મનુષ્યને એક આત્મિક શાંતિમાં ઓતપ્રોત કરી દે છે. અત્યંત સુખભોગ પછી માનવી શાંતિની શોધમાં દોડે છે, તેને ઝંખે છે. આ કારણ છે તેથી જૈસલમેરની યાત્રા કરનાર ધર્મપ્રાણ યાત્રાળુ અનેકાનેક કલાપૂર્ણ શૃંગારિક મૂર્તિઓ જોઈને મહાવીર સ્વામીની સૌમ્ય મૂર્તિનું દર્શન કરી ભકિતભાવમાં ઓતપ્રોત બની શાંતિનો અનુભવ કરવા ઇચ્છે છે અને શ્રી મહાવીર પ્રભુના મંદિરે પહોંચીને તે પોતાની આ ઇચ્છાની પૂર્તિ કરી લે છે. આ મંદિરના નિર્માણ તથા પ્રતિષ્ઠા અંગે શ્રી જિનસુખસૂરિજી મહારાજે જૈસલમેર ચૈત્ય પરિપાટીમાં લખ્યું છે :

पहिली परिक्खणाये जगगुरु वीर जिणंद
वर प्रासाद करायौ वरडीयै दीपे जाने जिणंद ॥ वि. जि. ॥

આ મંદિરની સ્થાપના તથા પ્રતિષ્ઠા બરડિયા ગોત્રના શેઠ

દીપાએ કરાવી. બાવન જિનપટના શિલાલેખ અનુસાર તેનો નિર્માણ કાલ વિ. સં. ૧૪૭૩ છે, પરંતુ વૃદ્ધિરત્નમાળા અનુસાર તેનો નિર્માણ-કાલ વિ. સં. ૧૫૮૧ છે. આ મંદિરમાં ખાસ કોઈ કારીગરી નથી. મંદિરમાં દાદા કુશલસૂરિજીની પાદુકા છે. શ્રી જિનસુખસૂરિજી મહારાજની ચૈત્ય પરિપાટી અનુસાર આ મંદિરની કુલ મૂર્તિઓ ૨૩૨ છે, પરંતુ વૃદ્ધિરત્નમાળા અનુસાર મૂર્તિઓની સંખ્યા ૨૯૫ છે.

કિલ્લામાં રહેલ મંદિર તથા શહેરનાં મંદિરોનું વર્ણન અહીં સમાપ્ત કરી યાત્રાળુઓની જાણ માટે જૈસલમેરના જ્ઞાનભંડારનો પરિચય આપવામાં આવે છે. આશા છે કે વાચક રુચિપૂર્વક વાંચીને લાભ ઉઠાવશે.

# જૈસલમેરના જ્ઞાનભંડારો

જૈસલમેર ફક્ત પ્રસ્તર કલાની દૃષ્ટિએ જ નહીં, પરંતુ અહીંના સુવિખ્યાત જ્ઞાનભંડારોમાં સંગ્રહ કરવામાં આવેલ પ્રાચીન તાડપત્રીય તથા હસ્તલિખિત ગ્રંથોના સંગ્રહની દૃષ્ટિએ પણ વિશ્વવિખ્યાત છે. અહીં કુલ સાત-જ્ઞાનભંડાર છે. તેમાંથી ચારનું એકીકરણ થઈ ચૂક્યું છે. પરિચય નીચે આપેલ છે :–

## (૧) શ્રી જિનભદ્રસૂરિ જ્ઞાનભંડાર

એવું બતાવવામાં આવે કે રાવલ જૈતસિંહ તથા તેમના પુત્ર લક્ષ્મણસિંહના સમયમાં જૈસલમેરનાં મંદિરોનું નિર્માણ થયું તે શતાબ્દીના ઉત્તરાર્ધમાં દેશની મુખ્ય સમસ્યા હતી પ્રાચીન ધર્મ ગ્રંથાલયોની સુરક્ષા. મોટા મોટા ભંડારો તથા ગ્રંથાલયોના સંચાલકોને આ ચિંતા સતાવ્યા કરતી હતી કે કયે વખતે દુશ્મનોનું આક્રમણ આવી પડે અને આ ભંડારોને સાફ કરી નાખે. તે સમયની આવી ડાલમડોલ તથા ચિંતા ઉત્પન્ન કરે તેવી સ્થિતિમાં જૈન સમાજે આ અલભ્ય જ્ઞાનભંડારોને સૌથી વધુ સુરક્ષિત સ્થાને લઈ જઈને રાખવાનું ઉચિત માન્યું હતું. આ સ્થિતિમાંથી બધાને બચાવવા માટે ખરતરગચ્છાચાર્ય શ્રી જિનભદ્રસૂરિજી મહારાજે જૈસલમેરના કિલ્લામાં રહેલ શ્રી સંભવનાથ જિનાલયના ભોંયરાના ભંડારમાં કેટલીક હસ્તલિખિત તાડપત્રી, પાંડુલિપિઓ તથા કાગળ પર લખેલ અમૂલ્ય ગ્રંથોનું ખંભાત, અણહિલપુર, પાટણ વગેરે વિવિધ જગ્યાએથી સંકલન કરીને અહીં ખૂબ જ મોટો ગ્રંથાલય સં. ૧૫૦૦માં સ્થાપિત કર્યો જે આજે પણ શ્રી જિનભદ્રસૂરિ જ્ઞાનભંડારના નામે પ્રસિદ્ધ છે. એવું સાંભળવા મળે છે

કે આ ભંડારમાં સોનેરી તથા રૂપેરી અક્ષરોમાં લખાયેલ ગ્રંથો પૂજારીઓએ સોનું–ચાંદી મેળવવાની લાલસાથી સળગાવીને રાખ કરી નાખ્યા તે સમયે આ ભંડારમાં સોનેરી તથા રૂપેરી અક્ષરોવાળા ગ્રંથો ઘણી સારી સંખ્યામાં હતા. આ ભંડારમાં ઘણા એવા ગ્રંથો ઉપલબ્ધ છે કે જે બીજે ક્યાંય ઉપલબ્ધ નથી.

જૈસલમેરનો આ ભંડાર ભારતમાં પોતાનું વિશિષ્ટ સ્થાન ધરાવે છે. આને પાટણના જ્ઞાનભંડાર કરતાં પણ શ્રેષ્ઠ કહેવામાં આવે તો તે અતિશયોક્તિ નથી. આ ભંડારમાં કાગળ તથા તાડપત્રોના મળીને કુલ ૨૬૮૩ ગ્રંથો છે. આજે તે લોખંડનાં કબાટો તથા એલ્યુમિનિયમના ડબ્બાઓમાં સુરક્ષિત છે. આ બધાનું શ્રેય આગમ પ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબને છે.

જ્ઞાનભંડારના એક ઓરડામાં પન્નાની એક મૂર્તિ સોનાની ફ્રેમમાં રાખેલ છે. સરસ્વતી યંત્ર ઉપરાંત કેટલીય રંગબેરંગી લાકડાની પટ્ટીઓ પણ વિદ્યમાન છે.

સામાન્ય રીતે બધા જાણે છે કે કાગળની શોધ ૧૪મી સદીમાં થઈ, તે પહેલાં કાગળની કોઈ એવી રચના ઉપલબ્ધ થતી નથી. અહીંથી અનુસંધાનકર્તાઓને ઇતિહાસની આ એક નવી કડી મળી છે કે જૈસલમેરના જ્ઞાનભંડારમાં એક નવું પુસ્તક મળેલ છે કે જે ૧૨મી સદીમાં લખાયેલ બતાવવામાં આવે છે.

આ સર્વોત્તમ ભંડારમાં ઉપલબ્ધ હસ્તલિખિત ગ્રંથો તથા ચિત્રપટ્ટીઓની સંખ્યા આ પ્રમાણે છે :

**ગ્રંથોની સંખ્યા**

| | |
|---|---|
| ૧. તાડપત્રીય | ૪૨૬ |
| ૨. કાગળના | ૨,૨૫૭ |

**તાડપત્રીય ગ્રંથોની લંબાઈ–જાડાઈ**

૧. વધુમાં વધુ લંબાઈ–પહોળાઈ ૩૮ા" × ૨૧"
૨. ઓછામાં ઓછી લંબાઈ ૮ા" × ૨ા"
૩. વધુમાં વધુ જાડાઈ ૪ા"
૪. ઓછામાં ઓછી જાડાઈ ૧ા"

**લેખન સંવત**

| | તાડપત્ર | કાગળ |
|---|---|---|
| ૧. પ્રાચીન | વિ. સં. ૧૧૧૭ | વિ. સં. ૧૨૭૯ |
| ૨. અર્વાચીન | વિ. સં. ૧૭૪૫ | વિ. સં. ૧૯૮૬ |

**ચિત્રપટ્ટીઓ**

ગ્રંથો સિવાય ૩૬ ચિત્રપટ્ટીઓ છે. તેમાં ત્રિશષ્ઠિ શલાકાની ચિત્રપટ્ટીઓ સર્વોત્તમ છે.

**ગ્રંથોની ભાષા**

પ્રાકૃત, માગધી, સંસ્કૃત, અપભ્રંશ, વ્રજ વગેરે.

**ગ્રંથોના વિષયો**

જૈન સાહિત્ય, વૈદિક સાહિત્ય, બૌદ્ધ સાહિત્ય, ન્યાય, અર્થશાસ્ત્ર, કોષ, વૈદ્યક, જ્યોતિષ, દર્શન, મીમાંસા વગેરે.

**કેટલાક ખાસ ગ્રંથોનાં નામ**

ભગવતીસૂત્ર, નૈષધચરિત મહાકાવ્ય, નાગાનન્દ નાટક, અનર્ઘ રાઘવનાટક, વેણીસંહાર નાટક, વાસવદત્તા, ભગવદ્‌ગીતા ભાષ્ય, પાતંજલિ યોગદર્શન, કૌટિલ્ય અર્થશાસ્ત્ર, શૃંગાર મંજરી, કાવ્ય-મીમાંસા વગેરે.

**પ્રાચીન તાડપત્રીય ગ્રંથો**

ઓઘનિર્યુક્તિ વૃત્તિ – દ્રોણાચાર્યરચિત.

વિ. સં. ૧૧૧૭માં લખાયેલ છે. આ ગ્રંથની સંખ્યા ૮૪ છે.

તેનાં પાનાં ૧૦૫ છે. પાનાં ક્રમાંક ૧૦ થી ૪૭ સુધી નથી. પાના ૧૦૫ પર મલ્લ લડતા હાથીઓનું ચિત્ર છે.

## કાગળના સૌથી પ્રાચીન ગ્રંથ

ન્યાયવાર્તિક : તાત્પર્ય ટીકા શ્રી વાચસ્પતિ મિશ્ર રચિત છે. આનો રચનાકાલ વિ. સં. ૧૨૭૯ છે.

ભારતીય પ્રાચીન લિપિની દૃષ્ટિએ કેટલાક એવા ગ્રંથો પણ અહીં ઉપલબ્ધ થયા છે કે જેમની સચિત્ર તથા શુદ્ધ પ્રતિલિપિ બીજે ક્યાંય ઉપલબ્ધ નથી. ખાસ કરીને શ્રી દશવૈકાલિક વગેરે ગ્રંથો તથા ભગવાન શ્રી પાર્શ્વનાથના પંચકલ્યાણનાં ૨૦ ચિત્રો—ચિત્રકલાની દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. મૂળ અર્ધમાગધીના બીજા ગ્રંથો તેમની નિર્યુક્તિ, ભાષ્ય તથા ટીકાઓના વિશિષ્ટ હસ્તલેખ અહીં મળે છે, જેના આધારે અંગ સાહિત્યનું સંશોધિત સંસ્કરણ પ્રકાશિત કરવામાં વિશેષ સુવિધા મળી શકશે. આચારાંગ સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, સમવાયાંગ, ભગવતીસૂત્ર, ભગવતીપ્રશસ્તિ વગેરે આગમ ગ્રંથોની કેટલીય પ્રતિઓ અહીં છે. આ જ્ઞાનભંડારની સૌથી મહાન વિશેષતા એ છે કે આમાં સાંખ્ય, મીમાંસા, વૈશેષિક, ન્યાય વગેરે ભારતીય દર્શન તથા કાવ્ય, અલંકાર, છંદ, નાટક, કથા, આખ્યાયિકા, કોશ, વ્યાકરણ વગેરે વિષયોમાં પસંદ કરેલા અનેક ગ્રંથો સંગૃહીત છે.

તાડપત્રનો ગ્રંથ ૩૪ ઈંચ લાંબો છે તથા તેનાં લગભગ પાંચ હજાર પાનાંના ફોટાઓ લેવાઈ ચૂક્યા છે અને ૧૭૦ ગ્રંથોના ફોટો-માઈક્રો ફિલ્મ ફોટોગ્રાફી દિલ્હીમાં સ્વનામ ધન્ય મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજના પ્રયત્ન તથા ઉપદેશોથી લેવાઈ ગયેલ છે. આ જ્ઞાનભંડારનો સૌ પ્રથમ વીસમી સદીમાં જીર્ણોદ્ધાર કરાવવાનો યશ ખરતરગચ્છાચાર્ય સ્વર્ગસ્થ શ્રી જિનકૃપાચંદ્રસૂરિશ્વરજી મહારાજને છે.

સૌથી વધુ મહત્ત્વપૂર્ણ વાત એ છે કે ગુરુદેવ દાદાસાહેબ શ્રી જિનદત્તસૂરિજીનો પોતાને ઓઢવાની ૮૧૬ વર્ષ જૂની ચાદર; મુહપતી તથા ચોલપટ્ટો પણ આ મહાભંડારમાં આજે પણ સુરક્ષિત છે. પહેલાં આ વસ્તુઓ અજમેરથી લાવીને પાટણના ભંડારમાં રાખવામાં આવી હતી. આ અંગે એવી માન્યતા છે કે ગુરુદેવના અગ્નિસંસ્કાર વખતે આ વસ્તુઓ બળતાં બચી ગઈ હતી અને ગુરુભક્તોએ એને આજ સુધી સુરક્ષિત રાખેલ છે. એક વખત જૈસલમેરમાં મહામારી (પ્લેગ) ના ફેલાવાને કારણે પાટણના શ્રી સંઘને વિનંતી કરીને આ વસ્તુઓ જૈસલમેર મંગાવવામાં આવી, તેના પ્રક્ષાલનના પાણીને કોટ પર છાંટવામાં આવ્યું. તેથી પ્લેગનો પ્રકોપ શાંત થઈ ગયો. આ ભંડારમાં એક જોવાલાયક મહત્ત્વપૂર્ણ થાંભલો પણ છે.

આ ભંડારની અસ્તવ્યસ્ત થયેલ હસ્તલિખિત પ્રાચીન પ્રતિઓને સારી રીતે સુરક્ષિત રૂપે પેટીઓમાં તથા તિજોરીઓમાં રાખવાને માટે વારંવાર ઘણા ઉદાર દિલવાળા કલાપ્રેમીઓએ પોતાનું યોગદાન આપેલ છે. આ ભંડારનો પુનરુદ્ધાર મહારાજ શ્રી પુણ્યવિજયજી મહારાજના વરદ હસ્તે વિ. સં. ૨૦૦૮માં થયો હતો.

ભારતમાં જ્યારથી સંશોધન કાર્ય શરૂ થયેલ છે, ત્યારથી જૈસલમેર સંશોધન કરનારા માટે એક અનિવાર્ય આકર્ષક કેન્દ્ર બની ગયેલ છે. કેટલાય ગ્રંથો નષ્ટ થવાથી અને અપ્રાપ્ય હોવા છતાં પણ જૈસલમેર વિદ્વાનોની તૃપ્તિ કરનાર ભારતનું અદ્વિતીય તીર્થસ્થળ છે. તેની પ્રસિદ્ધિ આખા જગતમાં ફેલાયેલ છે. શ્રીમાન કર્નલ ટોડ, બુહલર, ડૉ. હાર્મન યાકોબી, પં. હીરાલાલ હંસરાજ, ડૉ. ભંડારકર શ્રી ચીમનલાલ દલાલ, પં. લાલચંદ ગાંધી, શ્રી જિનવિજયજી વગેરે પુરાતત્ત્વપ્રેમીઓએ જૈસલમેરના આ પ્રાચીન ગ્રંથોના ભંડારોને અલગ

અલગ દૃષ્ટિથી અવલોકન કરેલ છે. પરંતુ અંતિમ વિદ્વાન આગમ-પ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબે તો આ ગ્રંથ-ભંડારનો વ્યાપક દૃષ્ટિએ ઉપયોગ કરીને મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યા પછી અન્ય વિદ્વાન વર્ગે નવીન જ્ઞાનપ્રાપ્તિની દૃષ્ટિથી બધા વિષયોનું ઊંડું સંશોધન કરેલ છે, જેથી જ્ઞાનરાશિના આ વિપુલ ભંડારને સમજવામાં ઘણો સારો સહયોગ મળેલ છે.

## (૨) બૃહદ્ ખરતરગચ્છીય ભંડાર

ખરતર ગચ્છના આ મોટા ઉપાશ્રયમાં બે જ્ઞાનભંડાર સુરક્ષિત છે. પ્રથમ યતિવર્ય વૃદ્ધિચંદ્રજીની ગુરુ પરંપરાનો સંગ્રહ છે તથા બીજો ખરતરગચ્છ પંચાયતનો ભંડાર છે. બીજા ભંડારમાં ૧૪ તાડપત્રીય પ્રતિઓના કાષ્ઠફલક ચિત્રકલાની દૃષ્ટિએ જોવાલાયક છે. કાગળની પ્રતિ-ઓમાં સુવર્ણાક્ષરી પ્રતિ વિશેષ ઉલ્લેખ પાત્ર છે. આ ભંડારની ઘણી-ખરી પ્રતિઓ શ્રી કલ્યાણજી ગણિની રચેલ છે.

## (૩) લોંકાગચ્છ જ્ઞાનભંડાર

આ ભંડારને મુનિ જિનવિજયજી પધાર્યા ત્યારે શ્રી હરિસાગર-સૂરિજીના પ્રયત્નથી ખોલવામાં આવ્યો. આ ભંડારમાં પણ કાગળની ૬૮૮ હસ્તલિખિત પ્રતિઓની સાથે ૭ તાડપત્રીય પ્રતિઓ પણ છે.

## (૪) આચાર્ય ગચ્છ જ્ઞાનભંડાર

આ જ્ઞાનભંડાર આચાર્ય શાખાના ઉપાશ્રયમાં છે. અહીં ૬ તાડપત્રીય પ્રતિઓ તથા કાગળ પર લખેલ કેટલીક પ્રતિઓ વિદ્યમાન છે. યતિ શ્રી ચુનીલાલનાં પણ કેટલાંક બંડલ (ગ્રંથોનાં) આ ભંડારમાં સુરક્ષિત છે.

## (૫) યતિ ડુંગરસીનો જ્ઞાનભંડાર

યતિ શ્રી વેલજીની ગુરુપરંપરાના ઉપાશ્રયનો આ જ્ઞાનભંડાર પણ મહત્ત્વપૂર્ણ છે. આ ભંડારમાં સુરક્ષિત ઉદયવિલાસ તથા કેટલાક

રાસા વગેરે ગ્રંથો ઘણા જ મહત્ત્વપૂર્ણ છે. કેટલાક ગ્રંથો તો એવા પ્રકારના છે, જે બીજી જગ્યાએ કદી જોવા મળતા નથી.

## (૬) થાહરૂશાહનો જ્ઞાનભંડાર

આ ભંડારની સ્થાપના સુવિજ્ઞ શ્રાવક થાહરૂશાહે વિ. સં. ૧૬૫૯ થી વિ. સં. ૧૬૮૪ અર્થાત્ ૨૫ વર્ષ સુધી ઘણા જ ગ્રંથો લખાવીને કરી. આ ભંડારની પ્રતિઓમાં "થાહરૂ સાહેબ સંશોધિતમ્" નો ઉલ્લેખ મળે છે, જેથી સહેજે જાણવા મળે છે કે પોતે ઘણા સારા વિદ્વાન હતા. તેમણે જ લોદ્રવા પાર્શ્વનાથના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

## (૭) તપાગચ્છ જ્ઞાનભંડાર

આ તપાગચ્છના ઉપાશ્રયમાં છે. આના બે ભાગ છે: પ્રથમ સુપ્રસિદ્ધ પુરાણો ભંડાર તથા બીજો યતિજીનો સંગ્રહ. જૂના જ્ઞાન-ભંડારમાં તાડપત્રી પ્રતિઓ તથા કેટલીય સુંદર પ્રાચીન પ્રતિઓ સુરક્ષિત છે.

આ ભંડારો ઉપરાંત કેટલાક વિદ્વાન પુષ્કરણા બ્રાહ્મણો તથા વૈશ્યોનાં ઘરોમાં પ્રાચીન હસ્તલિખિત પ્રતિઓ ઉપલબ્ધ છે. પરંતુ દુઃખ તો એ છે કે તે લોકો તેને બતાવતા પણ નથી, તેથી તે બધા અમૂલ્ય ગ્રંથો નાશ પામી રહેલા છે.

ખરેખર જોઈએ તો આ ભંડારોના ગ્રંથોનો ખરા સ્વરૂપે સદુપયોગ થઈ રહેલ નથી. સારી યોગ્ય વ્યવસ્થા હોય તો સેંકડો વિદ્વાનો આ પ્રાચીન ગ્રંથોનો લાભ ઉઠાવી શકે. તેથી મારું નિવેદન છે કે જૈન સમાજ દેશહિતની દૃષ્ટિએ આ અજ્ઞાત અમૂલ્યભંડારને (સંગ્રહને) પ્રકાશમાં લાવવા માટે અહીં સંશોધન કરનાર સ્નાતકો માટે યોગ્ય વ્યવસ્થા કરવાનું વિચારશે.

---

નોંધ: નં. ૨, ૩ અને ૪ના ભંડારો હવે શ્રી જિનભદ્રસૂરિજ્ઞાનભંડારમાં સમાવી દેવાયા છે.

# ઉપાશ્રયો

જૈસલમેર શહેરમાં ઘણા ગચ્છવાસીઓના ૧૮ ઉપાશ્રયો છે. પરંતુ આજકાલ અહીં શ્રાવકોની સંખ્યા વધુ ન હોવાને કારણે બધા ઉપાશ્રયો બંધ પડયા છે. મુખ્ય ઉપાશ્રયો આ પ્રમાણે છે :

**ખરતરગચ્છના ઉપાશ્રયો**

(૧) બૃહત્‌ખરતરગચ્છ ઉપાશ્રય : આ ઉપાશ્રય લાલાની પાડામાં છે. અહીં દેરાસર પણ છે, જેમાં મૂળનાયકશ્રી પાર્શ્વનાથજી છે. આ ઉપાશ્રયમાં પરમપૂજ્ય મહારાજ ગુરુમહારાજ શ્રી જિનદત્તસૂરિજીની ચાદર, ચોલપટ્ટો તથા મુહપંતી હતી. હવે શ્રી જિનભદ્રસૂરિ જ્ઞાનભંડારમાં સુરક્ષિત છે.

(૨) લાલનિયોનો ઉપાશ્રય
(૩) બોહરોનો ઉપાશ્રય
(૪) જયવંતોનો ઉપાશ્રય
(૫) પદ્માદેનો ઉપાશ્રય
(૬) સમયસુંદરજીનો ઉપાશ્રય
(૭) મહંતોનો ઉપાશ્રય
(૮) જેઠા પાડાનો ઉપાશ્રય

**લોકાગચ્છના ઉપાશ્રયો**

(૧) સંઘવી પાડાનો ઉપાશ્રય
(૨) મહેતા પાડાનો ઉપાશ્રય

**તપાગચ્છના ઉપાશ્રયો**

(૧) શ્રી સુપાર્શ્વનાથજીના મંદિરના નિર્માણ સમયે આ બંધાવવામાં આવ્યો હતો.

(૨) કાછવા પાડાનો ઉપાશ્રય

## બેગડગચ્છનો ઉપાશ્રય

આ ઉપાશ્રય જીર્ણદશામાં છે. તેની બહારની દીવાલ પરના શિલાલેખ પરથી જાણવા મળે છે કે આ ઉપાશ્રય ૧૬૭૩માં બંધાયો. બેગડશાખા ખરતરગચ્છમાંથી વિ. સં. ૧૪૨૦માં નીકળી હતી.

## આચાર્યગચ્છના ઉપાશ્રયો

(૧) દાસોત પાડાનો ઉપાશ્રય : આ ઉપાશ્રયમાં શ્રી વિમલનાથ ભગવાનનું દેરાસર છે. આ ઉપાશ્રય જેસલમેરના મહારાવલજીએ બંધાવીને યતિજીને ભેટ કર્યો હતો.[1]

(૨) જિંદાણી પાડાનો ઉપાશ્રય.

---

૧. શ્રી ગણેશાય નમઃ સંવત ૧૭૮૧ વર્ષે શાકે ૧૬૪૬ પ્રવર્તમાન મૃગસિર માસે શુકલ પક્ષે સપ્તમી તીથૌ ગુરુવાસરે શ્રી જેસલમેરનગરે મહારાજાધિરાજ મહારાજ રાવલજી શ્રી અખેસિંઘજી વિજે રાજ્યે શ્રી ખરતર આચાર્ય યા ગચ્છે શ્રી જિનચન્દ્રસૂરિ વિજે રાજ્યે શ્રી જિનસાગરસૂરિ શાખાયાં, વ્રાણુ માધવદાસજી ગણિ શિષ્ય પં. નેતસી ગણિ, શિષ્ય ઉદયભાણુ, શ્રી રાવલજી નેતસીને ઉપાસરો કરાય દીધો સંવત ૧૭૮૧ રે મિતિ માગસર સુદી ૭ ઉપાશ્રયરો કામ ઝાલ્યો પોહ વદી ૪ વાર સોમ પુષ્ય નક્ષત્ર દિને ઉપાસરેરી રાંગ ભરાઈ સં. ૧૭૮૪ રૈ વૈશાખ વદી ૭ ઉપાસરૈરો કામ પ્રમાણુ ચઢરો ઉપરઠાઈ છડીદાર અખો મોહણુંણી સિલાવટો ખિરો, નથવાણી યા બહુ ખૂદીઓ યાવ નક્ષત્રે મંડિતો મેરુ । યાવ ચન્દ્રાદિત્યૌ । ભાવત્ ઉપાશ્રય સ્થિરી ભવતુ, લિખિત પંડિત ઉદૈભાણુ મુણિ લિ : શુભ ભવતુ શ્રી સંઘસ્ય ।

# અમરસાગર

જૈસલમેરના પશ્ચિમે ૩ માઇલ પર આવેલ અમરસાગર નામનું એક સુંદર ઉદ્યાન તથા સરોવર છે, જે મહારાવલ શ્રી અમરસિંહજીએ સં. ૧૭૧૬ થી ૧૭૫૮ ની વચ્ચે બનાવેલ. આ જગ્યાને કુદરતની બક્ષિસ મળેલ છે અને અહીં રહેનાર ભાગ્યશાળી લોકોએ સુંદર સુંદર બાગબગીચા બનાવીને તેના સૌંદર્યને અનેરો ઓપ આપેલ છે. અહીં દેશ પ્રસિદ્ધ પીળા પથ્થરોની ખાણ છે, જેમાંથી નીકળેલ પથ્થરો પર જ કલા કારીગરીનુંઆ કામ થયેલ છે. ખરી રીતે જોતાં વાસ્તુકલાની દ્રષ્ટિએ આ પથ્થર અત્યંત ઉપયોગી છે. વરસાદના પાણીથી આ પથ્થર અને તે પર કરવામાં આવેલ કામ અત્યંત મજબૂત બની જાય છે. આખા રાજસ્થાનમાં આ પથ્થર પોતાની આ વિશિષ્ટતાને લીધે પ્રસિદ્ધ છે.

આ ગામમાં તળાવ તરફથી અથવા તેની પાળ પરથી પ્રવેશ કરવાથી શેઠ શ્રી સવાઈરામજી હિંમતરામજીનો સુંદર બગીચો દેખાય છે. તેની ડાબી બાજુ સૌથી પહેલાં એક અત્યંત કલાપૂર્ણ સુંદર મંદિર દૃષ્ટિગોચર થાય છે. પીળા પથ્થરની જાળીઓની શોભા વધારી દે છે. શ્રી આદિશ્વર ભગવાનનું બે માળનું મંદિર પણ શેઠ શ્રી હિંમતરામજીએ વિ. સં. ૧૯૨૮માં બંધાવ્યું તેની પ્રતિષ્ઠા ખરતરગચ્છાચાર્ય શ્રી જિનમહેન્દ્રસૂરિજીએ પોતાનાં કરકમલો દ્વારા કરી હતી. આ મંદિરની વિશેષતા તો એ છે કે અહીંનું કોતરકામ પથ્થર પર ખૂબ જ ઊંડું કરવામાં આવેલ છે. આ મંદિરની ચારે બાજુ કોતરકામ તથા જાળીઓ ખૂબ જ સુંદર છે.

આ મંદિરના ઉપરના ભાગમાં પથ્થરનો દરવાજો બનેલ છે. મંદિરનો સભામંડપ પણ ખૂબ જ સુંદર તથા કલાપૂર્ણ તેમજ દર્શનીય

છે અને તેની વચ્ચે આદિશ્વર ભગવાનની મૂર્તિ બિરાજમાન છે. મંદિરની સામે આવેલ સુરમ્ય ઉદ્યાન એક અદ્વિતીય નિર્માણ કાર્ય છે. મંદિરની આગળના ભાગની બાંધણી એટલી તો સુંદર તથા એવી કલાપૂર્ણ છે કે તેને જોનારની આંખ કેટલોય સમય ત્યાંથી ખસતી જ નથી. મંદિરજીમાં જ જુદી સુંદર દાદાવાડી છે, જેમાં દાદા કુશલસૂરિજીની પાદુકા છે.

મંદિરની સામે આવેલ સુરમ્ય ઉદ્યાન અત્યારે તો ઉજ્જડ બનેલ જણાય છે, છતાં નિર્માણકર્તાઓની ઉદાત્ત ભાવનાઓની પ્રશંસા કર્યા સિવાય રહી શકાતું નથી. આ મંદિરની સામેના છજ્જાઓ, ઝરુખાઓ તથા ગોખલાઓ પર કોતરવામાં આવેલ સૂક્ષ્મ જાળીઓ જોવાલાયક છે.

આ મંદિરની સુંદર શિલ્પકલા અંગે કલકત્તાનિવાસી શ્રી પૂર્ણચંદજી નાહરે લખેલ છે :

'विशाल मरुभूमि (मारवाड) में ऐसा मूल्यवान भारतीय शिल्पकलाका नमूना एक दर्शनीय वस्तुओंकी गणनामें रखा जा सकता है।'

મંદિરમાં પ્રશસ્તિ (લેખ) સિવાય પીળા પથ્થર પર કોતરવામાં આવેલ તીર્થયાત્રાના સંઘનો ૬૬ પંક્તિઓનો એક વિશાળ શિલાલેખ પણ મળે છે. તેનું પ્રકાશન પુરાતત્ત્વવેત્તા મુનિ શ્રી જિનવિજયજી દ્વારા સંપાદિત 'જૈન સંશોધન પત્રિકા'ના પ્રથમ ખંડના પાના ૧૦૮ પર "જૈસલમેરના પૂર્વના સંઘોનું વર્ણન" શીર્ષકથી થયેલ છે.

આ શિલાલેખથી એ પ્રતીત થાય છે કે આ સંઘમાં એક હજારથી વધુ સાધુ–સાધ્વી હતાં. સંઘ કાઢતાં પહેલાં સંઘવીએ રાજપૂતાનાના બધા રાજાઓની પધરામણી પોતાને ત્યાં કરાવી હતી. બધા

રાજાઓએ રસ્તામાં રક્ષા માટે સેંકડો ઊંટ તથા ઘોડેસવારો આપ્યા. અંગ્રેજો તથા ટોંકના નવાબે પણ ઘોડેસવારો આપ્યા. આ બધાંની સંખ્યા હજારોની હતી. નોકરચાકર પણ ઘણા હતા. રસ્તામાં જ્યાં સંઘનો પડાવ પડતો, ત્યાં એક માઈલના ઘેરાવામાં તે પડાવ રહેતો. સંઘ જ્યારે સિદ્ધાચલજી પહોંચ્યો, ત્યારે જે ત્યાં આવ્યા હતા, તે બધા યાત્રિકોને સાકર ભરેલ એક એક ચાંદીની રકાબી આપવામાં આવી હતી અને પાછા ફરતી વખતે ખાસ ખાસ જગ્યાએ સંઘની યાદમાં ધર્મશાળાઓ તથા નગારખાનાં વગેરે બાંધવામાં આવ્યાં હતાં.

અમરસાગરમાં શ્રી આદિશ્વર ભગવાનનાં બીજાં બે મંદિરો આવેલાં છે. એક તો શેઠશ્રી સવાઈરામજી પ્રતાપચંદજીએ સં. ૧૮૯૭-માં બનાવેલ છે. અને બીજું ઓસવાલ પંચાયતની તરફથી સં. ૧૯૦૩-માં બાંધવામાં આવેલ છે. આ મંદિરના મૂળનાયકની અત્યંત સુંદર વિશાળકાય મૂર્તિ વિક્રમપુરથી લાવવામાં આવી હતી. તે ૧૫૦૦ વર્ષ જૂની માનવામાં આવે છે. શ્રી સવાઈ રામજી તથા શ્રી ડુંગરસી યતિના બગીચા પણ ખરેખર દર્શનીય છે. આ બંને મંદિરમાં દાદા કુશલ-સૂરિજીની પાદુકા છે. ડુંગરસીના મંદિરના પાછલા ભાગમાં બગીચામાં સુંદર દાદાવાડી બનાવવામાં આવેલ છે. ત્યાં દાદા કુશલસૂરિજીની પાદુકા છે.

તળાવની વચમાં કેટલીક પગ વાવડીઓ, કાંઠાનો વિશાળ બંધ અને આંબાનાં વૃક્ષો જોનારના મનને ખૂબ લોભાવે છે. સરકારી બગીચો, મહેલાત તથા નીચે દાડમ, જામફળ, લીંબુ, અને આંબાનાં વૃક્ષો સિવાય મોગરા અને ચંમેલીની વેલોથી ઢંકાયેલ મહારાવલ અમરસિંહજીએ બનાવેલ બાગની છટા પણ નિરાળી જ છે. આ બગીચાનું બાંધકામ ખૂબ જ વૈજ્ઞાનિક ઢંગથી કરવામાં આવેલ છે. અલગ અલગ ક્યારીઓની સિંચાઈ માટે પથ્થરની પાકી નાળીઓ અને વચમાં વચમાં ફૂલવાડી તથા એક બાજુ દ્રાક્ષના માંડવા ખરેખર જેસલમેર જેવા રણપ્રદેશ માટે

આશ્ચર્યની વસ્તુઓ છે. બગીચાની વચ્ચે પીળા પથ્થરની પાલિશદાર ખુરશી, જે રાજાઓના ક્રીડિકાવિહારમાં કામ આવતી હતી, તે ખૂબ સુંદર બનેલ છે. તેની ચારે તરફ ગુલાબ તથા કચેરના ઊગેલ છોડવાઓ તેની શોભામાં ઓર વધારો કરે છે. બગીચાની બહાર નીકળીને યાત્રાળુ મોટી પગવાવડી 'અનુવાવ' ને જુએ છે. તેનું પાણી એટલું નિર્મળ સ્વચ્છ કાચ જેવું છે, કે તેની અંદર તરનાર વ્યક્તિનાં અંગઉપાંગ અથવા તેમાં પડી ગયેલ કોઈ પણ વસ્તુ તદ્દન સ્પષ્ટ દેખાઈ આવે છે. આમાં તળાવના સેજાનું પાણી આવે છે. વરસાદની ઋતુમાં જ્યારે તે છલોછલ ભરાઈ જાય છે, ત્યારે જેસલમેરના બધા ઘરડિયાઓ હવા ખાવા કે ઉજાણી કરવા અહીં આવે છે. આ લોકો અનુવાવમાં આખો દિવસ કૂદીને આનંદ કરે છે. અમરસાગર ગામમાં માળી તથા પુષ્કરણા બ્રાહ્મણોનાં ઘરો છે. અહીં જૈનોનાં કેટલાંક ખાલી ઘરો છે. ગામમાં બગીચાઓ સિવાય ઘણી ધર્મશાળાઓ છે. યાત્રાળુ આરામ કરે છે. હમણાં ત્યાં પીળા પથ્થરની ચીપ બનાવવાનું કારખાનું શરૂ થયું છે. ધીરે ધીરે તે ગામ આબાદ થઈ રહેલ છે.

# લોદ્રવા પાટણ

અમરસાગરની યાત્રા પૂર્ણ કરીને જ્યારે યાત્રાળુઓની બસ ભગતના પથ્થરની ખાણ પાસેથી આગળ વધતા મેદાનની તરફ જાય છે, તો દૂરથી જ લોદ્રવાપાટણનાં ભવ્ય ગગનચુંબી મંદિરો તથા કલ્પવૃક્ષો દેખાવા લાગે છે. તે દશ્ય યાત્રાળુમાં એક નવો ઉત્સાહ તથા તાજગી ભરી દે છે. જૈનોના આ પ્રસિદ્ધ તીર્થધામ લોદ્રવા જૈસલમેર નગરથી ૧૦ માઈલ દૂર તથા અમરસાગરથી સાત માઈલ દૂર આવેલ છે, આને જૈસલમેરની જૂની રાજધાની કહે છે. ત્યાં જવા માટે ડામરની પાકી સડક બનાવવામાં આવી છે. યાત્રાળુ બસ મારફત લોદ્રવાતીર્થની યાત્રા કરે છે. સ્થાનિક બસ કંપનીવાળા પાસેથી બસ ભાડે લઈને યાત્રાળુ નગરની અંદર જતાં વખતે ઠાકુરદાસ ભાટિયાની ભવ્ય, સુંદર તથા કલાપૂર્ણ દુકાનો તથા નથમલજી ગોયદાનજીની હવેલી પણ જોતા જાય છે. નગરનો આ વૈભવ તેને એ શહેરની સમૃદ્ધિથી પરિચિત કરી દે છે અને લોકોની રુચિ તથા ભાવનો અંદાજ પણ આવી જાય છે. ગોયદાનજીની હવેલી જોવાલાયક છે. તે હવેલીની સામેની ભીંત પર બનાવેલ સાત ઝરૂખા ફક્ત સાત પથ્થરોના છે. સંભળાય છે કે બે કારીગરોએ, જે ભાઈઓ હતા આ બનાવ્યા હતા. બન્ને ભાઈઓની કલાત્મક કારીગરી જુદી જુદી છે, છતાં પણ નવા આવનારને આ રહસ્યનો ખ્યાલ આવતો નથી.

લોદ્રવામાં પ્રવેશ કર્યા પછી કાકનદી પરથી લોદ્રવા પાટણનો જમીનદોસ્ત બનેલ કિલ્લો તથા મહેલ દષ્ટિગોચર થાય છે. સાંભળવામાં આવે છે કે લોદ્રવાનગરને ૧૨ પ્રવેશદ્વારો હતાં, જોકે તેઓ આજે તદ્દન ખંડિયેર બની ગયાં છે. કાકનદીની વાતો તો રાજસ્થાનના લોક-

સાહિત્યમાં વિશેષ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ કથાઓ લોકજીવનમાં વણાઈ ગઈ છે. આ નદી મૂમલ તથા મહેન્દ્ર પોતાની પ્રિયતમા મૂમલને મળવા માટે, તેની સાથે પ્રેમ કરવા માટે રોજ ઊંટડી પર બેસીને અહીં આવ્યા કરતો હતો. આ ઈતિહાસપ્રસિદ્ધ પ્રેમીઓની યાદને સદૈવ તાજી રાખવા માટે લૌદ્રવામાં મૂમલની મેડી આજે પણ છે. પ્રેમીજન આને જોઈને એવો સુખદ અનુભવ કરે છે, કે જે વર્ણનાતીત છે. હવે તો કાકનદી ફક્ત ચોમાસામાં જ વહે છે, પરંતુ પહેલાં બારે- માસ તેમાં પાણી રહેતું. કદાચ તે વખતે મૂમલ તથા મહેન્દ્રની પ્રણય- ક્રીડા અહીં ચાલ્યા કરતી હતી અને પાણીથી ભરેલ નદી તેમની સાક્ષી બની રહેતી હતી. હાલ તો નથી મૂમલ કે મહેન્દ્ર, કે નથી કાક નદીમાં પાણી.

કાક નદીથી સીધો યાત્રાળુ લૌદ્રવાના મુખ્ય મંદિરે પહોંચે છે. તેમના મંદિરના દર્શન માટે એક અજબ તાલાવેલી જાગ્રત થાય છે. મંદિરમાં પ્રવેશ કરતાં જ ચોકમાં એક મોટું મુખ્ય તોરણ જોવામાં આવે છે. જૈસલમેરમાં રહેલ મંદિરોનાં તોરણો કરતાં આ તોરણ ઘણું જ આકર્ષક અને અત્યંત સુંદર પણ છે. તોરણની નીચેથી થઈને યાત્રાળુ મૂળનાયક ચિંતામણિ પાર્શ્વનાથજીની શ્યામ મૂર્તિનાં દર્શન કરીને વર્ષોની પોતાની તીવ્ર અભિલાષાને પૂર્ણ કરીને મહાન આનંદનો અનુભવ કરે છે. સહસ્રફણા પાર્શ્વનાથની આ મૂર્તિ[1] કસોટીપથ્થર- માંથી બનાવેલ છે. જોવામાં આ મંદિર તદ્દન નવું જ લાગે છે, પરંતુ ખરી રીતે તેવું નથી. લૌદ્રવા નાશ પામ્યા પછી અહીંની પ્રાચીન મૂર્તિઓ જૈસલમેર લઈ જવામાં આવી હતી તે પ્રાચીન જગ્યા પર હાલના મંદિરનો જીર્ણોદ્ધાર કરવામાં આવેલ છે.

---

૧. ખરી રીતે જોતાં તો આ પથ્થર શાનો છે, તેનો નિર્ણય હજુ પણ થઈ શકતો નથી.

જૈસલમેરની સ્થાપના પહેલાં આ લૌદ્ર રાજપૂતોની રાજધાનીનું સૌથી મોટું શહેર હતું. ભારતનું પ્રાચીન વિશ્વવિદ્યાલય અહીં હતું. તેથી આ સ્થળની આખા વિશ્વમાં ઘણી પ્રતિષ્ઠા હતી. આ લૌદ્ર રજપૂતોના નામ પરથી આનું નામ લોદ્રવા પડ્યું. રાજકીય ઇતિહાસ જોવાથી જાણવા મળે છે કે ભાટી દેવરાજે પહેલાં પોતાની રાજધાની દેરાઉરમાં સ્થાપિત કરી. પછી લૌદ્ર રજપૂતોને હરાવીને લૌદ્રવાને પોતાની રાજધાની વિ. સં. ૧૦૮૨માં બનાવ્યું અને પોતે રાવલની પદવી ધારણ કરી. તે વખતે આ ખૂબ જ સમૃદ્ધિશાળી શહેર હતું. પરંતુ હવે તો તેના વૈભવનો નાશ થઈ ચૂક્યો છે, તેના અવશેષો આજે પણ જૈસલમેરની ઉત્તર પશ્ચિમે ૧૦ માઈલની અંદર વિખરાયેલા પડયા છે. મહંમદ ઘોરીના આક્રમણથી આ શહેર જમીનદોસ્ત થઈ ગયું.

લૌદ્રવા મંદિરના ગર્ભદ્વારની જમણી બાજુએ ૨૨" × ૨૬"નું સહજકીર્તિગણિ નામના કોઈ વિદ્વાને લખેલ એક શતદલયંત્ર છે. તેની પ્રશસ્તિનો શિલાલેખ ત્યાં લગાવેલ છે. અલંકારશાસ્ત્રની દૃષ્ટિએ આ શતદલપદ્મ યંત્રની પ્રશસ્તિ અપૂર્વ છે. આ મંત્રના પચ્ચીસ ચતુષ્પદ શ્લોકોની સો પાંખડીઓના રૂપે સો ચરણ છે અને પ્રત્યેક ચરણનો છેલ્લો અક્ષર મંત્રના મધ્યમાં રહેલ ફક્ત "મં" અક્ષર છે. બધાં પદોના છેલ્લા અક્ષરની મેળવણી ફક્ત એક જ અક્ષરથી કરવી કેટલી કઠણ છે, તેની કલ્પના સહેજે કરી શકાય છે.

પૂરણચંદજી નાહરે આ શતદલપદ્મ યંત્ર અંગે લખેલ છે:

"अद्यावधि मेरे देखनेमें जितने प्रशस्ति शिलालेख आये हैं, उनमें अलंकार शास्त्रका औसा नमूना नहीं मिला है ॥"

આથી જાણવા મળે છે કે પ્રાચીન કાલમાં સગર નામે એક રાજા રાજ્ય કરતો હતો. તેને શ્રીધર અને રાજધર નામે બે પુત્રો હતા. આ બન્ને ભાઈઓએ ગુરુદેવની આજ્ઞાથી જૈન ધર્મ સ્વીકારીને ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુનું મંદિર બંધાવ્યું હતું. રાજકીય દુર્ઘટનાને કારણે આ શહેર નાશ પામ્યું. આ યંત્ર દ્વારા એ જાણવા મળે છે કે આની પછી શેઠ શ્રી ખીમસીભાઈએ આ જૈન મંદિરને ફરીથી બંધાવ્યું, જે અંગેનો નીચેનો લેખ મળે છે :

श्रीमल्लोद्रपुरे जिनेशभवनं सत्कारितं खीमसीः
तत्पुत्रस्तदनुक्रमेण सुकृति जातः सुत पूनसी ॥

શેઠ ખીમસીભાઈનાં અધૂરાં કામો તેમના પછી તેમના સુયોગ્ય પુત્ર પૂનસીએ પૂરાં કર્યાં. પરંતુ આ મંદિરનો ખરેખરા રૂપમાં, જીર્ણોદ્ધાર જૈસલમેર નિવાસી શેઠ થાહરૂશાહે કર્યો અને એટલું જ નહીં પણ તે પરમ પ્રતાપી શેઠે પ્રાચીન મંદિરોના પાયા પર નવાં મંદિરો પણ બંધાવ્યાં અને નવી નવી મૂર્તિઓની પ્રતિષ્ઠા આચાર્ય શ્રી જિનરાજસૂરિજીનાં કરકમલોથી મિ. મિગસર સુદ ૧૨ સં. ૧૬૭૫ માં કરાવવામાં આવી. અહીં એક જ કોટમાં મેરુ પર્વતના ભાવ પર પાંચ મંદિરો બાંધવામાં આવેલ છે. કવિ શ્રી રવિ જેઠીએ લૌદ્રવપુરના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુ માટે લખેલ એક સ્તવનમાં આ મંદિર અંગે આ પ્રમાણે ઉલ્લેખ છે–

લા(લો)દ્રપુરિ પાટણુ પરગહઉ, જિમ ઉદયાચલ ભાણુ લાલ રે,
શત્રુંજય તીરથની પરઈ, મુર (મરૂ) ધર દેશ મંડાણુ લાલ રે ॥
તિહાં બઈઠા પ્રભુ શોભતા, પૂજઉ ચિત્ત લગાય લાલ રે,
ચઉ વિહ દેવ તિહાં મિલી, નિરતી કરી ગુણુ ગાય લાલ રે ॥
જિન મંદી(દિ)ર સામી તણુઉ, જાણે નલણી વિમાણુ લાલ રે,
મંડપિ મોહ્યા દેવતા, જોતાં જનમ પ્રમાણુ લાલ રે ॥

જીરણ જિતહર ઉધરયઉ, કલિયુગ કરિ(ર)ણી સાર લાલ રે,
વીર વદઈ જિન સાસણઈ, પુણ્યના ભંડાર લાલ રે ॥૬
સંવત સોલ પચિતરઈ (૧૬૭૫) માગશિર માસ ઉદાર લાલ રે,
શુકલ પક્ષિ બારસ દિનઈ, જોગ નક્ષત્ર શુભવાવ લાલ રે ॥

આ પાંચે મંદિરો પણ શેઠ થાહરૂશાહે બંધાવ્યાં છે.

શેઠ થાહરૂશાહજી મોટા ધનવાન તેમજ પુણ્યાત્મા હતા. તેમનો યશ બધે ફેલાયો હતો. પરંતુ ધનવાન બન્યાની વાત ઘણી વિચિત્ર છે. કહેવાય છે કે ઘીનો વેપાર કરતાં કરતાં શેઠજીને એક ચિત્રાવેલ (અમરવેલી) મળી ગઈ. તેનાથી બધાં કામો સફળ થઈ જાય છે. શેઠજી મુખ્યતઃ ઘીના વેપારી હતા. એક દિવસે રૂપસિયાથી એક સ્ત્રી ઘી વેચવા માટે ઘી લઈને આવી. શેઠજીએ તેનું ઘી ખરીદી લીધું. ઘીના ઘડાની નીચે તે બાઈએ ઈંઢોણી બાંધી હતી. શેઠજી ઘી કાઢતા રહ્યા, પણ ઘી તો ખાલી થતું જ ન હતું. શેઠજીએ આશ્ચર્યથી ઘડાની નીચે જોયું તો તેની નીચે ચિત્રાવેલ (અમરવેલી) તેમને મળી. શેઠજીએ ઈંઢોણી તે બાઈને લઈને બીજી સુંદર ઈંઢોણી આપી દીધી. ચિત્રાવેલ મેળવીને શેઠજી ધનકુબેર થઈ ગયા અને ધનાઢ્યોમાં અગ્રેસર ગણાવા લાગ્યા. ભાગ્યશાળીઓને દૈવયોગે સારી વસ્તુ મળી પણ જાય છે, જેથી તેઓ બીજાં પણ સારાં કાર્યો કરી શકે. શેઠજીએ શ્રી આદિનાથજી, તથા શ્રી સંભવનાથજીનાં મંદિરો ઉપરાંત શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુનું અત્યંત ભવ્ય તેમજ કલાપૂર્ણ મંદિર પણ બંધાવ્યું. તેમાં મૂળનાયક શ્યામવર્ણના સહસ્રફણા શ્રી પાર્શ્વનાથ પ્રભુ બિરાજમાન છે, જેના પર નીચેનો લેખ કોતરેલ છે.

श्री लोद्रवनगरे श्री बृहत खरतर गच्छाधीशोः सं. १६७५ मार्गशीर्ष सुदि १२ गुरो भांदशालीक श्री मल्लभार्या चांपलदे पुत्र रत्न थाहरुसेन भार्या कनकादे पुत्र हरराज मेघराजादि पुतेव श्री चिंतामणि पार्श्वनाथ विंबका प्र० म० युगप्रधान श्री जिनसिरसूरि पट्टालंकार म० जिन राजसूरिजि ( : ) प्रतिष्ठित".

ઉપરના લેખથી એ નક્કી થાય છે કે આ મંદિરનો જીર્ણોદ્ધાર વિ. સં. ૧૬૭૫માં શેઠ થાહરૂશાહે કરાવીને આ પ્રાચીન તીર્થના ગૌરવને અખંડ રાખ્યું. આમાં વિચિત્ર તેમજ કલાત્મક કારીગરીનું અદ્વિતીય સ્વરૂપ મળે છે. અંદરની વ્યવસ્થા તેમજ શિલ્પ આર્યશૈલીને મળતી આવે છે. બધી જગ્યાએ હોરિઝેન્ટલ શૈલીનો ઘણોખરો પ્રયોગ કરવામાં આવેલ છે. મહેરાબોનો (Arches) તો અહીં અભાવ જ છે. મંડપની છત પેનલ્સમાં વિભાજિત કરવામાં આવેલ છે. પ્રવેશદ્વારના તોરણની કળા તો સૌન્દર્યને જાગૃત કરે છે. કોર્નિશના થાંભલાઓ તથા અન્ય વિભાગોમાં જે બારીકાઈથી કોતરકામ કરેલ છે, તેનું શબ્દોમાં વર્ણન થઈ શકતું નથી. મૂર્તિઓની જુદી જુદી મુદ્રાઓની કારીગરી જોઈને એવું પ્રતીત થાય છે કે જાણે વાસ્તુકલા તથા શિલ્પનો આખો ખજાનો શિલ્પકારોએ અહીં જ ઠાલવી દીધો છે. અહીંનો એકે એક પથ્થર બોલતો હોય તેમ જણાય છે અને એક અજબ પ્રકારની સજીવતા આ મૂર્તિઓમાં ભરી દેવામાં આવેલ છે. અહીંનાં થાંભલા, છત તથા શિખરનો એકે એક પથ્થર બારીક કામનું સજીવ દૃશ્ય ખડું કરી દે છે. આવું બારીકાઈનું કામ અન્યત્ર દુર્લભ છે. અહીંની મૂર્તિઓ જોવાથી એ જાણવા મળે છે કે અહીંના શિલ્પકારોમાં સજીવ સૌંદર્યને ચીતરવા જાણે હરીફાઈ જામી હતી. તોરણ જોકે મંદિરનો એક ભાગ જ હોય છે, પરંતુ એ એવી રીતનું બનાવવામાં આવેલ છે કે જાણે તે મુખ્ય મંદિર જ છે.

આને જોઈને આખી ઈમારત હોવાની ભ્રમણા જેવી લાગે છે. જો માત્ર આ તોરણને જ અહીંથી દૂર કરવામાં આવે તો આખાય મંદિરનું સૌંદર્ય નષ્ટ થયું સમજવું. તેની વિશિષ્ટતા તેની સુંદરતામાં નહીં, બલ્કે તેની બારીક કોતરણીમાં છે.

આ મંદિરની મૂર્તિઓ અંગે એ કહેવાય છે કે એક વાર શેઠ થાહરૂશાહે શ્રી સિદ્ધાચળજીનો મોટો સંઘ કાઢયો. યાત્રા પૂર્ણ કરીને પાછા ફરતાં શેઠજીએ જોયું કે મંદિર તો બંધાઈ તૈયાર થઈ ગયું, પરંતુ મૂર્તિઓ હજુ સુધી આવેલ નથી. શેઠજી મૂર્તિઓની શોધમાં જ હતા. એક દિવસ પાટણ તરફથી બે કુશળ કારીગરો આવ્યા, જેમણે પોતાનું આખુંય જીવન આ કાર્યમાં ગાળ્યું હતું. તેઓ તેમણે પોતે બનાવેલ એક એક મૂર્તિ વેચતા મુલતાન જઈ રહ્યા હતા. થાકી જવાને લીધે રસ્તામાં લોદ્રવા રાજ્યમાં આરામ કરવાને રોકાઈ ગયા. સૂતેલ કારીગરોને સ્વપ્ન આવ્યું. તેમાં તેમને કહેવામાં આવ્યું કે "આ મૂર્તિઓને શેઠ થાહરૂશાહ જે કિંમતે લેવા ઈચ્છે તે કિંમતે આપી દો." તે દિવસે શેઠજીને પણ સ્વપ્ન આવ્યું કે "બે કારીગરો જે બે મૂર્તિઓ લાવ્યા છે, તેમને લઈ લેશો." સવાર પડતાં જ મૂર્તિકાર તથા શેઠ એકબીજાની શોધમાં નીકળ્યા. સંજોગવશાત્ બન્ને મળી ગયા અને શેઠજીએ તે બન્ને મૂર્તિઓની ભારોભાર સોનું મૂર્તિકારને આપીને મૂર્તિઓ લઈ લીધી. કહેવાય છે કે એક મૂર્તિને શેઠજીએ જે ત્રાજવા વડે ધન–દ્રવ્ય પેદા કરેલ હતું તે ત્રાજવાના એક પલ્લામાં રાખીને, તેની ભારોભાર ઘરેણાં તોળીને મૂર્તિકારને તે આપી દીધું. પરંતુ બીજી મૂર્તિ લેવાની ઇચ્છા તેમની પત્નીએ દર્શાવી. શેઠાણીને એ વિશ્વાસ હતો કે પોતાની પાસે શેઠ કરતાં પણ વધારે ઘરેણાં છે. તથા તેમણે મૂર્તિને બે વાર તોલીને, તે મેળવવાનો વિચાર કર્યો. કોઈ પણ રીતે તે શેઠજીની પાછળ રહે તેવી ન હતી.

પરંતુ લોકટીકાને કારણે કે કોઈ લોકો એવું ન માની લે કે શેઠ કરતાં શેઠાણી આગળ વધી ગયાં, તેથી મૂર્તિની ભારોભાર સોનું તેમને આપ્યું. મૂર્તિકાર ભાઈ પોતાની મહેનતથી પણ વધારે ધન મેળવીને ઘણા આનંદ સાથે પ્રસન્નચિત્તે પાટણ ગયા. જે લાકડાના રથમાં તે મૂર્તિઓ પાટણથી લાવવામાં આવી હતી, તે પણ સુરક્ષિત છે. તેમનો જીર્ણોદ્ધાર સંવત ૨૦૨૭માં થયો છે. આ પ્રમાણે આ મૂર્તિઓને મેળવવામાં પણ શેઠજીએ પોતે પાછી પાની ન કરી અને એક ધર્માત્માનું સાચું સ્વરૂપ તેમણે સમાજની સામે મૂક્યું. આજે પણ આપણા માટે અનુકરણીય છે.

મુખ્ય મંદિરના ચારે ખૂણા નાના નાના છે. છતાં પણ મંદિર શિખરબંધ લાગે છે. એક શિલાલેખ પર લખેલ મળેલ છે કે શેઠ થાહરૂશાહે પોતાની પત્ની, પુત્ર તથા પૌત્રના પુણ્યાર્થે આ મંદિર બંધાવ્યું છે. મંદિરોમાં ક્યાંક ક્યાંક ૧૧ મી તથા ૧૨ મી સદીની મૂર્તિઓ પણ જોવા મળે છે. ચારે મંદિરોનો નિર્માણ સમય વિ. સં. ૧૬૭૫નો છે. પરંતુ મૂળનાયકની પ્રતિમા પર નીચેનો લેખ લખેલ મળી આવ્યો છે :

पद्मासण पर वि. सं. १६२२ मार्गसुर सुदि ११ श्री देवसुरि श्री वीरनाथ सुरि प्र० कारितम् । सं. १६६३ मार्गशीर्ष सुदि ९ भणसाली संघवी थाहरूकेण श्री पार्श्वनाथ देवग्रहे भार्या कनकदेवी प्र० श्री चिनराजसुरि.

(૧) પ્રથમ મંદિર—મૂળનાયક શ્રી પાર્શ્વનાથ વચમાં.

(૨) દક્ષિણ—પૂર્વના મંદિરમાં મૂળનાયક શ્રી આદિનાથ ભગવાન

(૩) દક્ષિણ–પશ્ચિમના મંદિરમાં મૂળનાયક શ્રી અજિતનાથ ભગવાન

(૪) ઉત્તર–પશ્ચિમના મંદિરમાં મૂળનાયક શ્રી સંભવનાથ ભગવાન

(૫) ઉત્તર–પૂર્વના મંદિરમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન.

આ પ્રમાણે પાંચે મંદિરોમાં મૂળનાયક બિરાજમાન છે. મુખ્ય મંદિરની જમણી બાજુએ સુંદર આકૃતિવાળું સમવસરણ છે. તેની ઉપર અષ્ટાપદ ગિરિ અને તે પર એક સુંદર કલ્પવૃક્ષની રચના કરવામાં આવી છે. કલ્પવૃક્ષમાં જુદા જુદા પ્રકારનાં કૃત્રિમ ફળ લાગેલ છે, જે યાત્રાળુઓને દૂરથી આકર્ષી લે છે. આ કલ્પવૃક્ષ બાફના શેઠે બનાવેલ છે. થાહરૂશાહ જ્યારે શ્રી સિદ્ધાચલજીતીર્થનો સંઘ લઈને ગયા હતા, ત્યારે પોતાની સાથે જે લાકડાના રથમાં કારીગરો પાટણથી મૂર્તિઓ લાવ્યા હતા, તે રથ લઈ ગયા હતા. સંઘની સાથે શ્રી પાર્શ્વનાથની પન્નાની બનાવેલ જે મૂર્તિ રાખવામાં આવી હતી, તે આજે પણ શ્રી જિનભદ્રસૂરિના જ્ઞાનભંડારમાં મોજૂદ છે. અષ્ટાપદજીની રચનાની ચારે બાજુ પીળા પથ્થરમાં કંડારેલ પંચતીર્થીઓની સુંદર કારીગરી છે, જે પ્રતિદિન પૂજા–પ્રક્ષાલનને કારણે ધીરે-ધીરે ઘસાતી ચાલે છે.

ખરી રીતે આ મંદિર આ રાજધાનીનું સૌથી મોટું આકર્ષણ છે. મંદિરમાં દાદાજીની મૂર્તિઓ તથા ખરતરગચ્છ પટ્ટાવલી પ્રમાણે ચરણપટ પણ છે. અષ્ટાપદજીના પટ સામે સભામંડપની દીવાલમાં એક કાણું છે. તે અંગે એમ કહેવાય છે કે તેમાંથી એક સર્પ બહાર આવીને દર્શન દઈને અદૃશ્ય થઈ જાય છે. તેને જોયા પછી ધ્યાન ધરવાનું કામ સિદ્ધ થાય તેમ સમજાય છે. આવી દંતકથા સંભળાય છે. આ સર્પ આ તીર્થના અધિષ્ઠાયક છે, એમ સંભળાય છે.

આ મંદિરો પર ધ્વજદંડ ૧૯૯૯માં મહા સુદ ૧૪ના દિને ચોરડિયા બંધુઓએ ચઢાવેલ છે.

આ ઉપરાંત શેઠ થાહરૂશાહે જૈસલમેરમાં પોતાની હવેલી તથા દેરાસર બંધાવ્યાં હતાં. મંદિરની બહાર શેઠ હજારીમલ રાજમલે બનાવેલ એક ધર્મશાળા (પાર્શ્વભવન) પણ છે, જેમાં એક મોટું ટાંકું છે. અહીં એક દાદાવાડી પણ છે, જેમાં નાના અને મોટા દાદા સાહેબની ચરણપાદુકાઓ છે તથા શ્રી મોહનલાલજી મ. તથા શ્રી રત્નસૂરિજી મ. ની મૂર્તિઓ છે. આ ભવનમાં નવા ઓરડાઓ બંધાવવાનું કામ ચાલુ છે.

લોદ્રવામાં જૈન મંદિર સિવાય હિંગલાજ દેવનું પ્રાચીન મંદિર તથા કાક નદીના કાંઠે પંચમુખી મહાદેવજીનું મંદિર તથા મૂમલની મેડી પણ મૌજૂદ છે. હિંગલાજ દેવીના મંદિર પાસે જૈન મંદિર પણ છે, જે આજે ખંડિયેર દશામાં પડેલ છે.

અત્રે ત્રણ ઉપાશ્રયો છે. એ સિવાય શ્રીમંતોના રોકાવા માટે જુદા જુદા ગોત્રનાં ૧૭ રહેઠાણો છે. આ બધાં શ્રી જૈસલમેર લોદ્રવા પાર્શ્વનાથ જૈન ટ્રસ્ટના હાથ નીચે છે.

ઉપરોક્ત વિતરણ અને પ્રમાણોથી આ સ્પષ્ટ થાય છે કે ૧૭મી સદી સુધી આ નગર એક ખૂબ જ સમૃદ્ધિવાળું અને વૈભવવાન શહેરોમાં અગ્રેસર હતું. આની મૂર્ત કળા અને ભવન નિર્માણ કળા જોઈને આનાં કલાત્મક ગૌરવનો અંદાજ સહેજે લગાડી શકાય પણ કાળ અત્યંત કઠોર છે. આજે એ જ નગર ઊજડેલ વસ્તીનું એક ખંડિયેર લાગે છે. હાલ તો અહીં ફક્ત ૩ ઉપાશ્રય અને એક ધર્મશાળા સિવાય બીજું કાંઈ નથી. પરંતુ રાજ્ય સરકાર લોદ્રવા નગરને સુધારવા જલદી પ્રયાસ કરશે એવું લાગે છે.


# બ્રહ્મસર

બ્રહ્મસર જૈસલમેર પંચતીર્થીનું ધાર્મિક સ્થાન છે. આની યાત્રા કર્યા પછી લોકો એવું માને છે કે પંચતીર્થીની યાત્રા સફળ થઈ ગઈ. જ્યાં સુધી યાત્રાળુ બ્રહ્મસરના પાંચમા પાર્શ્વનાથ પ્રભુનાં દર્શન કરતો નથી, ત્યાં સુધી પોતાની યાત્રાને સફળ માનતો નથી. આ માટે લોદ્રવાની યાત્રા પછી યાત્રાળુ સીધો બ્રહ્મસર તરફ પ્રયાણ કરે છે. બ્રહ્મસર જવાનો રસ્તો કાચો છે.

લોદ્રવાથી નીકળતાં જ ડાબી બાજુ એક માઈલ દૂર રૂપસીં નામનું ગામ દેખાય છે. ત્યાંના લોકોનો મુખ્ય વ્યવસાય આજે પણ ખેતી તથા ઢોરઉછેર છે. ત્યાંથી આગળ ચાલતાં જ થોડે દૂર રામકુંડા નામના મહંતનો આશ્રમ આવે છે, તે જૂના સમયમાં ગુરુકુલ સમાન હતો. તે ખરેખર જોવા લાયક છે. રામકુંડા પસાર કર્યા પછી છેવટે બ્રહ્મસર આવે છે.

લોદ્રવાથી બ્રહ્મસર લગભગ ૭–૮ માઈલ ઉત્તરમાં છે. આ ગામમાં મહારાજ મોહનલાલજીની આજ્ઞાથી બાગરેચા અમોલકચંદના પુત્ર માણેકલાલે મહારાવલ બેરીસાલજી સા.ના સમયમાં અહીં પાર્શ્વનાથ પ્રભુનું મંદિર બનાવીને વિ. સં. ૧૮૪૪માં મહા સુદી ૮ ના રોજ અહીં તેની પ્રતિષ્ઠા કરાવી. પાર્શ્વનાથ પ્રભુની આ મૂર્તિ અત્યંત મનોહર તથા દર્શનીય છે. આ સ્થળ રામગઢની વચ્ચે હોવાને લીધે હંમેશાં આ ગામમાં મોટર આવે છે.

અહીંથી એક માઈલ દૂર દાદાશ્રી કુશલસૂરિજીનું સ્થાન તથા કુંડ છે, જેને દાદાવાડી કહે છે. (આનું પૂરું વર્ણન દાદાસ્થાન પ્રકરણમાં આપેલ છે.) અહીંના દાદાસ્થાન અંગે નીચેની બાબત ખૂબ જ પ્રસિદ્ધ છે.



શ્રી ઋષભદેવજીના મંદિરની મૂર્તિ




સ્ટીલની અલમારી-એલ્યુમિનિયમના ડબા જેમાં
તાડપત્રોના ગ્રંથો મુકેલા છે.



શ્રી શાન્તિનાથજીના મંદિરનું સુન્દર શિખર





તોરણદ્વાર, લૌદ્રવપુર (જૈસલમેર)



કલ્પવૃક્ષ, લૌદ્રવપુર, (જૈસલમેર)

પટવા (બાફના) સેઠોંની ઉંચી ઉંચી હવેલિયોનું ચિત્ર





નથમલજી ગોયદાની નો હવેલી

લૂણિયા વંશના શેઠને દેરાઉર નામના સ્થાને યવનો ખૂબ ખૂબ સતાવતા હતા. આ વંશને યવનોના ત્રાસમાંથી બચાવવા માટે ગુરુદેવે શેઠને થોડી સેના લઈને રાજપૂતાના જવાની આજ્ઞા ફરમાવી. ગુરુદેવે કહ્યું : "પાછળ જરાય જોઈશ નહીં." લૂણિયા કુટુંબ ઊંટો પર સામાન વગેરે મૂકીને રજપૂતાના તરફ ચાલ્યા. તે લોકો આ જગ્યાએ આવ્યા અને શેઠે પૂર્વ દિશામાં થોડું અજવાળું જોઈને પાછળની બાજુએ જોયું તો ત્યાં ગુરુદેવ પાછળ રોકાયેલા મળ્યા. ગુરુદેવે કહ્યું : "મેં તેને કહ્યું હતું કે પાછળ જોઈશ નહીં, છતાં પણ તેં પાછળ જોયું. હવે હું જાઉં છું, તું ડરીશ નહીં. પાસે જ બ્રહ્મસર ગામ છે, ત્યાં જાવ." જે પથ્થર પર ગુરુદેવે ઊભા થઈને દર્શન આપ્યા, તેને શેઠે પોતાનું મસ્તક નમાવ્યું અને કારીગરો પાસે પગલાં કોતરાવીને ત્યાં છત્રી બનાવીને સ્થાપિત કરી દીધા. તે આજે પણ મોજૂદ (વિદ્યમાન) છે. ગુરુદેવના પ્રતાપથી એ દાદાવાડીમાં એક કુંડ છે. તે હંમેશાં નિર્મલ સ્વચ્છ પાણીથી ભરેલ રહે છે, તેથી કરીને દોરડા વડે પાણી કાઢવાની જરૂર રહેતી નથી. આ કુંડ ખરેખર જોવા લાયક છે. આ સ્થળ ઘણું ચમત્કારી છે. દાદાવાડીમાં પણ શ્રી જિનદત્ત સૂરિજી, શ્રી જિનચંદ્ર સૂરિજી તથા શ્રી જિનકુશલ સૂરિજીનાં પગલાં છે. દાદાવાડીમાં પ્રતિષ્ઠિત થયેલ શ્રી જિનકુશલ સૂરિજીનાં પગલાં પર સં. ૧૮૯૨માં નવી થુંભશાળાની સ્થાપના થઈ હતી.

આ દાદાવાડીની સામે પૂર્વ દિશા તરફ વૈષ્ણવોનું તીર્થ છે, તેને વૈશાખી કહે છે. આ સ્થાન બૌદ્ધ સમયનું માનવામાં આવે છે અને દર વર્ષે વૈશાખી પુર્ણિમાને રોજ અહીં એક ખૂબ મોટો મેળો ભરાય છે. સાધુઓને માટે મોટા મોટા ભંડારો પણ હોય છે. વૈશાખી અને બ્રહ્મસરની વચ્ચે 'ગંઢી' નામે એક વાવ છે. જ્યાંથી પહેલાં દુકાળ વખતે જૈસલમેરની સ્ત્રીઓ ઘડાઓ વડે પાણી ભરીને લઈ જતી હતી.

પાછા ફરતી વખતે યાત્રાળુ જેસલમેરનાં તીર્થો તથા ત્યાંનાં અન્ય કલાપૂર્ણ સુરમ્ય દર્શનીય સ્થાનોની સ્મૃતિ સાથે જેસલમેરનો કિલ્લો તથા નગરને લલચામણી દૃષ્ટિએ જુએ છે. આવા પુણ્ય–પવિત્ર સ્થાનને છોડી જવાનું યાત્રાળુનું મન થતું નથી.

તેને એ જાણીને આશ્ચર્ય પણ થાય છે કે આ રેતાળ પ્રદેશમાં આવું મોટું અદ્વિતીય સ્થાપત્ય તથા ભાગ્યશાળી પ્રાચીન પેઢીઓના કઠોર પુરુષાર્થ તથા સર્વોચ્ચ સભ્યતાની ભેટ જ છે. આ સુખનો અનુભવ કરતો યાત્રાળુ યાત્રાની વાસ્તવિક કઠિનાઈ ભુલી જાય છે અને ત્યાં ફરીથી પાછો આવવાની આકાંક્ષા સાથે જાય છે. ખરેખર અમારો તો એ નક્કર અભિપ્રાય છે કે કલાપ્રેમી, ભાવનાશીલ વ્યક્તિ તથા ઇતિહાસવેત્તા જો સાચી રીતે પોતાના જ્ઞાનની વૃદ્ધિ કરવા ઇચ્છે, તો તેણે એકવાર જૈસલમેરનાં જૈન મંદિરોના સ્થાપત્યકલા અને ત્યાંના અમૂલ્ય જ્ઞાનભંડારોને જરૂર જોવા જોઈએ. જૈસલમેરનો પ્રાચીન ગૌરવમય ઇતિહાસ તથા પ્રાચીન કલાસંસ્કૃતિ આજે પણ પ્રેરણાનો ઝરો છે. અહીંની ઉત્કૃષ્ટ પ્રસ્તર કલા તથા સાહિત્ય ભંડાર ભારતરાષ્ટ્રનો ખૂબ મોટો ખજાનો છે, જેની છાયામાં બેસીને જિજ્ઞાસુ શોધ કરતાં કરતાં મહાન કાર્ય કરી શકે છે.

આ પ્રમાણે **પોકરણ, જૈસલમેર, અમરસાગર, લૌદ્રવાજી** તથા **બ્રહ્મસર** (પંચતીર્થી) વગેરે જગ્યાઓની યાત્રા સંપૂર્ણ કરી યાત્રાળુ પોતાના જીવનને ધન્ય માની લે છે.

અમે અહીં જૈસલમેરનાં પ્રસિદ્ધ–પ્રસિદ્ધ સ્થાનોનું વર્ણન એક ઇતિહાસવેત્તાની દૃષ્ટિએ કર્યું છે. પ્રત્યેક સ્થાન તથા મંદિરના નિર્માણ માટે યથાસંભવ પ્રમાણ આપવામાં આવેલ છે તથા તેની પાછળની લોકકથાઓનું વર્ણન પણ કરેલ છે, જેથી વાચક તેની પ્રામાણિકતા વિષે શ્રદ્ધાળુ બને અને પોતાની જ્ઞાનપિપાસાને શાંત કરી લે. અમને વિશ્વાસ છે કે અમારા પ્રયત્નથી વાચકને લાભ થશે,

# દાદા સ્થાન

**પોકરણ :**

૧. જોધપુર સડક પર અતિ પ્રાચીન દાદાવાડી છે, જ્યાં દાદા શ્રી કુશલસૂરિજીનાં પગલાં છે.

૨. પશ્ચિમ તરફ તળાવ પર પણ દાદાવાડી બનેલ છે, જ્યાં પગલાં નથી.

**જૈસલમેર :**

૧. ગઢસીસર નામના તળાવમાં એક દાદાવાડી છે, જ્યાં શ્રી જિનદત્તસૂરિજીનાં પગલાં છે.

૨. બાડમેર સડકની પાસે એક જગ્યાએ દાદાજીનાં પગલાં છે, જેમને બુહસ્પતવારિયા દાદાજી કહે છે.

૩. સમયસુંદરજી મહારાજના ઉપાશ્રય મહેતા પાડામાં દાદા શ્રી જિનકુશલસૂરિજીનાં પગલાં છે.

૪. લાલાની તથા ઢાસોત પાડાના ઉપાશ્રયોમાં દાદાજીનાં પગલાં છે.

૫. ગજરૂપ સાગર—આ જગ્યા શહેરની ઉત્તર દિશા તરફ બે માઈલ દૂર છે. અહીં દાદાવાડીમાં શ્રી જિનકુશલસૂરિજીનાં પગલાં છે. તે ૧૯૨૧માં પ્રતિષ્ઠિત થયેલ છે.

૬. ગામગઢા—અહીં શ્રી જિનકુશલસૂરિજીનાં પગલાં છે.

૭. દેદાનસર—અહીં દાદા શ્રી જિનકુશલસૂરિજીનાં તથા અકબર પ્રતિબોધક શ્રી જિનચંદ્રસૂરિજીના સ્તૂપો છે. અન્ય યતિઓનાં સમાધિસ્થાન, છત્રીઓ વગેરે જોવા લાયક છે.

૮. બ્રહ્મસર માર્ગ પર લૂણિયા દાદાવાડી છે. અહીં લૂણિયાજીને શ્રી જિનકુશલસૂરિજીએ દર્શન દીધાં હતાં, તેના

પ્રતીકરૂપે આ દાદાવાડી છે. તેમાં શ્રી જિનકુશલસૂરિજીનાં પગલાં છે.

૯. ગંગાસાગર—અહીં દાદા શ્રી જિનકુશલસૂરિજીનાં પગલાં છે.

૧૦. ગોવિંદસર—અહીં દાદા શ્રી જિનકુશલસૂરિજીનાં પગલાં છે.

૧૧. કાલાનસર—અહીં દાદા શ્રી જિનકુશલસૂરિજીનાં પગલાં છે.

૧૨. અમરસાગર—અહીં બે દાદાવાડી છે.

૧૩. લૌદ્રવા—અહીં દાદાવાડીમાં શ્રી જિનદત્તસૂરિજી તથા શ્રી જિનકુશલસૂરિજીનાં પગલાં છે તથા શ્રી મોહનલાલજી મ. તથા શ્રી રત્નસૂરિજીની મૂર્તિઓ છે. આ સિવાય સિંહાસનમાં દાદાજીનાં પગલાં છે.

૧૪. બ્રહ્મસર—અહીંથી એક માઈલ ઉત્તર તરફ દાદા શ્રી જિનકુશલસૂરિજીની જગ્યા છે. આ સ્થાન લૂણિયા ગોત્રવાળાઓએ બંધાવેલ છે.

૧૫. દેવીકોટ—અહીંથી પશ્ચિમ દિશા તરફ સરકારી કોટની પાસે જ દાદાસ્થાન છે. આ દાદાજીના સ્તૂપ પર વિ.સં. ૧૮૭૪નો શિલાલેખ છે. અહીં વિ.સં. ૧૮૫૦માં બનાવેલ નાનું મંદિર પણ છે.

# સ્તવનો

( આ બધાં જૂનાં સ્તવનો તે વખતની ભાષામાં છે. )

## જૈસલમેર શ્રી શાંતિ જિન સ્તવન

(રાગ : ઘૂમર)

સુંદર રૂપ સુહાવણો, શ્રી શાંતિ જિણેસર સોહઈ રે ।
ત્રિભુવન કેરઉ રાજીયઉ, પ્રભુ સુર નરના મન મોહઈ રે ॥ ૧ ॥
સમવસરણ સુરવર રચ્યઉ, તિહાં બૈઠા શ્રી અરિહંતો રે ।
દે ભવિયણ નેં દેસણા, ભવભય ભંજણ ભગવન્તો રે ॥ ૨ ॥
ત્રિણ છત્ર સુરવર ધરઈ, ચિહું દિશિ સુર ચામર ઢાલઈ રે ।
મોહન મૂરતિ નિરખતાં, પ્રભુ દુરગતિનાં દુઃખ ટાલઈ રે ॥ ૩ ॥
આજ સફલ દિન મોહરઉ, આજ પામ્યઉ ત્રિભુવન રાજી રે ।
આજ મનોરથ સવિ ફળ્યા, જઉ ભેટયા શ્રી જિન રાજી રે ॥ ૪ ॥
બે કર જોડી વીનવું, પ્રભુ વીનતડી અવધારો રે ।
મુઝ ઉપરી કરુણા કરી, મારો આવાગમન નિવારો રે ॥ ૫ ॥
ચિન્તામણિ સુરતરુ સમઉ, જગજીવનં શાંતિ જિણંદો રે ।
સમય સુન્દર સેવક ભણઈ, મુઝ આપો પરમાણંદો રે ॥ ૬ ॥

— x —

## શ્રી લોદ્રપુર પાર્શ્વનાથ સ્તવનમ્

(રાગ : મારીયા જંગલનો વાની)

લોદ્રપુર પાસ પ્રભુ ભેટીયઈ જી, મેટીય મન તણી ભ્રાંતિ ।
પરતીખ સુરતરુ સારિખઉ જી, ખલકની પૂખઈ ખંતિ ॥ ૧ ॥
નિરૂપમ રૂપ નિહારતાં જી, કવિજન કરઈ રે વિચાર ।
નખ સિખ ઊપરિ વારિયઈ જી, સૂર અસુર સઉવાર ॥ ૨ ॥
દેવ દીઠા ઘણા દેવલેસ જી, સીસ ન નામણઉ જાઈ ।
મધુકર માલતી રઈ કરઈ જી, અલવિ અરણિ ન સુહાઈ ॥ ૩ ॥
એક પગ ત્રાણ ઊભા રહીસ જી, સેવિયઈ જઉ જગદીસ ।
લોચન તૃપ્તિ પામઈ નહીં જી, એ પ્રભુ અધિક જગીસ ॥ ૪ ॥

પેખીયઇ તોરણ પઈસતાં જી, કરઈ સ્વર્ગ સૂં વાદ ।
ચ્યાર ગતિ દુખ છેદવાસ જી, ચિહું દિસી ચ્યારી પ્રસાદ ॥ ૫ ॥
થાહરૂ સુકૃત નઉ બાહરૂ જી, સલહીયઇ માત તસુ તાત ।
સંઘવી સંઘનાયક પેખઇ જી, અગમઈ કવણ એ વાત ॥ ૬ ॥
કીજીયાઈ ચોલ તણી પરઈ જી, પ્રીતિ પરમેશ્વર સાણ ।
શ્રી જિંનરાજ ભવો ભવેસ જી, તૂ હિજ દેવ પ્રમાણ ॥ ૭ ॥
ભણશાલી થિરૂ બિંબ ભરાયા, જેસલમેરૂ ગિરે ।
સમય સુંદર મેવક કહઈ હમકૂં પ્રભુ સાનિધ કરે ॥ ૮ ॥

— x —

## શ્રી લોદ્રવપુર પાર્શ્વ સ્તવન

( **રાગ :** ખેલણ દો ગણગૌર ભંવર મ્હાને ખેલણ દો ગણગૌર )

આજ નઈ બધાઈ એ સહી અર આણંદ અંગ ન માઈ ।
સોહગ નિધિ સાહિબ ભેવિસમઉ નમણે નિરખ્યઉ આઈ ॥ ૧ ॥
પ્રભુ પરતખ ન મિલઈ પંચમ અરઈ બીસ કર વેષાસ ।
પિણ મોહન મૂરતિ જઉ પેખીયઇ આવઈ મનિ વેષાસ ॥ ૨ ॥
દૂર થકી તીર્થ મહિમા સુની ખરી હુતી મન ખંતિ ।
લાખ કહઉ લોચન દીઠાં પરવઈ ભેટવ હુવઈ નિરંતિ ॥ ૩ ॥
મનહરણી તોરણની કોરણી ચિહું દિસી જિણહરિ ચ્યારી ।
તિમ પગલા નવલા થિવરાં તણા ઉજલ ગિરી અવતારી ॥ ૪ ॥
કમલ કમલ બિહસઈ મન હુલસઈ રોમાંચિત હુવઈ દેહ ।
મનની હોવી તગ બાત ન કહિ સકુ નવલઉ નિવડ સનેહ ॥ ૫ ॥
મઈ ભૂલઈ મમતહ કીધી હુસ્યઇ દેવ અવરની સેવ ।
તે અપરાધ ખમાંદ્ધ આપણઉ ચરણ કમલ પણ મેવ ॥ ૬ ॥
આજ ઘડી સુઘડી લેખઇ પડી જીવત જનમ પ્રમાણ ।
ભગતિજુગતિ જિનરાજ જુહાર હો આજ ભલઈ સુવિહાણ ॥ ૭ ॥

— x —

## શ્રી લોદ્રવપુર સહસફણા પાર્શ્વનાથ સ્તવનમ્

(રાગ : ચિંતામણી મારી ચિંતા ચૂર)

લોદ્રપુરઈ આજ મહિમા ઘણી, યાત્રા કરઉ શ્રી જિનવર તણી ।
પ્રણમંતાં પૂરઈ મન આસ, સહસફણા ચિંતામણી પાસ ॥ ૧ ॥
જૂનો નગર હુતઉ લોદ્રવો, સુન્દર પોલ સરવર જઉહટઉ ।
સાગર રાય ના સરવર આવાસ, સહસફણા ચિંતામણી પાસ ॥ ૨ ॥
ઉગણીસમ પાટઈ જૈહનઈ, સીહમલ સાહ થયઉ તેહનઈ ।
જૈસલમેરૂ નગર જસ વાસ, સહસફણા ચિંતામણી પાસ ॥ ૩ ॥
સીહમલ નઈ સુત બાહરૂ સાહ ધરમ ધુરન્ધર અધિક ઉચ્છાહ ।
જીર્ણ ઉદ્ધાર કરાયો જાસ, સહફણા ચિંતામણી પાસ ॥ ૪ ॥
દંડ કલસ સોહામણા, રૂડા નઈ મલિ રલિયામણા ।
નિરખંતા થાયઈ પાપનો નાસ, સહસફણા ચિંતામણી પાસ ॥ ૫ ॥
નયણાં દીઠાં નિત આણંદ, સેવતાં સુરતરુ ના કંદ ।
લહિયઈ લક્ષ્મી લીલ વિલાસ, સહસફણા ચિંતામણી પાસ ॥ ૬ ॥
દ્રાવિડ વારિખિલ મુન્નોપતિ, સતુંજે સીધા દસક્રોડ જતી ।
કાતિ પૂનમ પૂજ્ય પ્રકાશ, સહસફણા ચિંતામણી પાસ ॥ ૭ ॥
સંવત શોલઈકયાચી સમઈ, યાત્રા કીધી કાતી પૂનમેં ।
તીરથ મહિમા પ્રગટિ જાસ, સહસફણા ચિંતામણી પાસ ॥ ૮ ॥
ભાવના સંકટ ભાંજે સામ, પ્રહ ઉઠી નઈ કરું પ્રણામ ।
સમય સુન્દર કહઇ, એ અરદાસ, સહસફણા ચિંતામણી પાસ ॥ ૯ ॥

— + —

## લોદ્રવા પાર્શ્વ સ્તવન

(રાગ : કરપી ભૂંડો સંસાર મેરે, જેમ કપીલા નાર)

લુલિ લુલિ બંદો હો તીરથ લોદ્રવો અધિકી આસતિ આણિ ।
સજન જિનવરની પામી જે જાતરા, પુણ્ય તણી પરમાણિ ॥ ૧ ॥
શંકાદિક દૂષણ છોડો સહુ, સમકિત ધારો રે સાર ।
વન્દો ભાવ ધરી અરિહંત ને, પામો જિમ ભવ પાર ॥ ૨ ॥

નયણે પાંચ અનુતર નિરખી. હુવૈ મન માંહિ જો હૂંસ ।
તો એહિજ તીરથ ભેટૌ તુમ્હે, રચના તિણ હિજ રૂંસ ॥ ૩ ॥

ધન જેસલગઢ જિહાં ધર્માત્મા સંઘનાયક થિરૂસાહ ।
જિણ પ્રસાદ કરાયા જિનતણા, આણી અધિક ઉમાહ ॥ ૪ ॥

સુન્દર સહસફણૌ થરિ સામલી. દીપૈ મુરતિ દોઈ ।
મેઘ ઘટા ને દેખી મોર જ્યૂં હરખિત મુઝ મન હોઈ ॥ ૫ ॥

પાસ સદા ચિંતામણિ ની પરેં, આપે વંછિત આસ ।
નામ ગુણૈ કર સાચૌ નીપનો, પ્રકટ ચિંતામણિ પાસ ॥ ૬ ॥

સતરેસૈ બીસૈ મિગસર સુદ, બારસ બહુ સંગ સાથ ।
વાચક વિજયહરખ હરખૈ કરી, પ્રણમ્યાં પારસનાર ॥ ૭ ॥

## શ્રી લોદ્રવા પાર્શ્વનાથ જિન સ્તવન

(રાગ : વિલસૈ ઋદ્ધિ સમૃદ્ધિ મિલિ એહની)

ધન ધન સહુ તીરથ માંહિ ધુરે, પરસિદ્ધ ઘણી શ્રી લોદ્રપુરે ।
ભલે ભાવે આવે યાત્રી ઘણા, સુખદાયક સેવો સહસફણા ॥ ૧ ॥

કેવલ જિમ દૂર થકી દીસૈ, હીયડૌ જિન દેખણ નોહીંસૈ ।
બખાણૈ સહુ વિસ્વા વિસે, યાત્રા કીધી એ જગદીસૈ ॥ ૨ ॥

ત્રેવીસમેં શ્રી જિનરાજ તણી, ફલદાયક પ્રતિમા સહસફણી ।
ઘનસ્યામ ઘટા જિમ શોભ ઘણી, વાહ વાહ અંગી છબિ અંગ બણી ॥ ૩ ॥

ચઉ જિણહર ચઉગઇ દુખ ચૂરે, પંચમ પંચમ ગતિ સુખ પૂરે ।
અષ્ટાપદ ત્રિગઢે શોભ ઇસી, કુંણ ઇણ સમ ઓપમ કુહુંઅ કિસી ॥ ૪ ॥

કેસર ચન્દન ઘનસાર કરી ધોતીયા અઙોતી અંગ ધરી ।
પૂજ્યાં મિથ્યામતિ જાય પરી, શુભ પામે સમકિત રતન સિરી ॥ ૫ ॥

પ્રણમ્યાં સહુ પીડા દુરિ પુલે, છલ છિદ્ર ઉપદ્રવ કોન છલૈ ।
દુઃખ દોહગ દાલિદ્ર દૂર દલૈ મનવાંછિત લીલા આઇ મિલૈ ॥ ૬ ॥

જૈસલગઢ ગચ્છપતિ જાણિ, તિહાં આયા શ્રી સંઘ મુલતાની ।
સંઘ તિણ સુશ્રી જિનચન્દ્ર સુરે પ્રણમ્યા પ્રભુ પાસ નવલ નૂરે ॥૭॥
સતરૈ ચમ્પાલૈ ચૈત્ર સુદે, મહિમા મોટી તિથિ તીજ સુદૈ ।
ખરતર ગુરૂ ગચ્છ સોભાગ ખરે, પાઠક ધર્મસી કહે એણ પરૈ ॥૮॥

## શ્રી બ્રહ્મસર પાર્શ્વનાથજી રી લાવણી લિખ્યેતે

પાર્શ્વ પ્રભુ પૂજો સુખદાઈ
અસુભ કર્મ હટ જાય પલકમેં પ્રભુજી વરદાઈ ॥પાર્શ્વ...
વાણારસીમેં જનમ લિયો; તબ દેવાંગના આઈ ।
જનમ મહોત્સવ કુંવરી કરકે અતિ આણંદ પાઈ ॥પાર્શ્વ...
ઈન્દ્રાદિક સહુ દેવ મિલીને મેરૂ ગિર જાઈ ।
ક્ષીર સમુદ્રસે કળસા ભરકે સ્નાત્ર વણવાઈ ॥ પાર્શ્વ...
અઠાઈ મહોત્સવ પ્રભુકો કરકે નિજ થાનક જાઈ ।
અશ્વસેન બામા કે દ્વારે, બટ રહી વધાઈ ॥ પાર્શ્વ...
પરમ જ્યોતિ મુખ ચન્દ્ર વિલોકિત દેખત દુખ જાઈ ।
કેવલ જ્ઞાન ઉપાય જિનેશ્વર મુક્તિ રમણી પાઈ ॥ પાર્શ્વ...
પુણ્યવંત પૂનમ કે સૂરજ પુજન બણવાઈ ।
શ્રાવક ઔર શ્રાવિકા મિલકે ભક્તિ દિખલાઈ ॥ પાર્શ્વ...
ભદ્ર સૂરિ શાખા ખરતર ગચ્છ ભંટ્ટારક આઈ ।
વૃદ્ધિચંદ પારસ પ્રભુ ભેટિયા બ્રહ્મસર કે માંઇ ॥ પાર્શ્વ...

## શ્રી લોદ્રવપુર પાર્શ્વનાથ સ્તવન

આજ આનંદ ઘડી લોદ્રવપુર મેં પાર્શ્વ ચિંતામણી ભેટી યે ।
આજ સફલ ઘડી જૈસલમેરમેં પાર્શ્વ જિનેસર ભેટીયે ॥
બહુત દિવસ સે થી આસા, તુમ ભેટનકી અતિ હી પ્યાસા ।
મેરી મિટ ગઈ આજ સભી ત્રાસા ॥ ૧ ॥ આજ આનન્દ...
અશ્વસેનજી કે કુલ ચંદા, તુમ બામા રાણી કે નંદા
પ્રભુ તુમ દર્શન સે કાટવ ફંદા ॥ ૨ ॥ આજ આનંદ...

પ્રભુ છત્ર સહસફણા સિર સોહે, તુમ મુખ દેખ્યાં ભવી.
અતિ મોહે, જૈસે માન સરોવર હંસ જોવે ।। ૩ ।। આજ આનંદ...

પ્રભુ માર્ગ વિકટ બડા ભારી કંકર ધુલીકા નહીં પારો
પ્રભુ તુમ ગુણકી જાઉં બલિહારી ।। ૪ ।। આજ આનંદ...

વીર ચૌવીસ અડતાલીસ છાયા, ફાગણ સુદી ચવદસ મનભાયા
સહુ સંઘ સરણ પ્રભુ કે આયા ।। ૫ ।। આજ આનંદ...

પ્રભુ સુખ સાગર હૈ સુખકારી, શ્રીછગન ગુરૂ હૈ ઉપકારી
પ્રભુ હરિ પ્રેમ આનંદકારી ।। ૬ ।। આજ આનંદ...

પ્રભુ જ્ઞાન ગુરુ કે સુપસાયે હસ્તીમલજી સંઘ કો લાયે
મન વાંછિત ફલ સબહી પાયે ।। ૭ ।। આજ આનંદ...

પ્રભુ ચરણ કમલ મેં ચિત મેરા. ટાલો ખલભકા ભવ ફેરા
મેં મોક્ષપુરી માંગુ ડેરા ।। ૮ ।। આજ આનંદ...

## શ્રી લોદ્રવપુર ચિંતામણી પાર્શ્વનાથ સ્તવન

(રાગ : ઉધો મોહનજી સે કેણા એ દેશી)

ચિંતામણી પાર્શ્વ મેરા, મૈં દાસ હું પ્રભુ તેરા ।
દરસણ કું જીયા મેરા તરસે, મેરા ભાગ્ય ઊદય જો ફરસે ।। ૧ ।।

પ્રભુ માડ દેસ મેં રાજે, જિન લોદ્રવપુરમેં બિરાજે ।
અશ્વસેનજી કે ચંદા, વામા દેવી કે નંદા ।। ૨ ।।

શ્યામ વર્ણ પ્રભુ તન સોહે, અજી નિરખત સબ જન મોહે ।
શ્રીસંઘ યાત્રી આવે, અષ્ટ દ્રવ્ય સે પૂજા રચાવે ।। ૩ ।।

ચિંતામણી પાર્શ્વ ધ્યાવો, સુખ સંપતિ આણંદ પાવો ।
વૃદ્ધિચંદ્ર પ્રભુ ગુણ ગાયા, મેં રતન ચિંતામણી પાયા ।। ૪ ।।

## શ્રી જૈસલમેર કિલા (દુર્ગ) પાર્શ્વનાથજી કા સ્તવન

(રાગ : દેશી નાર નોલ કે ખ્યાલ કી)

ટેર : જેશાંણે માંહિ કિલા પર સાંચો પારસનાથજી ॥ જૈશાંણે ॥

કિલા ઉપરે ભલા વિરાજ્યા, વામા સુત જિનરાય !
હીરા વરણ અંગ પ્રભુજી કો રવિ સે તેજ શિવાય ॥
દેખ તિલક પ્રભુ કે લિલાટ કો શશી ગયો સરમાયજી ॥ જૈશાંણે ॥

સિતર સહસ રૂપયોંકી અંગી સોહત હે નગકારી !
શિર પર સહસ્રફણા મન મોહે સુરત લાગે પ્યારી ॥
જિન જિન કો પ્રભુ પરચા દેવે પુજે દુનિયાં સારીજી ॥ જૈશાંણે ॥

દૂર દેશમૂ નરનારી નૃપ દર્શન કરણે આવે ।
કેસર ચંદન અતર લગાવે મૃગ મદ ધુપ ખેવાવે ॥
માણુક મોતી કનક રજતકા ભર થાલ ચઢાવેજી ॥ જૈશાંણે ॥

નિર્ધન કો અતિ દેતે લક્ષ્મી પલ મેં કરે નિહાલ !
બાંઝ નાર કું દે સુત ચંચલ રોગી કિયો વિહાર ॥
શિવચંદ કહે, કુમતિ ઔર વિપદા, દે વામા સુત ટાર ॥ જૈશાંણે ॥

### સ્તવન

(રાગ : દેશી વનજારા)

અબ આદિ જનેશ્વર પૂજો, ઈણ સમો દેવ નહીં દૂજો !
પંદરેસે ને સેતીસે ગણધર ચોપડા સુજગીસે ॥ ૧ ॥

સચ્ચો ઘર ચૈત્ય કરાયો, એ તો પુણ્યે અચલ રહાયો ।
દીજે પ્રદક્ષણા સારો, દેવાધિ દેવ જુહારો ॥ ૨ ॥

જિન બિંબ છ સો સાતો, હસ્તી પર મરૂદેવી માતો ।
સિદ્ધાચલ મંડણ સ્વામી જગજીવન અન્તર જામી ॥ ૩ ॥

હૂં તોરે ચરણે આયો, મનડા મેં હર્ષ સવાયો ।
તુમ ગુણકો પાર ન આવે, જો સહસ્ર જીવટ કરિ ગાવે ॥ ૪ ॥

શ્રી ચન્દા પ્રભુ ચિતવસિયા, મેરા હૃદય કમલ ઉલસિયા।
જિન તીન ભુવન જુહારિયાં, ભેટતા અરજ સારિયા ॥ ૫ ॥
પંદરેશે નેવલી પંનરે ભણુશાલી લાભ લિયો ધન રે।
સોલેશે ને પેંતાલો જિન બિંબ ચસુ સે ભાલો ॥ ૬ ॥
અષ્ટાપદ તીર્થ રાજે, તિહાં કુંથુ જિનેશ્વર છાજે।
પંદરે શે ને છતીશે એ, ચોપડા ગોત્રમેં દીસે ॥ ૭ ॥
ચારું ખુટે ગૌતમ સ્વામી, મેં ભેટયા અન્તર જામી।
સતચાર કે ઉપર જાણો, ચાલીસ ને ચાર બખાણો ॥ ૮ ॥
અચિરા સુત ઉપર સોહે, મૂલનાયક તન મન મોહે।
પ્રભુ શાંતિ જિણંદ સુખદાઇ નિરખતાં પાતિક જાઇ ॥ ૯ ॥
સંખવાલ ગોત્રમેં રાજે, ખેતો વીદો સંઘ છાજે।
થાપ્યા જિન બિંબ રસાલ આઠ સોને ચાર વિશાલ ॥ ૧૦ ॥
ગણિ સત્ય વિજય ગુરુ રાયા, મુનિ અગરચન્દ્ર મન ભાયા।
એ તો વૃદ્ધિચન્દ ગુણ ગાવે, કર જોડી શીશ નમાવે ॥ ૧૧ ॥

*

## સ્વતન

(રાગ : મારવાડી પનિહારી)

ટેર : સમ્ભવ જિનવર સેવીયે......।
સમ્ભવ જિનવર સેવીયે, જિન બિંબ છસો ચાર હેલો।
ચવદેસે સતિયાસીયે એ તો કરી પ્રતિષ્ઠા સાર હેલો ॥૧॥
શ્રી જિનભદ્ર સૂરિશ્વર જિન થાપ્યો જ્ઞાન ભંડાર હેલો।
પાંચે સાને પરચો દિયો જિણ લીધો લક્ષ્મીનો લાવો હેલો ॥૨॥
શીતલ જિન બંદાં સદા મૂળનાયક શાંતિ વિરાજે હેલો
સંકટ હરણ સંકટ હરે નવ ખંડા પાર્શ્વ છાજે હેલો ॥૩॥
પંદરેને આઠે સમે બિંબ થાપ્યા ચાર સૌ તીસ હેલો।
ડાગા ગોત્ર મેં દીપતા સા લુંગ સુણ ને ધન હેલો ॥૪॥

વીસ વિહરમાન વંદિયે તીન પાટ નન્દીશ્વર રાજે હેલો ।
સિદ્ધ ગિરી પાટ સુહામણો તેને વંદુ બેકર જોડી હેલો ॥૫॥
પાર્શ્વ પ્રભુ પ્રણમું સદા એતો બાવન જિનાલો ચૈત્ય હેલો
બારે સે બારો તરે પ્રભુ થાપ્યા ભયો ઉદ્યોત હેલો ॥૬॥
સંઘવી સેઠિયે ચોલેસા જસલીનો જગત મેં જોય હેલો ।
બારસો બાવન ભલા બિંબ તોરણ સુવા જોય હેલો । ॥૭॥
ગુરુ ગૌતમને નિત નમું મારે સદગુરુ સદા સહાય હેલો ।
આસણ રી સાનિધી કરે સદા ભૈરવ ચક્રેશ્વરી માય હેલો ॥૮॥

*

## સ્તવન

(રાગ : જંગલી લાલ કેરવો)

ટેર : બાબા પાર્શ્વ કે તન સોહે, રતન જડવાઈ અંગીયા ॥
અંગીયા હીરા કી કરવાઈ મુખમલ કપડા પે જડવાઈ ।
બુંટી ભાંત ભાંત નિકસાઈ રૂપિયા સવા લક્ષ લગવાઇ ।
રતન જડવાઈ અંગીયા ॥૧॥
મસ્તક બિચ મુગટ મન મોહે, કુણ્ડલ કાનો મેં હદ સોવે ।
હીડકી હીર બાજુ બંદ બાંહે, પ્રભુ ગુણ પાર ન પાવે કોય ।
રતન જડવાઈ અંગીયા ॥૨॥
મુખડો અધિકું પુનમ ચન્દ આવે, જાકુ તણા ગહ્ન જન્દ ।
પૂજત પાવે મન આણંદ, કાટો સેવકના કર્મ ફન્દ ॥
રતન જડવાઈ અંગીયા ॥૩॥

## પ્રભુ સ્તવનમ (બધાઇ)

(ટેર : પ્રભુ થાંરા ગુણ અનન્ત અપાર । )

સાહસ્ર રચના કરત સુરનર તોહિ ન પાયો પાર ॥૧॥
કોન અમ્બર ગિને તારા મેરુ ગિરનો ભાર ॥૨॥
ચરમ સાગર લહેર માલા કરત કોન વિચાર ॥૩॥
ભક્તિ ગુણ લાવો યે લેતાં સુવિધિ જિન સુખ કાર ॥૪॥
સમય સુન્દર ભણુત પ્રભુસે સ્વામી તુમરો આધાર ॥૫॥

## ચિંતામણી પાર્શ્વનાથજીનાં સ્તવનો

### (૧) (તર્જ : કોઈ રોકે ઉસે)

ચિંતામણી પાર્શ્વ કે દર્શન કર આનન્દ હૃદયમેં છાયા હૈ ।
ભવ ભવ કે સંચિત પાપ તાપ સન્તાપ સભી કો નશાયા હૈ । ટેર ।
પ્રભુ દર્શન રવિ જબ ઉદય હુઆ, મહા મોહ તિમિર કા વિલય હુઆ
પ્રકાશિત માનસ નિલય હુઆ, નિજરૂપકા દર્શન પાયા હૈ ॥ચિં.॥
મિથ્યાત્વ મોહ ઇસ આતમકા, મિટ સ્વર્ગ ભાવ પ્રકટાયા હૈ ॥ચિં.॥
પ્રભુ દર્શન રૂપ સુધારસ કી, જ્યોત્સ્ના સે આત્મા કમલા કર કી
મતિ કુમુદિની વિકસિત આજ હુઈ, સજ્જ્ઞાન
"સજ્જન" મન ભાયા હૈ ॥ચિં.॥

### (૨) (રાગ : ભૈરવી)

જય જય હે! ચિંતામણિ સ્વામી, ત્રિભુવન નાયક અન્તર્યામી,
અશ્વસેન નૃપ કુલ ઉજિયારે, વામા રાણીકે આપ દુલારે ॥સ્થાયી॥
નીલવરણ તનુ સુન્દર સોહે, દર્શન જનમન નયનોં કો મોહે,
ચિંતાચૂરક બિરુદ વિરાજે, વાન્છિત પૂરક તું પ્રભુ રાજે! જય ॥૧॥
ત્રિભુવન જન પ્રભુ દાસ તિહારે, તુમ શરણાગત તારણ હારે,
મેરી ચિંતા દૂર નિવારો, ભવસાગરસે પાર ઉતારો । જય ॥૨॥
તુમ હો જ્ઞાન વિજ્ઞાન પ્રદાતા, તુમ હો હો સબ જીવોં કે ત્રાતા,
ચરણકમલમેં વન્દના મેરી, "સજ્જન"કી મેટો ભવ ફેરી । જય ॥૩॥

## લોદ્રવા પાર્શ્વનાથજીકા સ્તવન

### (૧) (તર્જ : બહે અંખિયોંસે ધાર)

હે લોદ્રવા શૃંગાર, મૈં તો આયી તેરે દ્વાર મૂઝકો તેરા હી
આધાર, નૈયા કો પાર ઉતાર દો ઝટ તાર દો । ટેર ।

તુમ વામારાણી કે નંદ હો, અશ્વસેન નૃપતિ કુલચન્દ્ર હો,
તેરી મહિમા અપરમ્પાર, પારસ પારસમણિ મનુહાર ॥
મુઝકો તેરા હી આધાર ॥ નૈયા ॥ ૧ ॥
શિર સહસ્રફણ પ્રભુકે સોહે, સાંવરી મૂરત મન મોહે,
દેખો મનમોહન દિદાર, મેરા આજ સફલ અવતાર,
મુઝકો તેરા હી આધાર ॥ નૈયા ॥ ૨ ॥
જલતે નાગ કો તુમને બચાયા, ધરણેન્દ્ર ઉસે થા બનાયા,
તુમ થે કરુણા કે ભંડાર, તુમકો જાને સબ સંસાર;
મુઝકો તેરા હી આધાર ॥ નૈયા ॥ ૩ ॥
મુઝે કર્મશત્રુ હૈં સતાતે, ભવસિન્ધૂ મેં મુઝકો ભ્રમાતે,
મેરી નૈયા હૈ મઝધાર, અબ તો નાથ ગઈ મેં હાર,
મુઝકો તેરા હી આધાર ॥ નૈયા ॥ ૪ ॥
સુખદાતા તુમ્હી ભગવાન હો, હરિ પૂજ્ય આનન્દ નિધાન હો,
"સજ્જન" મન કા તિમિર નિવાર, કરદો જ્ઞાન કા પ્રસાર,
મુઝકો તેરા હી આધાર ॥ નૈયા ॥ ૫ ॥

*

## (૨) (તર્જ : હે નાગ કહીં જા બસિયો રે)

પ્રભુ પાર્શ્વ હૃદયમેં બસિયો રે, મૈં દર્શન રસિયો રે ॥ ટેર ॥
લાખ ચોરાસી ભટકત આયો, તુમ દર્શન નહીં પાયો,
પાને કો સંયોગ મિલ્યો જબ, વિષિયન મેં લપટાયો
મેં આજ મોહમેં ફંસિયો રે. ॥ મૈં દર્શન૦ ॥૧॥
બચપન ખેલકૂદમેં ખોયા, વિષયન સંગ જવાની,
જરા આય કે જર્જરકીનો; કયા કહૂં મેરી કહાની,
મોહે કર્મનાગને ડસિયો રે ॥ મૈં દર્શન. ॥૨॥
દૂર હોય અજ્ઞાન હૃદયકા, જ્ઞાન જયોતિ જગ જાયે,
આપ પધારો મન મંદિરમેં, "સજ્જન" બસ યે ચહાયે,
તુમ સ્વાન્ત સદન મેં બસિયો રે ॥ મૈં દર્શન ॥૩॥

## આહ્‌વાહન


(૩) (તર્જ : મોહન હમારે મધુવનમેં)

ભગવાન હમારે મનમંદિરમે, આયા તો કરો,
સોયે હુવે ઈસ ચેતનકો, જગાયા તો કરો !
ભગવન આયા તો કરો, ॥ સ્થાયી ॥
ભૂલે અનાદિ કાલસે વિષયોં કે સંગમેં,
ખોયે કઈ ભવ નાથ હમને રાગ રંગમેં,
જાના નહીં નિજરૂપ કો જતાયા તો કરો, સોયે૦ ॥૧॥
પુણ્યાનુબંધી પુણ્ય સે હૈ ધર્મ ભી મિલા,
વૈરાગ્ય બિન તોડા ન જાયે મોહકા કિલા,
કૈસે હટે જડ રાગ યહ જતાયા તો કરો, સોયે૦ ॥૨॥
અનન્ત શક્તિ પુંજ હૈ પર આજ તો નિર્બલ.
હો રહે હૈં દેવા કેસે બન પાયે પ્રબલ.
નહીં સાધના વિધિ જ્ઞાત હૈ, સિખાયા તો કરો. સોયે૦ ॥૩॥
આપ શરણુમેં નાથ દે દો જ્ઞાન વહ હમેં
હો જાયે જ્યોં આતમા કા ભાન બસ હમેં
"સજ્જન" તુમ્હારે હૈં હમેં અપનાયા તો કરો, સોયે૦ ॥૪॥


## પાર્શ્વનાથજીનું સ્તવન

(૪)

નયણુા નિરખન તરસતા રે, સહસ્ત્રફણા જિનરાજ
પાર્શ્વ પ્રભુ ચિંતામણિ રે, શામળિયા મહારાજ ॥ હો જિ. ।૧।
સચ્ચા સેવક તેરા જાનીયે રે, મુજરા મેરા મન માનીયે રે ।
દીજીયે દર્શન નાથ ॥ ટેક ॥
ધણ કણ કંચન નારી ઘોડા, હાથી ન ચાહું એક ।
રાજ્ય ઋદ્ધિ નહીં ચાહું ચાહું રે તુજ આણા કી ટેક ॥ હો જિ ।૨।




જવાહર નિવાસ




પટવા સેઠોંની હવેલિનું
એક સુન્દર ઝરોખા



એક નૃત્ય મુદ્રામાં મૂર્તિ
શ્રી ઋષભદેવ ભગવાનનું
મંદિર, દુર્ગ જૈસલમેર



તોરણ દ્વારા જૈન મંદિર જેસલમેર દુર્ગ



જૈન મંદિરનું શિખર અને દેહલિયા

મુજ મનમંદિર તુજ બિના રે, ફૂલ બિના જ્યૂં સુવાસ।
ખાલી મન્દિરમેં કરને કો દૌડે, મિથ્યાત ભુતડો વાસ ॥ હો જિ ।૩।

ઉસ દિન કો કયોં ભૂલે પ્રભુ રે, તુમ હમ ખેલતે સાથ ।
સાથી તેરા ભવ ભટક રહા હૈ, તુ બના શિવવધુનાથ ॥ હો જિ ।૪।

ઈતને દિન હમ મોહ નીંદ મેં, ભૂલ ગયે સબ બાત ।
ગુરુમુખ સુન તુમ આગમવાણી, પ્રગટા પુણ્ય પ્રભાત ॥ હો જિ ।૫।

સકલ સંસાર સે ન્યારા પ્યારા, લૌકવા ભગવાન ।
દર્શન પાકર આજ બના મૈં, ભક્તિમેં એકતાન ॥ હો જિ ।૬।

ગાઓ નાચો બનો ખુશ મના રે, પ્રભુ દિયો સમકિત દાન।
નેમિ લાવણ્યસુરિ રાજકારે, દાસ મનોહર માન ॥ હો જિ ।૭।

## શ્રી તીર્થમાળા સ્તવન

શત્રુંજય ઋષભ સમોસર્યા, ભલા ગુણ ભર્યા રે ॥
સિધ્ધા સાધુ અનંત તીરથ તે નમું રે ॥
તીન કલ્યાણક તિહાં થયાં, મુગતે ગયા રે ॥ નેમીસર, ગિરનાર તી૦।૧।

અષ્ટાપદ એક દેહરો, ગિરિ સેહરો રે ॥
ભરતે ભરાવ્યાં બિંબ ॥ તીરથ તે નમું રે ॥
આબુ ચૌમુખ અતિભલો, ત્રિભુવન તિલો રે ॥
વિમલ વસઈ વસ્તુપાલ ॥ તીરથ તે નમું રે ॥૨॥

સમેત શિખર સોહામણો, રળિયામણો રે ॥
સિધ્ધા તીર્થંકર વીસ ॥ તીરથ૦
નયરી ચંપા નિરખીયે, હૈયે હરખીયે રે ॥
સિધ્ધા શ્રી વાસુપૂજ્ય ॥ તીરથ તે નમું રે ॥૩॥

પૂર્વદિશે પાવાપુરી, ઋધ્ધે ભરી રે ॥
મુક્તિ ગયા મહાવીર ॥ તીરથ તે નમું રે ॥
જૈસલમેર જુહારિયે; દુઃખવારીયેં રે ॥
અરિહંત બિંબ અનેક ॥ તીરથ તે નમું રે ॥૪॥

બિકાનેર જ વંદિયે, ચિર નંદીયેં રે ॥
અરિહંત દેહરાં આઠ ॥ તીરથ તે નમું રે ॥
સેરિસરો સંખેસરો, પંચાસરો રે ॥
ફલોધી થંભણ પાસ ॥ તીરથ તે નમું રે ॥૫॥

અંતરિક અજાવરો, અમીઝરો રે ॥
જીરાવલો જગનાથ ॥ તીરથ તે નમું રે ॥
ત્રૈલોક્ય દીપક દેહરો, જાત્રા કરો રે ॥
રાણકપુરે રિસહેસ ॥ તીરથ તે નમું રે ॥૬॥

શ્રી નાડુલાઈ જાદવો, ગોડી સ્તવો રે ॥
શ્રી વરકાણો પાસ ॥ તીરથ તે નમું રે ॥
નંદીશ્વરનાં દેહરાં બાવન ભલા રે ॥
રુચક કુંડલે ચાર ચાર ॥ તીરથ તે નમું રે ॥૭॥

શાશ્વતી અશાશ્વતી પ્રતિમા છતી રે ।
સ્વર્ગ મૃત્યુ પાતાલ ॥ તીરથ તે નમું રે ॥
તીરથ જાત્રા ફલ તિહાં, હોજો મુઝ ઈહાં રે ॥
સમય સુન્દર કહે એમ ॥ તીરથ તે નમું રે ॥૮॥

# શ્રી જૈસલમેર લૌદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર ટ્રસ્ટ, જૈસલમેર (રાજસ્થાન)

જૈસલમેર તીર્થની સુવ્યવસ્થા માટે સિરોહીવાળા શ્રી અજયરાજજી મોદીએ તેઓ અહીં તહસીલદાર (મામલતદાર) તરીકે આવ્યા ત્યારે સારો પ્રયત્ન કર્યો. તેથી ૫ એપ્રિલ, ૧૯૬૧ના રોજ સ્થાનિક તથા પ્રવાસી શ્વેતાંબર જૈન ભાઈઓનું એક ટ્રસ્ટ રચાયું. તેમાં ૨૧ ટ્રસ્ટીઓ છે. આ ટ્રસ્ટે પોતાનું વિધાન બનાવી કાર્ય શરૂ કર્યું. આ ટ્રસ્ટનો મુખ્ય ઉદ્દેશ એકીકરણ કરવાનો હોઈ જૈસલમેર તીર્થની સુંદર વ્યવસ્થા સાથે ખરતરગચ્છ, લોકાગચ્છ, આચાર્યગચ્છ, મહેતા તથા બેગડા વગેરેના ઉપાશ્રયો તેમજ અમરસાગરનાં મંદિરો વગેરે જેની વ્યવસ્થા પહેલાં જુદા જુદા ભાઈઓ કરતા હતા, જવાબદારી સંભાળી લીધી. એ જ પ્રમાણે પોકરણનાં મંદિરોની વ્યવસ્થા ફલોદીવાળાઓ પાસે હતી, તે પોતાને હસ્તગત કરી. પરિણામે 'જૈસલમેરની પંચતીર્થી'ની સંપૂર્ણ વ્યવસ્થા ટ્રસ્ટે પોતાના હાથમાં લઈ લીધી.

જૈસલમેર પંચતીર્થમાં (૧) પોકરણ (૨) જૈસલમેર, (૩) અમરસાગર (૪) લૌદ્રવપુર અને (૫) બ્રહ્મસર છે.

એ જ પ્રમાણે જૈસલમેરના કેટલાક સુપ્રસિદ્ધ જ્ઞાનભંડારોનું એકીકરણ કર્યું અને બાકી રહેલ ભંડારોનું એકીકરણ કરવા માટે પ્રયત્ન ચાલુ છે.

ટ્રસ્ટે પોતાના હાથમાં જવાબદારી લીધી, ત્યાર પછી કેટલાંક કાર્યો સંપાદિત કરેલ છે, જેમાં નીચેનાં ખાસ છે :

(૧) કિલ્લાનાં મંદિરો તથા જ્ઞાનભંડારમાં ઘનઘોર અંધકાર હોવાથી યાત્રાળુઓને પ્રભુ–પ્રતિમાઓનાં દર્શન-પૂજન કરવામાં મુસીબત પડતી હતી તેથી બધી જગ્યાએ વીજળી લગાડવામાં આવેલ છે.

(૨) યાત્રાળુઓની સગવડતા માટે ભોજનશાળાની શરૂઆત કરી.

(૩) મોટા સંઘ આવે, ત્યારે ઊતરવા–રહેવાની ખૂબ જ મુશ્કેલી પડતી હતી, તેથી એક મોટું મકાન ખરીદ્યું. તેમાં એકી સાથે બે હજાર યાત્રાળુઓ રહી શકે છે. આને "જૈન ભવન" કહે છે. આમાં ઓરડાઓ, પાણીનાં ટાંકાં, સ્નાનગૃહ, જાજરૂ વગેરે બનાવ્યાં અને સુધારોવધારો કરી મરામત કરાવી.

(૪) અત્યારના 'મહાવીર ભવન'માં ઓરડાઓ, વરંડા, છજાઓ વગેરે બનાવીને પૂર્ણ કર્યું. આ ભવનમાં દેરાસર પણ બાંધવામાં આવેલ છે. તેની પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૨૭ના ફાગણ સુદ ૪ ના દિવસે થઈ હતી. મહાવીર ભવનમાં યાત્રાળુઓને આધુનિક બધી સગવડતાઓ મળે છે.

(૫) લોદ્રવપુરમાં રહેવાની જગ્યા ઓછી હોવાથી, ત્યાં ૭ નવા ઓરડાઓ બનાવ્યા.

(૬) પોકરણના 'શાંતિ ભવન'માં ઓરડાઓ વગેરે બાંધવામાં આવ્યા.

આ પ્રમાણે કેટલાંય નાનામોટાં કાર્યો કરી તીર્થોની વ્યવસ્થા વધુ ને વધુ સુંદર બનાવવામાં આવી રહી છે.

# જૈસલમેરના પટવાઓની સેવાનું વર્ણન

શ્રી માનમલજી ચોરડિયા, મેનેજર, જૈન ટ્રસ્ટ, જૈસલમેર તરફથી જૈસલમેરના પટવાઓની સેવાનું વિશેષ અને આશ્ચર્યજનક વર્ણન जैन साहित्य संशोधक નામક પુસ્તકમાંથી લઈને મોકલેલ છે તે પાઠકોના લાભાર્થે અત્રે છાપ્યું છે.

ઉપર અમે તીર્થયાત્રા માટે નીકળનાર સંઘોનું વર્ણન આપેલ છે. આ જ રીતનો એક બહુ મોટા ભારે સંઘ પાછલી સદીના અંતે રાજસ્થાનના જૈસલમેર નગરના રહીશ પટવા નામક વિખ્યાત ઓસવાલ કુટુમ્બે કાઢેલ હતો. તે સંઘનું વર્ણન તે જ કુટુમ્બે બનાવરાવેલ જૈસલમેરની પાસેના અમરસાગરના જૈન મંદિરની અંદર એક શિલા પર તે સમયનું જ કોતરેલ છે. આ શિલાલેખ મારવાડી ભાષા અને દેવનાગરી લિપિમાં લખેલ છે. નીચે આલેખની ખરેખર નકલ (અહીં તેનું ગુજરાતી) આપેલ છે. આલેખની એક નકલ પ્રવર્તકશ્રી કાંતિવિજયજી મ.ના શાસ્ત્રસંગ્રહમાંથી મળેલ છે જે તેમણે કોઈ રાજસ્થાની લહિયા પાસે લખાવેલ છે. તેની બીજી નકલ વડોદરાના રાજકીય પુસ્તકાલયના સંસ્કૃત વિભાગના સદ્‌ગત અધ્યક્ષશ્રી ચિમનભાઈ ડાહ્યાભાઈ દલાલ, એમ.એ. પાસેથી મળેલ છે, જે તેમણે મારા માટે જૈસલમેરના કોઈ યતિ પાસે લખાવરાવીને મંગાવી હતી. (હિંદી પુસ્તકમાં એમને એમ અસલરૂપે છાપેલ છે.)

### ઓમ નમઃ

ઋજભાદિક ચઉવીસ જિન, પુણ્ડરીક ગણધાર ।  
મન, વચ, કાયા એક કર, પ્રણમું બારમ્બાર ॥ ૧ ॥  
વિઘ્નહરણ સંપતિકરણ, શ્રી જિનદત્તસૂરિંદ ।  
કુશળકરણ કુશલેશ ગુરુ વન્દુ ખરતર ઈન્દ ॥ ૨ ॥  
જાકે નામ પ્રભાવતે, પ્રગટે જય જયકાર ।  
સાંનિધકારી પરમ ગુરુ સદા રહો નિરધાર ॥ ૩ ॥

સંવત ૧૮૯૧ ર મિતિ અષાઢ સુદી ૫ દિને શ્રી જૈસલમેર નગરે મહારાજાધિરાજ મહારાવલજીશ્રી ૧૦૮ શ્રી ગજસિંઘવી રાણાવત શ્રી રુપજી બાપજી વિજયરાજ્યે બૃહખરતર ભટ્ટારકગચ્છે જંગમ યુગપ્રધાન ભટ્ટારક શ્રી જિનહર્ષસૂરિભિઃ પટ્ટપ્રભાકર જૈ. યુ. ભ. શ્રી ૧૦૮ શ્રી જિનમહેન્દ્રસુરિ ઉપદેશાત્ શ્રી બાવણા ગોત્રે દેવરાજજી તત્પુત્ર ગુમાનચંદજી ભાર્યાજેતાં. તત્પુત્રય (૧) બહાદુરમલજી ભાર્યા ચતુરાં (૨) સવાઈરામજી ભાર્યા જીવાં. (૩) મગનીરામજી ભાર્યા પરતાળાં (૪) જોરાવરમલજી ભાર્યા ચોથાં (૫) પ્રતાપચંદજી ભાર્યા માતાં એવં બહાદુરમલજી તત્પુત્ર (૧) દાનમલજી (૨) સવાઈરામજી તત્પુત્ર સામસિંઘ, માણુકચંદ સામસિંહ પુત્ર રતનલાલ (૩) મગનીરામજી તત્પુત્ર ભભૂતસિંઘજી, પૂનમચંદ, દીપચંદ (૪) જોરાવરમલજી તત્પુત્ર સુરતાનમલ ચૈનમલ. સુરતાનમલ પુત્ર ૨. ગંભીરચંદ્ર છન્દચન્દ. (૫) પ્રતાપચંદ્રજી પુત્ર ૩ હિમ્મતરામ, જેઠમલ, નથમલ હિમ્મતરામ પુત્ર જીવણ. જેઠમલ પુત્રી મૂલી. ગુમાનચંદજી પુત્રયાં ૨ ઝબૂબીજૂ. સવાઈ રામજી પુત્રયાં ૩ સિરધરી, સિણગારી, નૌનૂડી. મગનીરામજી તત્પુત્ર્યાં ૨ હરકુંવર, હસ્તૂ. સપરિવાર સહિતેન સિદ્ધમલજી રે। સંઘ કાઢયો.

## તેનું વર્ણન

જૈસલમેર ઉદેપુર કોટે સું કુંકુમ પત્ર્યાં સર્વ દેસાવરાં મેંદીની. ચાર ચાર જમણુ કીયો ના લેર દીયા પછે સંઘ પાલી ભેલો હુઓ. ઊઠે જીમણુ ૪ કીયો. સંઘતિલક કરાયો. મિતિ મહા સુદી ૧૩ દિનેતી. શ્રી જિનમહેન્દ્રસૂરિજીશ્રી ચતુર્વિંધ સંઘ સમક્ષે દીયો. પછી સંઘે પ્રયાણુ કર્યું. માર્ગમાં દેશના સાંભળતા પૂજા પ્રતિક્રમણાદિ કરતાં સાતે ક્ષેત્રોમાં દ્રવ્ય લગાવતાં જાતાર સામેલા હોતાં રથયાત્રા પ્રમુખ મહોચ્છવ કરતાં શ્રી પંચતીર્થજી બામણુ વાડજી આબૂજી જીરાવલેજી તારંગેજી સંખેશ્વરજી પંચાસરજી ગિરનારજી તથા મારગમાંહે શહર

ગામડાંના સર્વ દેહરાસર ૬૧ નિકર્યા. ઇણુ ભાત સર્વ ઠિકાને મન્દિર દીઠ ચઢાયો કિયો. મુકુટ કુણ્ડલહાર કંઠી ભુજબંધ કડા શ્રીફળ નગદી ચંદરવા પુંઠિયા ઇત્યાદિક મોટાતીર્થ માથે ચઢાયો ઘણો હુવો. ગણ્યો સર્વ જડાઉહો, સર્વ ઠિકાણે લાંહણુ જામણુ કિયો. સહસાવનારા પગથિયા કરાયા. ત્યાંથી ૭ કોસ ડેરે ગ્રામસું શ્રી સિદ્ધગિરિજી મોતીથી વધાવ્યા. પાલિતાણેં બડાહગામસું ગાજાવાની તંત લેટીરો મંદિર જુહાર ડેરા પર ગયા. બીજે દિવસે મિતિ વૈશાખ સુદી ૧૪ દિને શાંતિક પુષ્ટિક હૂતાં શ્રી સિદ્ધગિરિજી પર્વત પર ચઢ્યા. શ્રી મૂલ- નાયક ચૌમુખોજી ખરતરવસીરા અને બીજા સર્વ વસીરા જુહારી સવા માસ રહ્યા. ઊઠે ચઢાયો ઘણો હુવો. અઢી લાખ યાત્રી ભેગા થયા. પૂરબ, મારવાડ, મેવાડ, ગુજરાત, ઢૂંઢાડ, હાડૌતી, કચ્છભુજ, માલવા, દક્ષણ, સિન્ધ, પંજાબ પ્રમુખ દેશાંરા. ઉઠે લાણુ રૂ. સેર મિશ્રી ઘર દીઠ આપી. જમણવાર ૫ સંઘવ્યાં મોટા કર્યા. જમણુ બાઇ વીજુએ કર્યો. અન્ય જમણુ પણુ ઘણાં થયાં. શ્રી ચૌમુખાજીરે બારણે આલામેં ગોમુખ યક્ષ ચક્રેસરી પ્રતિષ્ઠા કરાવીને પધરાવી. ચૌમુખાજીનો શિખર સુધરાયો. એક નવો મન્દિર કરાવણુ વાસ્તે પાયો પૂરાવ્યો. જૂના મન્દિરાંરી જીર્ણોદ્ધાર કરવા જન્મ સફલ કર્યો. ગુરુભક્તિ પણુ આ રીતે કરી. અગિયાર શ્રી પૂજ્યજી હતા. ૨૧૦૦ સાધુસાધ્વી પ્રમુખ ચૌરાસી ગચ્છના. ત્યાં પ્રથમ સ્વગચ્છના શ્રી પૂજ્યજીની ભક્તિ કરી. હજાર પરીનગદ માલ આપ્યો. અન્ય ખર્ચ પણુ આપ્યો. પછી શ્રી પૂજ્યો અને સાધુસાધ્વીઓની ભક્તિ કરી. આહાર, પાણી, ગાડિયોનું ભાડું તંબૂ દીઠ રૂ. ૪૧ આપ્યા નકદ, દુશાળાવાળાને દુશાલા આપ્યા. સેવગ ૫૦૦ હતા. તેમને વ્યક્તિ દીઠ રૂ. ૨૧ આપ્યા અને રોટી ખર્ચ જુદો આપ્યો. પહેરવા માટે મોજાં અને ઔષધ ખર્ચ માટે રૂપિયા જોઈએ તેને આપેલ. પછે. ભ. શ્રી જિનમહેન્દ્રસૂરિજી પાસે સિંઘવ્યા ૩૧ સંઘમાળા પહરી જિણુમેં માલા ગુમાસ્તે સાલિગરામ મહેશ્વરીને પહરાઇ. પછી આડમ્બરથી તલેટી મંદિર દર્શન કરી

ડેરા (મુકામ) પર ગયા. યાચકોને દાન આપ્યા પછી જમણુ કર્યું. સાધર્મિકોને સરપાવ આપ્યા. રાજા ડેરા પર આવ્યા. તેમને સરપાવમેં હાથી આપ્યો. રસ્તામાં અન્ય નવાબ વગેરે ડેરા ઉપર આવ્યા તેઓને રાજ્ય મુજબ સરપાવ આપ્યો. શ્રી મૂલનાયકના ભંડારને ૩ તાળાં ગુજરાતીઓનાં હતાં, ત્યાં ચોથું તાળું સંઘવીએ લગાવ્યું. સદાવ્રત ચાલુ છે. એવાં મોટાં કામો કરાવ્યા પછી સંઘ કુશળક્ષેત્રથી રાધનપુર આવ્યો. ત્યાં અંગ્રેજ અધિકારી શ્રી ગોડીજીનાં દર્શન કરવા આવ્યો. ત્યાં પાણી ન હતું. ત્યાં નદી નીકળી. શ્રી. ગોડીજીને હાથીના હોદ્દે બેસાડી સંઘને દર્શન ૭ દિવસ સુધી કરાવ્યા. ચઢાવાના ૩ાા લાખ રૂપિયા આવ્યા. સવા માસ રહ્યા, જમણુ ઘણાં થયાં. શ્રી ગોડીજીને સ્થાપવા માટે મોટો ચૌતરો પાકો કરાવેલ તેના ઉપર છતરી બનાવરાવી. બહુ દ્રવ્ય ખર્ચ કરવાથી મોટો યશ પ્રાપ્ત થયો અને અક્ષત નામ થયું. ગુમાસ્તા મહેશ્વરી સાલિગરામ સાથે હતો તેને સર્વ જૈન શિવના તીર્થનાં દર્શન કરાવ્યાં. તે પછી સંઘ ક્રમે કરીને પાલી આવ્યો. જમણુ એક કરીને દાનમલજી કોટે ગયા પછી ૪ ભાઈ જૈસલમેર આવ્યા. ત્યાં દરવાજાની બાહર ડેરો નાંખ્યો. તે પછી સામૈયું ખૂબ ઠાઠથી થયું. શ્રી રાવળજી સામે આવ્યા. હાથીના હોદ્દા પર સંઘવી શ્રી રાવળજી પોતાની પાછળ બેસાડી આખા શહરમાં થઈ દેહરે દર્શન કરી ઉપાશ્રયે આલી હવેલીમાં દાખલ થયા. પછી સર્વ મહેશ્વરી વગેરે છત્રીસે જાતિને સ્ત્રીઓ સહિત પાંચ પકવાન જમાડયા. બ્રાહ્મણોને દરેક વ્યક્તિ દીઠ ૧) રૂ. દક્ષિણાનો આપ્યો. પછી શ્રી રાવળજી પોતાના જનાના સાથે સંઘવીને ત્યાં પધાર્યા. રૂપિયાથી ચોતરો બનાવ્યો. સરપેચ, મોતીની કંઠી, જડાઉકઠા, દુશાળા, નકદ, હાથીઘોડા-પાલખી નજર કર્યા. વળતાં શ્રી રાવળજી પણ તે મુજબ જ સિરપાવ આપ્યો. એક લોદ્રવાજી ગામ તાંબાળમાં પટ્ટે આપ્યા એટલો ઇજારો કર્યો. પછી પણ તેમની હવેલી પણ ઉદેપુર રાણાજી, કોટારા મહારાવજી, બિકાનેરના કિશનગઢના બુન્દીના રાજા ઈન્દોરના હોલકરજી

વગેરે સર્વ દેશોના રાજવી જનાના (સ્ત્રીઓ) સાથે તેમને ઘેર પધાર્યાં દેનલેન કરી. દિલ્હીના બાદશાહની અંગ્રેજોની આપેલ સેઠ પદવી છે તે વિદ્યમાન છે. પછી સંઘની લાણુ ન્યાતમાં આપી. પુતળી એક, સોનાની બાળી એક મિશ્રી (સાકર) સેર એક પ્રત્યેક ઘેર આપ્યા. જમણુ કર્યું. પછી શહરમાં સારા સારા માણુસોને સરપાવ આપ્યો. ગઢની અંદરના દેરાસરો અને લોદ્રવા ઉપાશ્રયે મોટો ચઢાવો કર્યો. તે જ રીતે ઉદયપુર કોટ લેવાદેવા કરી. સંઘમેં દહેરાસરનો રથ હતો. તેના ૫૧૦૦ લાગ્યા. ત્રિગડાં સોનારૂપાના બે તેના ૧૦ હજાર લાગ્યા. મંદિરનાં સોનારૂપાનાં ૧૫,૦૦૦ રૂ. લાગ્યા. અન્ય પરચુરણુ સામાનના રૂ. ૧ લાખ લાગ્યા.

હવે સંઘમાં જે બંદોબસ્ત હતો તેની વિગત : તોપ ૪, પલટનના માણુસો ૪૦૦૦, ઘોડેસવાર ૧,૫૦૦, નગારાનિશાન સાથે. ઉદયપુર રાણાજીના ઘોડેસવાર ૫૦૦ નગારાનિશાન સાથે. કોટાના મહારાવજીના નગારાનિશાન સાથે ૧૦" સવાર. જોધપુરના રાજાજીના નગારાનિશાન સાથે ૫૦ સવાર. જૈસલમેરના રાવળજીના પાયદલ ૧૦૦, ટોંકના નવાબના ૨૦૦ સવાર, ૪૦૦ પરચૂરણુ સવાર, ૨૦૦ ઘરના અને અંગ્રેજી નોબતો ચપરાસી તિલંગા સોનેરીરૂપેરી ગોટેવાલા જાયગાર પરવાના બોલાવા તથા પાલખી ૭, હાથી ૪, મ્યાના ૫૧, રથ ૧૦૦, ગાડિયેં ૪૦૦, ઊંટ ૧,૫૦૦—એટલાં સંઘવીનાં ઘરના. સંઘના ઊંટ ગાડા ૫૦ જુદા. સર્વ ખર્ચના રૂ. ૨૩ લાખ લાગ્યા.

ઇતિ સંઘની સંક્ષિપ્ત પ્રશસ્તિ.

અન્યત્ર જે ધર્મનાં કામો કર્યાં તે સંક્ષેપમાં લખીએ છીએ :

શ્રી ધુલેવાજીના બારણે નોબત ખાને કરાવ્યો. ઘરેણું ચઢાવ્યાં લાખ લાગ્યા. મક્ષીજીના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. ઉદયપુરમાં

મન્દિર, દાદાસાહેબની છત્રી, ધર્મશાલા કરાવી. કોટામાં મંદિર, ધર્મશાળા, દાદાસાહેબની છતરી કરાવી. જૈસલમેરમાં અમરસાગરમાં બાગ કરાવ્યો, તેમાં મંદિર કરાવ્યું, જયવંતાનો ઉપાશ્રય કરાવ્યો. લોદ્રવામાં ધર્મશાળા કરાવી. જૈસલમેર શહરમાં ગઢમાં મંદિર માટે જમીન લીધી. બિકાનેરમાં દાદાસાહેબની છતરી કરવાઈ ઇત્યાદિ ઘણે ઠેકાણે ધર્મસ્થાનો કરાવ્યાં. શ્રી પૂજ્યજીના ચો–માસા ઘણે ઠેકાણે કરાવ્યા. પુસ્તકોના ભંડાર કરાવ્યા. ભગવતીજી વગેરે સાંભળી દર પ્રશ્ને ૨ મોતી મૂકયા. કોટામાં બે લાખ રૂપિયા આપી જે લખનું છોડાવ્યું. બીજ, પાંચમ, આઠમ, ગ્યારસ, ચઉદસનાં ઉજમણાં કર્યાં. ઇત્યાદિ ધર્મનાં કાર્યો કર્યાં છે અને કરીએ છીએ.

ઇત્યલમ્

## સવૈયા

શોભનિક જે સાણમેં બાફના ગુમાનચંદ તાકેસુત
પાંચ પાંડવ સમાન હૈ ।

સંપદા મેં અચલ બુદ્ધિ મેં પ્રબળ રાવરાણાહી
માને જાકી કાન હૈ ॥

દેવગુરુ ધર્મરાગી પુન્યવંત બડભાગી જગત સહુ
બાતમાને પ્રમાન હૈ ।

દેશહુ વિદેશમાંહિ કીરતિ પ્રકાશ કિયો સેઠ સહુ
હેઠ કવિ કર્ત બખાન હૈ ॥

## દોહા

અઢારસે છન્નુવેં જેઠ માસ સુદિ હોય ।
લેખ લિખ્યો અતિ ચુંપસું ભવિ પણુ ખાંચે જોયા ॥ ૧ ॥

સકલ સૂરિ શિર મુકુટમણિ શ્રી જિનમહેન્દ્રસૂરીન્દ્ર ।
ચરણુકમળ તિનકે સદા સેવે ભવિ પણુ વૃન્દ ॥ ૨ ॥

કી નો અગ્રેહ થકી જૈસલમેરુ ચોમાસા ।
સંઘ સહુ ભક્તિ કરે ચઢતે ચિત્ત ઉલ્લાસા ॥ ૩ ॥

તાકી આજ્ઞા પાય કરિ ધરિ દિલમેં આનંદ ।
જયુંથી ત્યું રચના રચી મુનિ કેસરીચંદ ॥ ૪ ॥

ભુલો જો પરમાંદમેં અક્ષર ધસ્કી બાધ ।
લિખત ખોટ આઈ હુવે સો ખત્રીયોં અપરાધ ॥ ૫ ॥

ઇતિ પ્રશસ્તિ સમ્પૂર્ણમ્

આ સંઘ કાઢનારના વંશજો આમે પણ મોજૂદ છે અને માલવાના રતલામ વગેરે શહેરોમાં તેમની મોટી મોટી દુકાનો ચાલે છે. આ સંઘ જેવો મોટો સંઘ, આ પછી જૈન સમાજમાં કોઈ નીકળેલ જાણ્યો નથી અને હવે કદાચ કોઈ કાઢે એવી આશા પણુ ઓછી છે.

## અત્રે આવનાર દર્શકોના

# અભિપ્રાયો

(1)

Another wonder of the world.

Jerusalem, Israel — Dr. A. Y. Goor

(खाद्य एवं कृषि विशेषज्ञ) (संयुक्त राष्ट्रसंघ)

(2)

In the beautiful, Jaisalmer, there is a special jewel, the Jain Temples with the most extraordinary and valuable library. I am very thankful to have been able to see all these beauties.

P. Baner

(from Switzerland)

(३)

जैसलमेर के जैन मन्दिर को देखने का आज सौभाग्य मिला। बडी प्राचीन तथा सुंदर मूर्तियाँ हैं और मन्दिर भी सुंदर है। इस मंदिरकी विशेषता प्राचीन ग्रन्थों का इसका संग्रहालय है। हालमें ही जैन विद्वानों तथा मुनियों के प्रयत्न से संग्रहालय के ग्रन्थों की सूची आदि तैयार की गई है। मैं आशा करता हूँ कि राजस्थान सरकार तथा भारत सरकार का ध्यान इस मन्दिर तथा इसके ज्ञानभण्डार की तरफ विशेष रूप से जायगा–यों तो सारे जैसलमेर की तरफ विशेष ध्यान देने की आवश्यकता है।

३१–१०–५५ — द. जयप्रकाश नारायण

(४)

प्राचीन जैन मन्दिर की शिल्पकला और यहाँ सुरक्षित-हस्तलिखित ग्रन्थों का कोष देखकर भारतीय संस्कृति का गौरवपूर्ण युग स्मरण हो आता है।

आशा है ग्रन्थागार की सभी पुस्तके शीघ्र ही जैन साधारण के उपयोग के हेतु प्रकाशित हो सकेंगी।

मुझे जैसलमेर के ऐतिहासिक नगर में इस उच्चतम कला, सौन्दर्य और ज्ञान के भण्डार को देखकर अत्यन्त हर्ष हुआ।

३१-१-५६ द. सतीशचन्द
उपमन्त्री, भारत सरकार

(5)

(Translation of Dutch in English)

I am very glad having had the opportunity of visiting the fort and its temples which were both very beautiful.

11-2-56 J. Gshvis
Food and Agricultural Organisation
of the United Nations.

(6).

(English Translation of the Russian Text)

We are very glad to have the privilege of getting acquainted with the architecture and monuments of India. Their fine sculptures impress by their perfectness. We shall always remember his Jain Temple. 17-5-57

(1) Subhotina (2) Tatarsky (3) Zubimova. (4) Vassilenko (5) Mehedlishoily (6) Osizev.

(7)

We are most thankful for the rare opportunity of seeing the edifices of the Jain culture and temple.

17-2-58 T.C.M. Experts (U.S.A.)

(8)

It was a great pleasure to visit the temples in the Jaisalmer fort famous for their exquisite and fine stone carvings of great antiquity. The library has some unique manuscripts and rare lacquer work and other paintings of pre-Moghul era, which are well preserved and should be of great interest to the research scholar.

I hope detailed and illustrated catalogues of these works will be prepared and published so that these valuable art treasures that depict the glory of our past may be more widely known and appreciated.

Gurmukh Nihal Singh
Governor, Rajasthan.

(9)

Very grateful for having been shown one of the historical treasures of India, The Library of Jains.

Sd....

12-2-61 Minister Counsellor
German Embassy, New Delhi

(10)

It is a privilege to see this great library and to reflect on its age and its importance for learning.

Sd....

5-2-1965 Professor, University of Chicago
Academy of Science (U.S.A.)

(11)

A most interesting visit. It was especially good to see the care being taken of the great amount of historical documents in order that they should be preserved for the future.

15-9-67 Thomas H. Day
F.A.O. of U.N.O.

(૧૨)

આજે મારા પુણ્યયોગે શ્રી જૈસલમેર તીર્થનાં ગગનચુંબી કલાપૂર્ણ મંદિરોનાં દર્શન કરવાનું અહોભાગ્ય સાંપડ્યું; દર્શન કરી મન હર્ષાન્વિત થયું. વળી કલાપૂર્ણ આગમ ગ્રંથો તેમજ યુગપ્રધાન આચાર્ય દેવ શ્રી જિનદત્તસૂરિજીના અગ્નિસંસ્કાર પ્રસંગે સુરક્ષિત રહેલ ચોલપટ્ટો, મુહપત્તિ આદિ પ્રાચીન વસ્તુઓનાં પણ અલભ્ય દર્શન થયાં આવી કલાપૂર્ણ કૃતિઓને સુરક્ષિત રાખી ખરેખર ભાવિ પ્રજા ઉપર ઉપકાર કર્યો છે.

૧૨-૧૨-૬૮ જેસીંગલાલ નાગરદાસ શાહ,
મેતા